વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૧મું
ઓગસ્ટ : ૨૦૨૬
અંક : ૫૭૯

મંગલ મંદિર ● ઓગસ્ટ-૨૦૨૬ ● ૧
(કુલ પાના : ૫૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

દર્દ બધાના એક સરખા હોય છે
પરંતુ મનની મજબૂતાઈ દરેકની
અલગ અલગ હોય છે.
કોઈ હતાશ થઈને હારી જાય છે
તો કોઈ સંઘર્ષ કરીને તરી જાય છે.

તફાવત તો માત્ર વિચારોનો હોય છે
નહીં તો સમસ્યાઓ તો
કમજોર કરવા નહીં
પરંતુ મજબૂત કરવા માટે આવે છે.

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

280 બેડ. અદ્યતન ટેક્નોલોજી.
નિષ્ણાત સારવાર.



NABH
NABL

EPIC MULTISPECIALTY HOSPITAL
(A Unit of Vatsalya Healthcare LLP)
Ahmedabad

**Get Treated Well...**





## એપિક ન્યુરોલોજી અને ન્યુરો ઈન્ટરવેન્શન

### દરેક ક્ષણ, મગજનો દરેક સંકેત અને દરેક હલનચલન મહત્વનું છે

- માથાનો દુખાવો, માઈગ્રેન અને ચહેરાના દુખાવાની સારવાર
- અચાનક આંખોની દ્રષ્ટિ ઓછી થવી
- સ્ટ્રોક (લકવો)
- આંચકી અથવા એપીલેપ્સી
- પાર્કિન્સન
- અલ્ઝાઈમર (ભૂલવાની બીમારી)
- નસો, સ્નાયુઓ અને ચેતાતંત્ર સંબંધિત રોગોની સારવાર
- ચાલવામાં અસંતુલન અને ચક્કર આવવાની સમસ્યાઓ
- મલ્ટિપલ સ્ક્લેરોસિસ તથા અન્ય ઓટોઇમ્યુન સંબંધિત ન્યુરોલોજીકલ રોગોની સારવાર
- એક્યુટ સ્ટ્રોક માટે ઈમરજન્સી લોહીના ગઠ્ઠાને દૂર કરવાની અદ્યતન સારવાર
- બ્રેઈન એન્યુરિઝમ અને વેસ્ક્યુલર માલફોર્મેશન
- મગજ અને કરોડરજ્જુ માટે નાની ચીરાથી અદ્યતન સારવાર



**ડૉ.કલ્પના જૈન**
M.D. (એનેસ્થેસિયા)
કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ અને ઈન્ટેન્સિવિસ્ટ
ડિરેક્ટર, એપિક મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
મૂળ સ્થળ: માંડવી, કચ્છ.



**ડૉ. અનિલ જૈન**
M.S., D.N.B. (કાર્ડિયોથોરેસિક સર્જરી)
વિભાગ પ્રમુખ, કાર્ડિયોવેસ્ક્યુલર અને થોરેસિક વિભાગ, એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ
સ્થાપક નિયામક,
એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ

**એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ,**
રાજપથ રંગોલી રોડ, એસ. જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ

**નિષ્ણાત ડોક્ટર સાથે પરામર્શ કરો**
079 6815 5000 | +91 72270 74440

www.epichospital.com

epichospitals | company/epic-hospital-ahmedabad | epichospital | epichospital | epichospital | epichospital




# ડેન્ટોલ આઈકોન

**મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક એન્ડ ઈમ્પ્લાન્ટ સેન્ટર**

**ડૉ. સૂચી હિતેન્દ્ર શાહ** (B.D.S., M.D.S.)

**ડૉ. હિતેન્દ્ર એમ. શાહ** (B.D.S., M.D.S.)

**ક્લિનિક ૧**

ઝલક કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ભટ્ટા ચાર રસ્તા,
અંજલી ચાર રસ્તા પાસે, વાસણા, અમદાવાદ.
મો. ૬૩૫૨૩ ૧૫૪૭૮

**ક્લિનિક ૨**

૩, પાયલ પાર્ક સોસાયટી, ઈસ્કોન પ્લાઝાની સામે,
સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ,અમદાવાદ.
મો. ૯૫૧૨૩ ૪૦૩૦૩, ૯૫૧૨૩ ૪૦૩૦૫

# Sahjanand

**Fracture & Orthopaedic Hospital**

# સહજાનંદ ઓર્થોપેડિક હોસ્પિટલ

**ડૉ. રાજેશ વી. પરીખ (M.S. Ortho)**

**સ્પાઈન અને સાંધાના રોગોનું નિદાન અને સારવાર**

૩૦૧, સહજાનંદ પેલેસ, ગોપી રેસ્ટોરન્ટની ઉપર, રાહુલ ટાવરની સામે,
૧૦૦ ફૂટ આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૬૯૩૦૮૦૯ ● મો. ૯૮૨૫૩ ૫૪૧૮૩

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **દિનેશ મહેતા – સહતંત્રી**
  **મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરુવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **રોહિત સંઘવી – સભ્ય**
  **મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮**
- **રજનીકાંત પારેખ – સભ્ય**
  **મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧**

**કવર પેઇજ ડિઝાઇન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

- તંત્રી લેખ :
  ભારતની આઝાદીના ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિનના સમયે
  કેટલીક વિગતોનું વિહંગાવલોકન કરીએ ........ **અશોક મહેતા** ....... ૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે ........ ૧૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  તા. ૨૫-૬-૨૦૨૬ના રોજ રી-ડેવલપમેન્ટ માટેની મળેલ મીટિંગની મિનિટ્સ ........ ૧૭
- મેરેજ બ્યુરો સમિતિ : લગ્ન - બાયોડેટા શેરિંગ માટે વોટ્સએપ ગ્રુપ ........ ૧૭
- અગત્યની સૂચના : 'મંગલ મંદિર'ના અંક અંગે ........ ૧૮
- શૈક્ષણિક લોન (સહાય) અરજી : અગત્યની સૂચના ........ ૧૮
- શૈક્ષણિક લોન (સહાય) અરજી માટે ભરવાનું ફોર્મ ........ ૧૯
- શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત
  શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત "સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર" ........ ૨૧
- 'સક્ષમ' કાર્યક્રમ ટીમ પર આવેલ એક ધ્યાનાકર્ષક પત્ર ........ ૨૧
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર – ગીતા મંદિર
  પરિવર્તનની પ્રેરણાદાયી કહાની : બીનલ મકવાણા ........ **હિરેન શાહ** ..... ૨૨
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧૯
  ડૉ. મિત પટેલ, **CMS (OPTHO.)** ........ **ડૉ. રીધ્ધિ જોષી** ..... ૨૩
- સાહિત્યકાર જીના વિરેન શેઠનો પરિચય ........ ૨૫
- સરનામા ફેરફાર, અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ........ ૨૭
- મંગલ મંદિરના પ્રાપ્ત થયેલ લવાજમ ........ ૨૭
- ઉડતી નજરે ........ ૨૮
- અતીતના ઓવારેથી : મણકો-૩૫ ........ ૩૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૩૨
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૩૪
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૪૦ ........ **સંયોજક : રજનીકાંત પારેખ** ..... ૩૫
- ***Nano Nine*** શબ્દ રમત-૨૩૩ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૭
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૯૧) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૯
- પ્રતિભાવ ........ ૪૫
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૪૭

**આ અંકમાં સમાવિષ્ટ કરવામાં આવેલ કાવ્યો :**

- હું પણ સ્ત્રી છું ........ **ચિંતન ઠક્કર** ...... ૨૬
- ડાતાર ........ **શાંતિલાલ રામજી લાલકા** ...... ૩૩
- માણસોના હજારો રંગ બદલાતા પણ મેં જોયા છે ........ **પ્રભુલાલ એમ. સંઘવી** ...... ૫૨

*With Best Compliments From*

APAXON
HEALTHCARE

B-3, Sunrise Shopping Center, B/s. Sales India,
Nr. Asia School, Drive-in Road,
Ahmedabad-380 052.

**Mobile : 84698 35054**

# ભારતની આઝાદીના ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિનના સમયે કેટલીક વિગતોનું વિહંગાવલોકન કરીએ...

અશોક મહેતા

ભારત એ વિશાળ દેશ છે. દુનિયાના કોઈ પણ દેશ કરતાં તેની વસ્તી વધુ છે. દેશની ૧૪૦ કરોડની જનતાને સાથે રાખી દેશની તથા તેની જનતાની પ્રગતિ વર્ષોવર્ષ વધારતા જવી એ નાની વાત નથી. ભારત દેશ ૧૦૦ વર્ષ, ૫૦ વર્ષ કે ૧૦ વર્ષ અગાઉ જે હતો તેમાં તે ઉત્તરોત્તર પ્રગતિ સાધતો આવેલ છે અને આ દેશની જનતા પણ મહદ્ અંશે પ્રગતિના પંથે વિચરી રહી છે.

આપણે જ્યારે દરરોજ સવારમાં વર્તમાનપત્ર વાંચીએ છીએ ત્યારે તેમાં ભારત દેશની પ્રગતિના સમાચારની સાથે સાથે તેના કરતાં અનેકગણા વધુ નકારાત્મક (નેગેટીવ) સમાચારો પુષ્કળ પ્રમાણમાં આવે છે કે જેની અસર વર્તમાનપત્ર વાંચનાર પર માનસિક રીતે અવળી પડે છે અને વાચક દ્વિધામાં પડી જાય છે કે દેશ પ્રગતિ તરફ આગળ વધી રહેલ છે કે અધોગતિ તરફ ખેંચાય છે.

ભારતની કેન્દ્ર સરકાર અથવા દરેક રાજ્યની સરકાર હંમેશાં પોતાના પ્રદેશને ઉર્ધ્વ ગતિ તરફ લઈ જવા પ્રયત્નશીલ રહેતી જ હોય છે. પરિણામ સ્વરૂપે પોતાના પ્રદેશનો વિવિધ પ્રકારના વિકાસની સાથે સાથે મુખ્યત્વે આર્થિક વિકાસ થાય અને પોતાના પ્રદેશની જનતા આર્થિક રીતે સધ્ધર બનતી જાય તેવા પ્રયત્નો મુખ્યત્વે રહેવા પામે છે.

ભારતની આઝાદીના ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિનના સમયે 'મંગલ મંદિર'ની આજની કોલમમાં લગભગ છેલ્લા દોઢથી બે મહિનાના (જૂન/જુલાઈ ૨૦૨૬) કેટલાક સમાચારોની યાદી અત્રે રજૂ કરવામાં આવેલ છે કે જેના વડે ખ્યાલ આવશે કે આ દેશની ધૂરા જે લોકો સંભાળી રહેલ છે તેઓ ભારતના આર્થિક અને અન્ય રીતના વિકાસ માટે કેટલા બધા પ્રયત્નશીલ રહેવા પામે છે. આ હકારાત્મક વિગતોનું વિહંગાવલોકન કરીએ.

તાજેતરના વર્તમાનપત્રોમાં આંતરરાષ્ટ્રીય લેવલે થતા પ્રયાસોની કેટલીક પ્રસારિત કરવામાં આવેલી વિગતો.

**મંગળવાર, તા. ૨-૬-૨૦૨૬**

ભારત - ઓમાન વેપાર કરાર અમલમાં મૂકાયા.

કારોબાર ૧૩ અબજ ડોલરે પહોંચશે.

ઓમાનમાં લગભગ સાત લાખ ભારતીયો વસે છે અને દર વર્ષે તેઓ બે અબજ ડોલરનું રેમિટન્સ ભારતમાં મોકલે છે.

**ગુરૂવાર, તા. ૪-૬-૨૦૨૬**

૧૧૪ રફાલ સાથે ભારત અને ફ્રાન્સ વચ્ચે સૌથી મોટો સંરક્ષણ સોદો થયો.

ફાઈટર જેટના મોટા ભાગના હિસ્સાનું ઉત્પાદન ભારતમાં થશે.

સ્વદેશી શસ્ત્રો સામેલ કરવા પર જોર અપાશે.

વધુ વ્યુહાત્મક સહયોગ માટે ભારતના એર-ચીફ હાલે ફ્રાન્સમાં વાટાઘાટો કરી રહ્યા છે.

**શુક્રવાર, તા. ૧૨-૬-૨૦૨૬**

પીએમ મોદી શનિવારથી ફ્રાન્સ તથા સ્લોવેકિયાના એક સપ્તાહના પ્રવાસે જશે.

ફ્રાન્સમાં મોદી - મેંક્રો વચ્ચે સંરક્ષણ તથા ન્યુક્લિયર એનર્જી અંગે મંત્રણા થશે.

મોદી ફ્રાન્સમાં જી-૭ દેશોની સમિટમાં આઉટરીચ સેશનમાં ભાગ લેશે અને કેટલાક રાષ્ટ્રોના વડા સાથે દ્વિપક્ષીય મંત્રણા પણ કરશે.

*રવિવાર, તા. ૧૪-૬-૨૦૨૬*

*પીએમ મોદી સાતી વખત ફ્રાન્સની મુલાકાતે.*

*જી-૭ દેશોના અન્ય પ્રતિનિધિઓ સાથે પણ મોદીની મુલાકાત થશે.*

*તેઓ સ્લોવેકિયા પણ જશે.*

*સોમવાર, તા. ૧૫-૬-૨૦૨૬*

*ફ્રાન્સમાં મોદી-મેક્રોનની મુલાકાત યોજાઈ. તેમણે બિઝનેસ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મેડિકલ ટેક જેવા અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી. ભારત અને ફ્રાન્સ વચ્ચે દ્વિપક્ષીય વેપાર બમણો કરી ૩૨ અબજ ડોલરે પહોંચાડવાનું નક્કી કર્યું.*

*મોદી - મેક્રોન વચ્ચે હાઈસ્પીડ રેલ, ક્લાસિફાઈડ ડેટાની સુરક્ષા, એ.આઈ. વેપાર, ઈન્ફ્રા સહિતના ૧૩ ક્ષેત્રે દ્વિપક્ષીય કરાર કરવામાં આવ્યા.*

*મંગળવાર, તા. ૧૬-૬-૨૦૨૬*

*ભારત - સ્લોવેકિયા વચ્ચે ડિજિટલ ટેકનોલોજી, ડિફેન્સ સહિત ૧૧ વિષયે દ્વિપક્ષી કરાર કરવામાં આવ્યા. ઓટોમોબાઈલ્સ, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, ગ્રીન એનર્જી વગેરે ક્ષેત્રે સહયોગમાં વધારો કરાશે.*

*ગુરૂવાર, તા. ૧૮-૬-૨૦૨૬*

*ભારત - ઈયુ વર્ષના અંત સુધીમાં એફ.ટી.એ. પર સહી કરશે. બંને વચ્ચે કુલ ૧૩૬ અબજ ડોલરનો કારોબાર રહેવા પામેલ છે.*

*ભારત ઈયુ માં ૭૬ અબજ ડોલરની નિકાસ અને ૬૦ અબજ ડોલરની આયાત કરે છે.*

*ભારત અને યુરોપીયન યુનિયન આ વર્ષના અંત સુધીમાં અત્યંત મહત્ત્વાકાંક્ષી મુક્ત વેપાર કરાર (એફ.ટી.એ.) પર સહી કરશે.*

*ઈયુના ટોપના નેતા ઉર્સુલા વાન ડેર લીયેને વડાપ્રધાન મોદી સાથે મંત્રણા કર્યા પછી જણાવ્યું હતું કે બંને વચ્ચેની મંત્રણા બે મોટી આર્થિક શક્તિઓ વચ્ચેનું જોડાણ જાળવવા પર હતી.*

*શુક્રવાર, તા. ૨૬-૬-૨૦૨૬*

(A) *એમેઝોન ભારતમાં આગામી ૫ વર્ષમાં ૪૮ અબજ ડોલર રોકશે.*

*એમેઝોન છ મહિના પહેલા ૩૫ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી ચૂક્યું હતું. હવે તેણે એ.આઈ. અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિતરણ માટે બીજા ૧૩ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી છે. એમેઝોનના આ રોકાણના કારણે આગામી પાંચ વર્ષમાં ૩૮ લાખ નોકરીઓનું સર્જન થશે. તેના કારણે ૮૦ અબજ ડોલરની ઈ-કોમર્સ નિકાસ થશે અને ૧.૫ કરોડ જેટલા નાના કારોબારીને સમર્થન મળશે તથા સરકારી શાળાના ૪૦ લાખ વિદ્યાર્થીઓ સુધી એ.આઈ.નો લાભ પહોંચશે.*

(B) *ભારતમાં અન્ય વિદેશી કંપનીઓના જંગી રોકાણો થશે.*

૧. *ભારતમાં ઓસ્ટ્રેલિયન કંપની એરટ્રન્ક ૨૦૩૦ સુધીમાં પાંચ ગીગાવોટનું ડેટા સેન્ટર સ્થાપવા ૩૦ અબજ ડોલરનું રોકાણ કરશે.*

૨. *ફ્રાન્સની બહુરાષ્ટ્રીય કંપની 'સેન્ટ ગોબીન' ભારતમાં એક અબજ યુરોથી પણ વધુ રકમનું રોકાણ કરશે.*

૩. જર્મન કંપની એબીબી ભારતમાં ૭.૫ કરોડ ડોલરનું રોકાણ કરશે.

૪. કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ ભારતમાં ૭૦૦૦ કરોડ ડોલરનું રોકાણ કરશે.

(C) આંધ્રમાં દેશની સૌપ્રથમ ખાનગી સોનાની ખાણનો આરંભ કરાયો.
ખાણમાં પહેલા વર્ષે ૪૦૦ કિલોગ્રામ સોનાનું ઉત્પાદન થશે.
દેશમાં સોનાની આયાત ૯૯ ટકા થાય છે ત્યારે નવી ખાણના લીધે વિદેશી હૂંડિયામણમાં નોંધપાત્ર બચત થશે.

**રવિવાર, તા. ૨૮-૬-૨૦૨૬ તથા સોમવાર, તા. ૨૯-૬-૨૦૨૬**

પીએમ મોદી સેશલ્સના ૫૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ બનેલ છે.
પીએમ મોદીએ સેશેલ્સને મેઈડ ઈન ઈન્ડિયા પેટ્રોલિંગ જહાજ ભેટમાં આપ્યું.
ભારતે સેશેલ્સને છ એમ્બ્યુલન્સ, ૧૦ યુટીલીટી વાહન અને ૫ લેઝર રેડિયલ નૌકાઓ પણ ભેટમાં આપ્યા.
આફ્રિકાના સૌથી નાના દેશ સેશલ્સ અને ભારત વચ્ચે ૧૯ કરારો થયા.

**શુક્રવાર, તા. ૩-૭-૨૦૨૬**

જાપાનના વડાપ્રધાન સના ઈકાઈચી અને પીએમ મોદી વચ્ચે દિલ્હીમાં બેઠક યોજાઈ.
ભારતને વિકસિત કરવા જાપાને હાથ મિલાવ્યા. વેપાર, સુરક્ષા સહિત અનેક કરારો થયા.
૧૦ વર્ષમાં જાપાન પાસેથી ૧૦ ટ્રીલિયન યેનનું રોકાણ ભારત લવાશે તથા એક હજાર બાયોગેસ ઓર્ગેનિક ફર્ટીલાઈઝર પ્લાન્ટ ભારતમાં સ્થપાશે. જાપાન-ઈન્ડિયા ઈકોનોમિક ફોરમમાં જાપાનની ૧૫૦ કંપનીઓ જોડાશે. તેઓ દ્વારા જંગી આર્થિક રોકાણની ભારતને આશા.

**રવિવાર, તા. ૫-૭-૨૦૨૬**

ભારત - ઈઝરાયેલ દ્વિપક્ષીય રોકાણ કરાર આજથી અમલી બનશે.
બંને દેશ વચ્ચે ગયા વર્ષે ૮મી સપ્ટેમ્બરના રોજ બી.આઈ.એ. કરાર કરવામાં આવ્યા હતા.
બંને દેશ વચ્ચે રોકાણને વેગ મળવાની સંભાવના.

**મંગળવાર, તા. ૭-૭-૨૦૨૬**

વડાપ્રધાન મોદી ત્રણ દેશના વિદેશ પ્રવાસે જતા પ્રથમ ઈન્ડોનેશિયા પહોંચ્યા.
ઈન્ડોનેશિયા પછી ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ જશે.

**બુધવાર, તા. ૮-૭-૨૦૨૬**

ભારત - ઈન્ડોનેશિયાએ બ્રહ્મોસ અને અસ્ત્ર મિસાઈલ સહિત ૧૪ કરાર કર્યા.
ભારતની યુ.પી.આઈ. અને ઈન્ડોનેશિયાની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનું જોડાણ કરાશે.
આઈ.આઈ.એમ. તથા આઈ.આઈ.ટી. ઈન્ડોનેશિયામાં પોતાના કેમ્પસ ખોલશે.
ભારત ક્રિટીકલ મિનરલ્સ અને સ્ટીલ સેક્ટરમાં પણ રોકાણ કરશે.

**શુક્રવાર, તા. ૧૦-૭-૨૦૨૬**

ભારતને યુરેનિયમ અને ક્રિટીકલ મિનરલ્સ આપવા ઓસ્ટ્રેલિયા તૈયાર.
ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૧૮ કરાર થયા.
ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાં ઓસ્ટ્રેલિયા ૫૦ કરોડ ડોલરનું રોકાણ કરશે.

***રવિવાર, તા. ૧૨-૭-૨૦૨૬***

*ભારત - ન્યુઝીલેન્ડનું ૨૦૩૦ સુધીમાં રૂા. ૩૫,૦૦૦ કરોડના વેપારનું લક્ષ્ય.*
*ન્યુઝીલેન્ડ ભારતમાં રૂા. ૨૦,૦૦૦ કરોડનું રોકાણ કરશે. બંને દેશ વચ્ચે ૧૦ કરાર થયા.*
*ન્યુઝીલેન્ડનો કૃષિ, ફૂડ પ્રોસેસીંગ, ડેરીનો સામાન વગેરે ભારતીય બજારમાં ઠલવાશે.*
*ભારતને ન્યુઝીલેન્ડમાં સારી તકો મળશે.*

## કોઈપણ ભારતીયને ગર્વ થાય તેવા અન્ય સમાચારો

***રવિવાર, તા. ૭-૬-૨૦૨૬***

(A) *યુ.એસ.માં સૌથી વધુ ૯૬ યુનિકોર્નના સ્થાપક ભારતીય.*
*એક અબજ ડોલરની વેલ્યુ ધરાવતી બે કે વધુ યુનિકોર્ન કંપનીના સ્થાપકોની યાદીમાં છ ભારતીયોનો સમાવેશ.*

(B) *ભારતની સંરક્ષણ નિકાસ વર્ષમાં ૬૨ ટકા વધીને રૂા. ૩૮,૪૨૪ કરોડ થઈ.*
*ભારતની બ્રહ્મોસ તથા આકાશ મિસાઈલોની માંગ વધી.*
*સંરક્ષણ ક્ષેત્રની નિકાસ વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં રૂા. ૫૦,૦૦૦ કરોડે લઈ જવાનું લક્ષ્ય.*
*આફ્રિકા તથા દક્ષિણ અમેરિકન દેશો સુધી સપ્લાય કરાય છે.*

(C) *પારૂલ યુનિ.ના એપ્લાઈડ સાયન્સના વિદ્યાર્થીઓની ૨૨૧ રીસર્ચ પેપર અને ૧૭ પેટન્ટ્સની સિદ્ધિ.*
*રીલાયન્સ, યુ.પી.એસ., ઈન્ટાસ, મેરીલાઈફમાં વિદ્યાર્થીઓને જોબ ઑફર કરાઈ.*
*યુનિ.ની સાયન્સ કોલેજને ગુજરાત સરકારે ૫-સ્ટાર રેટીંગ આપ્યું.*
*યુનિ. દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ૧૫૦થી વધુ પ્રોજેક્ટ્સ પ્રદર્શિત કરાયા.*

***સોમવાર, તા. ૮-૬-૨૦૨૬***

*ભારતીય મૂળના કૃષ્ણને અમેરિકાનો એ.આઈ. એક્શન પ્લાન ઘડ્યો.*
*મને વ્હાઈટ હાઉસમાં આગલી હરોળમાં રહીને નિર્ણયો લેવાની તક મળી. હવે એ.આઈ.ના પડકારો પર સ્વતંત્ર કામ કરીશ : કૃષ્ણન.*

***બુધવાર, તા. ૧૦-૬-૨૦૨૬***

*હોર્મુઝ સંકટ બાદ હવે નવી ચર્ચા.*
*ઓમાન - ગુજરાતને જોડતી ૨૦૦૦ કિ.મી.ની ગેસ પાઈપ લાઈન નંખાશે.*
*વિશ્વની સૌથી મોટી યોજનામાં આ ગેસ પાઈપ લાઈન પાછળ રૂા. ૪૦,૦૦૦ કરોડનો ખર્ચ થશે.*

***રવિવાર, તા. ૧૪-૬-૨૦૨૬***

*ખાનગી અંતરીક્ષ ક્ષેત્રમાં ભારતની મોટી છલાંગ.*
*વિક્રમ-૧ ની ઉડાન સાથે ભારત અંતરીક્ષમાં નવો ઈતિહાસ રચશે.*
*૩૫૦ કિ.ગ્રા.ના ઉપગ્રહ લઈ જવાની ક્ષમતા સાથેનું વિક્રમ-૧ સંપૂર્ણપણે સ્વદેશી ટેકનિકથી બનેલું છે.*
*હૈદ્રાબાદની સ્ટાર્ટઅપ કંપની સ્કાયરૂટ એરોસ્પેસનું ખાનગી રોકેટ વિક્રમ-૧ પોતાની પ્રથમ ઉડાન માટે ઝડપથી તૈયાર થઈ રહ્યું છે.*

**શનિવાર, તા. ૨૦-૬-૨૦૨૬**

ભારતના બીમલ પટેલ આંતરરાષ્ટ્રીય મરીન ટ્રીબ્યુનલના જજ બન્યા.
૨૦૨૬થી ૨૦૩૫ સુધી બીમલ પટેલ જજ તરીકે રહેશે.
આ ટ્રીબ્યુનલના કુલ ૧૬૮ દેશો સભ્ય છે.

**રવિવાર, તા. ૨૧-૬-૨૦૨૬**

પારૂલ યુનિવર્સિટીના એન્જિનિયરીંગના વિદ્યાર્થીને માઈક્રોસોફ્ટે રૂા. ૬૦ લાખનું પેકેજ ઑફર કર્યું.
બેંક ઓફ અમેરિકા, ડેલોઈટ, હેક્સાબોર, કોગ્નિઝન્ટમાંથી પણ વિદ્યાર્થીઓને ઑફર આવી.
ટી.સી.એસ.માં ૨૬૫, રીલાયન્સમાં ૧૦૮, કેપ જેમિનિમાં ૧૫૩ વિદ્યાર્થીઓને ખાસ પ્લેસમેન્ટ.

**સોમવાર, તા. ૨૯-૬-૨૦૨૬**

ભારતમાં એવિએશનના નવા યુગની શરૂઆત.
દેશી ગગનથી પ્રથમ સેટેલાઈટ આધારીત જેટ લેન્ડિંગ સફળ.

**ગુરૂવાર, તા. ૨-૭-૨૦૨૬**

અદાણી ગ્રીન એનર્જીએ ૨૦ ગીગાવોટ ઉર્જાનો લક્ષ પાર કર્યો.
આગામી ૫ વર્ષમાં ૫૦ ગીગાવોટનો લક્ષ્યાંક.
કચ્છના ખાવડામાં ૯.૫ ગીગાવોટ સૌર ઉર્જા ક્ષમતા.
બાવન અબજ યુનિટથી વધુ વીજળી ઉત્પન્ન કરી અદાણી ગ્રીન એનર્જીનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

**રવિવાર, તા. ૫-૭-૨૦૨૬**

સેમિ કન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ ફેસિલિટીનું વડાપ્રધાનના હસ્તે સાણંદમાં ઉદ્‌ઘાટન.
સેમિકન્ડક્ટર રીવોલ્યુશન એ વિકસિત ભારતનો રોડ મેપ છે.
રોજ ૧.૫ કરોડ ચીપ્સની ક્ષમતા. પાંચ વર્ષમાં ૫૦૦૦થી વધુને રોજગારી.
મોદીએ જણાવ્યું કે પહેલા વિદેશથી સ્માર્ટ ફોન મંગાવાતા હતા. ભારતમાં જ હવે મોબાઈલ ફોનનું ૩૩ ગણું પ્રોડક્શન થાય છે.

**શુક્રવાર, તા. ૧૦-૭-૨૦૨૬**

૧૫૮૫૦ મેગાવોટ પવન ઉર્જાના ઉત્પાદન સાથે ગુજરાત દેશમાં મોખરે.
સૌર ઉર્જામાં ૩૨૩૦૨ મેગાવોટ સાથે ગુજરાત દેશમાં બીજા ક્રમે.
૧૩.૪૫ લાખ રૂફ ટોપ સોલાર ઈન્સ્ટોલેશન કાર્યરત કે જેના દ્વારા ૭૪૦૮ મેગાવોટ વીજ ઉત્પન્ન કરાઈ રહ્યું છે.
કચ્છનો ખાવડા રીન્યુએબલ એનર્જી પાર્ક વિશ્વનો સૌથી મોટો ગ્રીન એનર્જી પ્રોજેક્ટ ગણાય છે.

**શનિવાર, તા. ૧૧-૭-૨૦૨૬**

(A) યુ.એસ. ફેડરલ રીઝર્વની કામગીરીની સમીક્ષા પેનલમાં આર.બી.આઈ.ના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનનો સમાવેશ કરાયો.
અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટી તથા માઈક્રોસોફ્ટના આશા શર્માનો પણ સમાવેશ કરાયો.

(B) ભારતના રૂફ ટોપ સોલર માટે વર્લ્ડ બેંકે ૮૯ કરોડ ડોલર મંજૂર કર્યા.
દેશમાં સોલર રૂફ ટોપ માટે વર્લ્ડ બેંક અત્યાર સુધીમાં બે અબજ ડોલર આપી ચૂકી છે.

**મંગળવાર, તા. ૧૪-૭-૨૦૨૬**

(A) ભારતીય વંશના નાસા એસ્ટ્રોનોટ અનિલ મેનન આજે આઠ માસ માટે અંતરીક્ષમાં જશે.
રશિયાના બે અંતરીક્ષ યાત્રી પણ આઈ.એસ.એસ.માં જશે.
ભારતીય પિતા અને યુકેની માતાના પુત્ર અનિલ મેનને મેડિસીન, મિલિટરી અને સ્પેસ એક્સ્પ્લોરેશન સાથે કારકિર્દીનું ઘડતર કર્યું છે.

(B) IRCTCની નવી વેબસાઈટમાં હવે મિનિટમાં દોઢ લાખ ટિકિટ બુક થશે.
રેલવે ૧૫ જુલાઈથી બીટા વર્ઝન શરૂ કરવાની તૈયારીમાં.
તત્કાલ બુકિંગ વધુ ઝડપી બનશે.

**બુધવાર, તા. ૧૫-૭-૨૦૨૬**

અમેરિકા પાસેથી ભારતના નિકાસકારોને ટેરીફના રીફંડ પેટે એક અબજ ડોલર મળ્યા.
સૌથી વધુ ટેરીફ મેળવવામાં ટેક્ષટાઈલ તથા જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રનો સમાવેશ.

**ગુરૂવાર, તા. ૧૬-૭-૨૦૨૬**

પીએમ મોદીની આગેવાનીમાં યોજાયેલી બેઠકમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાયા.
મોબાઈલ તથા સેમિ કન્ડક્ટર ઉત્પાદન વધારાશે. સેમિકોન મિશન માટે રૂા. ૧.૨૬ લાખ કરોડ ફાળવાયા.
નવા યુરિયા પ્લાન્ટ સ્થપાશે. ઘરેલુ ઉત્પાદન વધશે. બે રેલવે લાઈન પ્રોજેક્ટને મંજૂરી. કનેક્ટીવિટી વધશે.

★

ઉપરોક્ત બંને પ્રકારના સમાચારો અવારનવાર વર્તમાનપત્રોમાં આવતા રહે છે કે જે જાણી આપણને ખાત્રી થશે કે ભારતના અમુક લોકો હંમેશાં પોતાની અને ભારત દેશની પ્રગતિમાં રચ્યા રહે છે અને દુનિયાના આગળ પડતા દેશોની સાથે તાલ મિલાવતા રહે છે. ઉપરોક્ત હકીકતો પરથી આપણે જરૂરથી એ નિષ્કર્ષ પર આવી શકીએ કે ભારત દેશની આવતીકાલ સારી એવી ઉજળી બની રહેશે. ■

લોકો કહે છે ખાલી હાથે આવ્યા અને ખાલી હાથે જવાના!
પરંતુ એવુ નથી.... ભાગ્ય લઈને આવ્યા છીએ અને કર્મો લઈને જવાના છીએ.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે**

- ખાતાનું નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  **[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]**
- બેંક : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
  **[Canara Bank, Paldi Branch - Ahmedabad]**
- એકાઉન્ટ નંબર : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]**
- IFSC કોડ : **CNRB0017007**

# Sanghavi Finserv

**Your Trusted Partner for Complete Financial Solutions**

*We offer a wide range of Investment and Financial Services to help you grow and secure your wealth*

## Investment & Financial Services

- Mutual Funds
- AIF (Alternate Investment Funds)
- Corporate Fixed Deposits (FD)
- NCD (Non-Convertible Debentures)
- Equity Broking Services
- SIF (Specialised Investment Funds)
- NPS (National Pension Scheme)

- LIC Agent
- Life Insurance from Leading Private Companies (All types of Life Insurance solutions available)

**AMFI Registered Mutual Fund Distributor**

**IRDAI Certified**

**PLAN YOUR INVESTMENTS SMARTLY, SECURE YOUR FUTURE CONFIDENTLY.**

**Bharat Prabhulal Sanghavi** (Rapar)
+91 96199 12184
Office: 90827 07478

Expert Guidance | Trusted Service | Long-term wealth creation

**Disclaimer** - Sanghavi Finserv is distributor of financial products and a Mutual Fund Distributor. ARN: 337985 | EUIN: E642525. Mutual Fund investments are subject to market risks. Insurance products are subject to policy terms & conditions. Other market-linked investments carry risk. No guaranteed returns.

સર્વેને શુભ અને કુશળ સ્વાસ્થ્ય માટે શુભ કામના





# Vardhman Pharmacy

Saibaba Mandir, Opp. Kalasagar Mall,

Sattadhar Cross, Ahmedabad.

M. : 92270 90208

*15% Discount on All Medicines*

**FREE HOME DELIVERY**

# ભારતભરમાં ટ્રાન્સપોર્ટ, એક્સપ્રેસ, વેરહાઉસિંગ, 3પીએલ અને ઈકોમર્સક્ષેત્રે નિપુણતા સાથે સાત દાયકાની ગૌરવવંતી સફર




**V-Trans** - Modern fleet of Surface Transport offering PTL, FTL & ODC services across India.

**V-Xpress** - Multimodal Express Cargo & e-Comm services with door-to-door deliveries.

**V-Logis** - Comprehensive Warehousing and 3PL solutions with state-of-the-art infrastructure.

## અમારી ખાસીયતો

- **૧૫૦૦+** થી વધુ શાખા અને **૬૦+** થી વધુ હબ સેન્ટર
- વેરહાઉસિંગ માટે **૩.૨** મિલિયન+ થી વધુ ચોરસ ફૂટ જગ્યા
- **૨૫૦૦+** થી વધુ જીપીએસયુક્ત વાહનો
- **૨.૪** મિલિયન+ ટન અને **૯૦** મિલિયન+ આર્ટિકલ્સ
- **૪૦૦૦**થી વધુ જોમવંતા વ્યવસાયિકો
- **એક લાખ**થી વધુ ગ્રાહકો

**અમે દેશભરના વેપારીઓ, વિતરકો અને ઉદ્યોગપતિઓ માટે શ્રેષ્ઠ અને વિશ્વસનીય સર્વિસ પૂરી પાડીએ છીએ. પાર્ટ-લોડ સર્વિસીસમાં નિર્વિવાદ અગ્રણી હોવા સાથે વિવિધ સેગમેન્ટ્સના કલાયન્ટ્સને શ્રેષ્ઠ-કક્ષાના લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરાં પાડીએ છીએ.**

Scan QR code
for details

Great Place To Work. Certified FEB 2025 - FEB 2026 INDIA

V-TRANS®
Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

7227 056 089 marketing@vtransgroup.com www.vtransgroup.com


100% PURE
BILONA METHOD
PURE • NATURAL
A2
MADE FROM NATURAL A2 COW MILK
Desi Gir Cow Milk Used
Gir Cow GHEE
SHUDHATA KA WAADA, SEHAT KA SAATH
HAND CHURNED BILONA METHOD FOR MAXIMUM NUTRITION & PURITY
100% PURE A2 COW GHEE
NO ADDITIVES
NO PRESERVATIVES
CHEMICAL FREE
100% PURE BILONA METHOD NATURAL A2 COW MILK SE BANA
BENEFITS OF A2 GIR COW GHEE
Boosts Immunity
Strengthens immune system & helps fight illnesses.
Improves Digestion
Enhances digestion & helps maintain gut health.
Good for Heart Health
Helps in maintaining healthy heart & cholesterol levels.
Enhances Memory
Improves brain function & memory power.
Supports Joint Health
Lubricates joints & helps in reducing inflammation.
Rich in Vitamins
Rich in Vitamins A, D, E, K & Omega 3 Fatty Acids.
100% PURE NATURAL
A2
Gir Cow GHEE
SHUDHATA KA WAADA, SEHAT KA SAATH
Net Wt. 1kg
NUTRITIONAL VALUE (PER 100g)
Energy 897 kcal
Total Fat 99.7 g
Saturated Fat 62.0 g
Monounsaturated Fat 28.0 g
Polyunsaturated Fat 3.0 g
Trans Fat 0.0 g
Cholesterol 180 mg
Vitamin A 700 mcg
Vitamin D 55 mcg
Vitamin E 2.5 mg
Vitamin K 4.0 mcg
Omega 3 Fatty Acids 0.6 g
NATURALLY OCCURRING NUTRIENTS
MANUFACTURED, PACKED & MARKETED BY:
NUTSSHELL
Your One-Stop Nut Shop
LIFE CARE SOLUTIONS
Shop No 3, Nirma Building,
Near Kailashnath Society,
Bhairavnath Road,
Maninagar, Ahmedabad
380008, Gujarat
fssai
Lic. No. 10726026000671
CUSTOMER CARE:
7043330890
PURE & NATURAL
DESI GIR COW MILK
NO CHEMICALS NO ADDITIVES
BILONA METHOD
BEST BEFORE 12 MONTHS FROM PKD.
STORE IN A COOL, DRY PLACE. AWAY FROM DIRECT SUNLIGHT.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તા. ૨૫-૦૬-૨૦૨૬ના રોજ રી-ડેવલપમેન્ટ માટેની મળેલ મીટિંગની મિનિટ્સ

ગુરૂવાર, તા. ૨૫-૦૬-૨૦૨૬ના રોજ સાંજે ૫.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મીટિંગ હોલમાં રી-ડેવલપમેન્ટ માટેની મીટિંગ મળેલ હતી. જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી હિરેન કે. શાહ | – | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ |
| ૨. | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | – | ટ્રસ્ટીશ્રી |
| ૩. | શ્રી શાંતિલાલ મુળજી સાવલા | – | ટ્રસ્ટીશ્રી |
| ૪. | શ્રી આશિષ ધીરૂભાઈ શાહ | – | ટ્રસ્ટીશ્રી |
| ૫. | શ્રી ભરત પ્રભુલાલ સંઘવી | – | કો-ઓપ્ટ ટ્રસ્ટી |
| ૬. | શ્રી હેમેન્દ્ર ભોગીલાલ કોરડિયા | – | કારોબારી સભ્ય |
| ૭. | શ્રી મયંકભાઈ ગજ્જર | – | આર્કિટેક્ટશ્રી |

આ મીટિંગમાં શ્રી મયંકભાઈ ગજ્જર - આર્કિટેક્ટ દ્વારા રી-ડેવલપમેન્ટ માટેનો વિસ્તૃત પ્લાન રજૂ કરાયો હતો. જેમાં આ બિલ્ડિંગને ડીમોલીશ કરી નવું સાત માળનું બિલ્ડિંગ કઈ રીતે બનાવી શકાય તેની વિગતવાર માહિતી આપેલ હતી.

હાલ કેટલા ફૂટ બાંધકામ છે અને જો નવું બિલ્ડિંગ બનાવીએ તો શું થઈ શકે અને સમાજને કઈ રીતે વધારાની જગ્યા વાપરવા મળે તેની વિગતવાર સમજ આપી હતી.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### મેરેજ બ્યુરો સમિતિ

### લગ્ન - બાયોડેટા શેરિંગ માટે વોટ્સએપ ગ્રુપ

જૂન ૨૦૨૬થી KJSS મેરેજ બ્યુરો સમિતિનો વોટ્સએપ ગ્રુપ ચાલુ થઈ ગયો છે. જેમાં ઉમેદવારે જાતે બાયોડેટા મૂકવાના હોય છે. જેથી એમને સાથે બીજાના બાયોડેટા પણ જોવા મળી જાય અને કદાચ યોગ્ય પાત્ર પણ મળી જાય. એટલે આ વ્યવસ્થા અત્યારે કાર્યરત કરી છે અને એ સુપેરે ચાલી રહી છે. દર ગુરૂવારે દીકરીઓ અને દર શુક્રવારે દીકરા અને દીકરીઓ બંને સાથે પોતાનાં બાયોડેટા મૂકી શકે છે. જે રવિવાર સુધી ગ્રુપ ખૂલ્લું મૂકાય છે. આમ દર પંદર દિવસે એકવાર ગ્રુપ ખૂલ્લું મૂકાય છે. આમાં બધાનો બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

**ગ્રુપનો હેતુ :**

★ સમાજના લગ્ન યોગ્ય દીકરા-દીકરીઓના બાયોડેટા શૅર કરવા.

★ પરિવારો વચ્ચે સીધો અને સરળ સંપર્ક સ્થાપિત કરવો.

★ સમાજની એકતા અને સહાયતા વધારવી.

આના પરિણામે અનેક પરિવારોને યોગ્ય અને સારા સંબંધો મેળવવામાં સરળતા રહેશે.

*વધુ માહિતી માટે અમારો સંપર્ક કરવા વિનંતી.*

*વીણાબેન ડી. સંઘવી – કન્વીનર : મો. ૮૦૦૦૭ ૩૯૬૯૮*

*ચેતન ધરોડ – કો-કન્વીનર : મો. ૯૪૨૬૫ ૨૯૩૪૧*

*– મેરેજ બ્યુરો સમિતિ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## અગત્યની સૂચના : 'મંગલ મંદિર'ના અંક અંગે

*દરેક સભ્યને નમ્ર વિનંતી કે આ ફોર્મ ભરી તાત્કાલિક શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ००૬ ઉપર મોકલી આપવા વિનંતી* ***અથવા***

*ફોર્મ ભરી* ***99986 99626*** *નંબર ઉપર* ***WhatsApp*** *કરવો.*

| | |
|---|---|
| સભ્યનું નામ | |
| મોબાઈલ નંબર | |
| સરનામું<br>(પીન કોડ નંબર સાથે) | |
| આપને 'મંગલ મંદિર'ના અંકની ફિઝીકલ કોપી (હાર્ડ કોપી) જોઈએ છે કે સોફ્ટ કોપી (PDF) જોઈએ છે? | |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શૈક્ષણિક લોન (સહાય) અરજી : અગત્યની સૂચના

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના જે સભ્યોએ 'મંગલ મંદિર'ના જૂન-૨૦૨૬ના અંકમાં આપેલ શૈક્ષણિક લોન સહાય માટેના ફોર્મ ભરીને મોકલાવેલ છે તેઓને નમ્ર વિનંતી કે તેઓ આ ફોર્મ ભરીને જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે ફરીથી મોકલાવી આપે કારણકે વરસાદના વિઘ્નના કારણે શૈક્ષણિક લોન સહાય માટેના અમારી પાસે ભરાઈને આવેલા ફોર્મ ખરાબ થઈ ગયા છે.*

*શૈક્ષણિક લોન (સહાય) અરજી અંગેના ફોર્મ 'મંગલ મંદિર'ના આ અંકમાં પાના નં. –૧૯ ઉપર ફરીથી છાપેલ છે.*

**આ ફોર્મ આપ વોટ્સએપ દ્વારા પણ મોકલી શકશો.**

**ફોર્મ ભરીને વોટ્સએપ પર મોકલી આપવા માટે ફોન નંબર : મો. ૯૪ ૨૬ ૮૬ ૧૧ ૩૬ (મનીષ વીરા)**

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી બિપીનચંદ્ર કાનજી રવજી (નાની ખાખરવાલા) કેળવણી સહાય ફંડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

## શૈક્ષણિક લોન (સહાય) અરજી

(કાર્યાલયના ઉપયોગ માટે)

ક્રમ :

સભ્યપદ નંબર :

પ્રતિ,

શૈક્ષણિક લોન (સહાય) સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.

*મારા પાલ્ય ચિ. ________________ ના*

*ચાલુ અભ્યાસ માટે આ વર્ષે રૂા. ________ અંકે રૂા. ________*

*________ પૂરાની શૈક્ષણિક સહાયની જરૂર છે જે મંજૂર કરવા વિનંતી છે.*

વાલીનું નામ : ________________

(પિતાનું નામ) (દાદાનું નામ) (પરદાદાનું નામ) (અટક)

પૂરું સરનામું : ________________

________________ પીન કોડ : ________

મોબાઈલ : (૧) ________ (૨) ________

જ્ઞાતિ : ________ પેટા જ્ઞાતિ : ________

કુટુંબના બધા સભ્યોની મળીને કુલ આવક રૂા. ________

અંકે રૂપિયા ________

પાલ્યનું પૂરું નામ : ________ અભ્યાસનું ધોરણ : ________

જ્યાં અભ્યાસ કરતો હોય તે શાળા / કોલેજનું નામ : ________

અને પૂરું સરનામું : ________

અન્ય સ્થળેથી મળતી શૈક્ષણિક સહાય-લોન ઈત્યાદિ રકમ રૂા. ________

અંકે રૂપિયા ________

**બાળક / વિદ્યાર્થીના એકલાના અથવા વાલી સાથેના સંયુક્ત બેંક ખાતાની વિગત :**

બેંકનું નામ : ________ બ્રાંચ : ________

ખાતા નંબર : ________

**આ અરજી સાથે નીચેની બાબત જોડવી :**

*૧. ઉત્તીર્ણ કરેલ છેલ્લી પરીક્ષાની માર્કશીટની અધિકૃત નકલ.*

*૨. શાળા - કોલેજમાં ફી ભર્યાની રસીદની અધિકૃત નકલ.*

*૩. જે બાબત માટે શૈક્ષણિક સહાયની માંગણી કરી છે તેના ખર્ચ આધાર કે પુરાવાની અધિકૃત નકલો વગેરે.*

*૪. આ ફોર્મની પાછળ આપેલી વિગત ભરવી.*

*૫. સમાજ દ્વારા ચલાવાતા 'સક્ષમ'ના કાર્યક્રમમાં મારો પાલ્ય અચૂકપણે હાજરી આપશે.*

***૬. મારો પાલ્ય કમાતો થયાના ૧ વર્ષ બાદ આ લોન–સહાય યોગ્ય હપ્તાવાર પરત કરવા બંધાયેલો છે.***

***સ્થળ : અમદાવાદ.*** ***વાલીની સહી : ________***

***તારીખ : ________*** ***વાલીનું નામ : ________***

**નોંધ :**

૧. અધૂરી વિગતોવાળી કે ખર્ચના આધાર કે પુરાવા બીડેલ ન હોય તેવી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૨. જે જે હેતુ માટે શૈક્ષણિક સહાયની જરૂર છે તેના વાર્ષિક ખર્ચ, જોઈતી સહાયની રકમ આ ફોર્મની પાછળ આપેલ જગ્યામાં વિગતવાર દર્શાવવી. વિગતો વધુ હોય તો વધારાના પાના સાથે જોડવા.

૩. સંસ્થા વખતોવખતની જોગવાઈ અને ઉપલબ્ધ ફંડ અનુસાર વિદ્યાર્થીને શૈક્ષણિક સહાય / લોન મંજૂર કરશે.

૪. **સહાય / લોનની રકમ ચેકથી વિદ્યાર્થીના નામે આપવામાં આવશે. જેથી વિદ્યાર્થીના નામનો બેંક એકાઉન્ટ વાલી ખોલાવે તે જરૂરી છે.**

૫. આ અરજી બીડાણ સાથે નીચેના સરનામે મોકલવી :
**શૈક્ષણિક લોન (સહાય) સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ,**
**શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, નેતાજી માર્ગ, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.**

## • વાલીઓએ નીચેની દરેક બાબત વિગતવાર ભરવી •

| ક્રમ | સહાયની બાબત | વાર્ષિક ખર્ચ રૂપિયા | જોઈતી સહાય/લોન રૂપિયા |
|---|---|---|---|
| ૧. | સ્કૂલ / કોલેજ ફી | | |
| ૨. | પાઠ્ય પુસ્તક અને નોટબુક ખર્ચ | | |
| ૩. | અન્ય શૈક્ષણિક ઉપકરણ ખર્ચ | | |
| ૪. | યુનિફોર્મ ખર્ચ | | |
| ૫. | ટ્યુશન ક્લાસ ખર્ચ | | |
| ૬. | અન્ય ખર્ચ : (વિગત દર્શાવવી) | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | કુલ રકમ : રૂા. | | |

## શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા *સંચાલિત* "સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર"

**સેવાઓ :**

આ કેન્દ્ર યુવા પેઢીને કારકિર્દી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર માટે વિવિધ સેવાઓ પ્રદાન કરે છે.

★ કારકિર્દીની સફળતા માટે વ્યક્તિગત માર્ગદર્શન (One-to-one Couselling)

★ કારકિર્દી આયોજન, શાખા / પ્રવાહ (Branch) પસંદગી અને કૌશલ્ય વિકાસ માટે વ્યક્તિત્વનું સુવ્યવસ્થિત મૂલ્યાંકન.

★ બાળકોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માતા-પિતાની સહભાગીતાથી થતું કાઉન્સેલિંગ.

**વ્યક્તિત્વ મૂલ્યાંકન સાધનો**

વ્યક્તિત્વ અભ્યાસ માટે વિવિધ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે :

★ મલ્ટીપલ ઇન્ટેલિજન્સ (Multiple Intelligence)

★ લોકસ ઓફ કંટ્રોલ (Locus of Control)

★ ઈમોશનલ ઇન્ટેલિજન્સ (Emotional Intelligence)

★ ઈન્ટરેસ્ટ અને એપ્ટિટ્યુડ (Interest & Aptitude)

★ જોહરી વિન્ડો (Johari Window) – ટીમ નિર્માણ અને સહકાર માટે.

★ લાઈફ સ્ક્રિપ્ટ એનાલિસિસ (Life Script Analysis)

★ સ્ટ્રેસ પ્રોફાઈલિંગ (Stress Profiling)

★ બ્લોકેજીસ સર્વે (Blockages Survey)

**વયજૂથ**

આ કેન્દ્ર તમામ વયના શીખવા આતુર, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓને સમર્પિત છે. ખાસ કરીને નાના બાળકો માટે વધુ અસરકારક પરિણામ મળે છે. જે માટે માતા-પિતાની સક્રિય ભાગીદારી આવશ્યક માનવામાં આવે છે.

**કેરિયર કાઉન્સેલિંગ ફેકલ્ટી :**

*ડૉ. નીરવ ઠક્કર (Ph.D.), ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા (Ph.D.)*

**સંપર્ક :**

*સમજવા માટે : હિરેન કે. શાહ મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫*

*બુક કરવા માટે : હિતેન ગાલા મો. ૭૩૮૩૩ ૫૨૫૫૩*

## 'સક્ષમ' કાર્યક્રમ ટીમ પર આવેલ એક ધ્યાનાકર્ષક પત્ર

Earlier, I was quite unsure about what I wanted to pursue after completing my Bachelor of Arts in Psychology. I was not certain whether I wanted to continue in the field of Psychology or explore a different career path. However, I decided to seek career counselling from Dr. Nirav Thakkar and Dr. Shailendre Gupta and throughout the entire journey, they were extremely helpful, understanding and supportive of all the doubts and concerns I had. They regularly conducted personality and aptitude tests to help me understand my interests, strengths and the areas I was naturally inclined towards. Based on these assessments and our discussions, they suggested two to three suitable options for my further studies and future career. Today, I have successfully secured my admission to the Master of Arts in Psychology programme at the renowned Pandit Dindayal Energy University. Dr. Shailendra Gupta has played a very important role in guiding me throughout this journey and has been extremely co-operative and supportive. Even today, he continues to guide me and provide valuable direction as I move forward in my academic and career journey.

– ***Vrisha Bharat Sanghavi***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001, 4890 6006**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત* સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર – ગીતા મંદિર

# પરિવર્તનની પ્રેરણાદાયી કહાની : બીનલ મકવાણા

*– હિરેન શાહ*



*નામ : બીનલ મકવાણા*

*ઉંમર : ૧૯ વર્ષ*

બીનલ મકવાણા હાલમાં કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. તેમના પરિવારમાં માતા, મોટી બહેન અને એક ભાઈ છે. પરિવારની આર્થિક સ્થિતિ સામાન્ય હોવાથી માતા અન્ય લોકોના ઘરે ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મર્યાદિત આવકને કારણે પરિવારની જરૂરિયાતો પૂરી કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો અને અભ્યાસની સાથે આવકનો કોઈ સ્થાયી સ્ત્રોત પણ ઉપલબ્ધ ન હતો.

બીનલબેનને તેમની માતા જ્યાં ઘરકામ કરવા જાય છે ત્યાંના પરિવારના સભ્યના સંદર્ભથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્કીલ સેન્ટર વિશે માહિતી પ્રાપ્ત થઈ હતી. ત્યારબાદ તેમણે કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્કીલ સેન્ટરમાં ત્રણ માસના બ્યુટી થેરાપિસ્ટના કોર્સમાં પ્રવેશ મેળવ્યો હતો.

તાલીમ દરમિયાન તેમને બ્યુટી ક્ષેત્રનું વ્યવહારુ અને ગુણવત્તાસભર જ્ઞાન આપવામાં આવ્યું હતું. વિવિધ બ્યુટી સર્વિસ, ગ્રાહક વ્યવહાર અને વ્યવસાયિક કૌશલ્યોનું પ્રશિક્ષણ આપવામાં આવતા તેમનો આત્મવિશ્વાસ નોંધપાત્ર રીતે વધ્યો હતો. તાલીમનો સમગ્ર અનુભવ તેમના માટે ખૂબ જ સકારાત્મક અને ઉપયોગી સાબિત થયો હતો.

કોર્સ પૂર્ણ થયા પહેલા બીનલબેન દ્વારા સ્વતંત્ર રીતે બ્યુટી સર્વિસ આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. અગાઉ કોઈ આવક ન હોવા છતાં હાલમાં તેઓ દર મહિને આશરે રૂા. ૧,૫૦૦/- જેટલી આવક મેળવવા લાગ્યા છે. આ આવકથી તેઓ પોતાના અભ્યાસમાં સહાયરૂપ બન્યા છે તેમજ પરિવારની આર્થિક જરૂરિયાતોમાં પણ નાનું પરંતુ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ સ્કીલ સેન્ટર દ્વારા આપવામાં આવેલી તાલીમના પરિણામે બીનલબેનને આત્મનિર્ભર બનવાની દિશામાં મહત્ત્વપૂર્ણ શરૂઆત મળી છે. તેમના જીવનમાં આવેલો આ સકારાત્મક બદલાવ દર્શાવે છે કે યોગ્ય માર્ગદર્શન અને કૌશલ્ય તાલીમ દ્વારા મર્યાદિત સંસાધનો ધરાવતા યુવાનોને પણ રોજગાર અને આત્મવિશ્વાસની નવી તકો પ્રાપ્ત થઈ શકે છે. બીનલબેન દ્વારા આ સફળતા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્કીલ સેન્ટર પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

ગીતામંદિર ખાતેનું કૌશલ્ય વિકાસ કેન્દ્ર, તેના સુસંરચિત અભ્યાસક્રમો, લક્ષિત ગતિશીલતાના પ્રયાસો અને મજબૂત આજીવિકા આધાર દ્વારા હાંસિયામાં ધકેલાઈ ગયેલી પશ્ચાદભૂની મહિલાઓ માટે આશાના કિરણ તરીકે કામ કરે છે. વિકાસના વ્યક્તિગત અને વ્યવસાયિક બંને પાસાઓને સંબોધિત કરીને, કેન્દ્ર માત્ર મહિલાઓને રોજગાર યોગ્ય કૌશલ્યોથી સજ્જ કરતું નથી પણ સ્વતંત્રતા અને આત્મવિશ્વાસની ભાવનાને પણ ઉત્તેજન આપે છે. વધુ ન્યાયી સમાજ માટે માર્ગ મોકળો કરે છે.

અમે પણ લાભાર્થીઓને ઘરે બેઠા તેમની સેવાઓ લઈને મદદ કરી શકીએ છીએ.

ઘરે બ્યુટી પાર્લર સંપર્ક કરવા માટે : ૮૪૬૯૪ ૩૪૫૭૪

*મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,*<br>*આંગળી જળમાંથી નીકળી ને જગા પૂરાઈ ગઈ.*

***– ઓજસ પાલનપુરી***

*અધીરો છે ઈશ્વર તને બધુંયે આપવા માટે,*<br>*તું ચમચી લઈને ઊભો છે દરિયો માંગવા માટે?*

***– અનિલ ચાવડા***

ડૉ. રીધ્ધિ જોષી
મેડિકલ ઓફિસર
નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

## આપણા ડૉક્ટર્સને પહેચાનો
## મણકો - ૧૯ : ડૉ. મિત પટેલ

ડૉ. મિત પટેલનું મૂળ વતન મહેસાણાનું લાંઘણજ ગામ છે. તેમનું પ્રાથમિક અને ઉચ્ચત્તર શિક્ષણ ગાંધીનગર ખાતે આવેલી શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સ્કૂલમાં થયું. તેમને બાળપણથી જ વિજ્ઞાનમાં ખૂબ રૂચિ હતી. આનું કારણ પારિવારિક માહોલ હતો. તેમના દાદા ખેતીવાડી ખાતામાં ડાયરેક્ટર હતા. પિતા ઇસરોમાં સાયન્ટીસ્ટ હતા અને માતા સિવિલ એન્જિનિયર તરીકે નર્મદા નિગમમાં ફરજ બજાવતા હતા. પારિવારિક માહોલની સાથે સાથે શાળાના શિક્ષકોની પ્રેરણા અને પટેલોમાં આમ પણ જોવા મળતી, સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાથી પ્રેરાઈને મિત પટેલે મેડિકલ ફિલ્ડમાં જવાનું નક્કી કર્યું. વર્ષ ૨૦૦૬માં ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં ૯૬% માર્ક સાથે પાસ થઈને તેમણે ગુજરાતની બીજા નંબરની જૂની સરકારી મેડિકલ કૉલેજ એટલે શ્રી એમ.પી. શાહ મેડિકલ કોલેજ - જામનગર ખાતે MBBS માં એડમિશન લીધું. વર્ષ ૨૦૧૨માં તેમનો MBBS નો અભ્યાસક્રમ પૂરો થયો. હવે તેમનું સપનું હતું કે પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ માત્ર ગુજરાતની જ નહીં પણ પૂરા ભારત દેશમાં પ્રખ્યાત હોય એવી મેડિકલ કોલેજમાંથી કરવો. આ સંકલ્પ સાથે તેમણે ઓલ ઇન્ડિયા મેડિકલ એક્ઝામમાં સારો રેન્ક મેળવીને મુંબઈ ખાતે આવેલી આર્મ ફોર્સિસ મેડિકલ સર્વિસ સાથે સંકળાયેલી INHS અશ્વિની કોલેજ, જે ઇન્ડિયન નેવી હેઠળ આવતી તૃતીય પંક્તિની સૌથી ઉત્કૃષ્ટ હોસ્પિટલ છે, તેવી હોસ્પિટલ ખાતે Ophthalmology બ્રાંચમાં એડમિશન મેળવ્યું. આ ૩ વર્ષ Army, Navy અને Airforce ના અધિકારીઓ સાથે શિક્ષણ મળવાથી આંખના વિજ્ઞાનની સાથે સાથે જીવન જરૂરી અનેક ગુણો જેમ કે શિસ્ત, સમયપાલન, દર્દી પ્રત્યેની કરુણા પણ તેમનામાં ઉતર્યા. વર્ષ ૨૦૧૬માં તેમણે પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ પૂર્ણ કર્યો અને સમાજ સેવાની ભાવનાથી પ્રેરાઈને તેમણે નડિયાદ ખાતે આવેલી ભારતની બીજા નંબરની સૌથી મોટી આંખની ટ્રસ્ટની હોસ્પિટલ – શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય ખાતે આંખના ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ શરૂ કરી. શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય ખાતે ૨ વર્ષના કાર્યકાળ દરમિયાન તેમણે ૪૦૦૦થી વધારે મોતિયાના ઑપરેશનનો બહોળો અનુભવ લીધો. વર્ષ ૨૦૧૮થી તેમણે અમદાવાદમાં પ્રેક્ટિસ શરૂ કરી. વર્ષ ૨૦૧૯માં તેમના લગ્ન ડૉ. યામા પટેલ સાથે થયા જે મોઢા અને જડબાના રોગોના નિષ્ણાત સર્જન છે. માતાજીની કૃપાથી વર્ષ ૨૦૨૧માં તેમને ત્યાં દીકરી – દીરા પટેલનો જન્મ થયો અને તેના બીજા જ વર્ષે વર્ષ ૨૦૨૨માં તેમણે 'પલાશ આઈ હોસ્પિટલ'ની શરૂઆત કરી.



**ડૉ. મિત પટેલ**
**CMS (OPTHO.)**
*બોપલ સ્થિત નવનીત મેડિકલ સેન્ટરમાં સેવા આપે છે*

તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બોપલ મેડિકલ સેન્ટર સાથે વર્ષ ૨૦૨૦થી જોડાયેલા રહ્યા છે. તેઓ રોજ સાંજે ૩.૩૦થી ૪.૩૦ સુધી બોપલ ખાતે ઓ.પી.ડી. તથા મોતિયાના ઑપરેશન, Yag laser, Pteryglum વગેરે પ્રોસીજર કરી રહ્યા છે.

અત્યાર સુધી ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના ૪૫૦થી પણ વધુ ઑપરેશન તથા આંખની અન્ય પ્રોસીજર થઈ ગયેલ છે. જેમાં દરેક દર્દીને પર્સનલ કેર સાથે ઑપરેશન પહેલા અને પછી લેવાતા Precautions અંગે ડૉ. મિત પટેલ ખૂબ જ સારી રીતે સમજાવે છે.

બોપલ સેન્ટર ખાતે એક દર્દીના મોતિયાનું ઑપરેશન ડૉ. મિત પટેલ દ્વારા કરવામાં આવેલ હતું. તે દર્દીએ તેમના મિત્રમંડળમાં જાણ કરતાં ત્યારબાદ આશરે ૧૦થી વધુ દર્દીઓએ ડૉ. મિત પટેલ પાસે મોતિયાના ઑપરેશન કરાવેલ હતા.

શ્રી ભરતભાઈ તારાચંદ શાહ – જેઓએ બંને આંખના ઑપરેશન ડૉ. મિત પટેલ પાસે કરાવેલ હતા. ત્યારબાદ શ્રી ભરતભાઈ શાહે સારી સુવિધા અને સારવારથી ખુશ થઈ સંસ્થાને રૂા. ૩૬,૦૦૦/-નું ડોનેશન આપેલ હતું. ■

*દુનિયામાં મને મોકલી પસ્તાયો હતો તું,*
*મૃત્યુનું બહાનું કરી આ પાછો ફર્યો લે.*
*– મરીઝ*

*જીવ હજી તો ઝભ્ભામાં છે,*
*ફાટી ગઈ છે જાત કબીરા.*
*– ચંદ્રેશ મકવાણા*

# કચ્છવિષયક વૈવિધ્યપૂર્ણ પુસ્તકો

| | | |
|---|---|---|
| કચ્છીકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| કચ્છીબોલી | મહેન્દ્ર સાકરચંદ દોશી | 140 |
| ધીણોધર સંભરન (કચ્છ વિષયક વાર્તાઓ, નિબંધો) | સંપા. વીનેશ અંતાણી | 240 |
| કચ્છનું સંસ્કૃતિદર્શન | રામસિંહજી કા. રાઠોડ | 1000 |
| છેલ્લાં હજાર વર્ષનું કચ્છ | હરેશ ધોળકિયા | 110 |
| કચ્છ કેટલાંક અવલોકનો | હરેશ ધોળકિયા | 110 |
| ત્રિનેત્ર તેજ (કચ્છી મુક્તકો) | તેજપાલ ધા. શાહ, અનુ. કાશ્મીરા મહેતા | 150 |
| પરગણું (નવલકથા) | કાશીરામ વિ. પ્રજાપતિ | 270 |
| મહાબલિદાન | ગુણવંતરાય આચાર્ય | 325 |
| ગરવાઈ (કચ્છી મહિલાઓ વિશે ચરિત્રલેખો) | પૂજા કશ્યપ | 320 |













# ધ્યાન અને યોગ વિષયક સૌને ઉપયોગી સાહિત્ય

### સ્વામી અધ્યાત્માનંદ

| | |
|---|---|
| યોગ એ જ જીવન | 280 |
| જીવનયોગ | 150 |
| યોગ અને આરોગ્ય | 250 |
| યોગ અને સ્વાસ્થ્ય | 180 |
| योग और स्वास्थ्य | 350 |
| Yoga A way of life | 300 |
| Yoga for Better Living | 125 |
| Yoga and Health | 300 |

### ભાણદેવ

| | |
|---|---|
| શિક્ષણ અને યોગ | 75 |
| યૌગિક શોધનકાર્ય | 100 |
| યૌગિક બંધ અને મુદ્રા | 125 |
| અંતરંગ યોગ | 150 |

### ડૉ. હર્ષદ ભટ્ટ

| | |
|---|---|
| યોગશિક્ષણમાં શરીરરચના અને ક્રિયાવિજ્ઞાન | 225 |
| યોગમાં વિજ્ઞાન | 170 |













### સ્વામી શિવાનંદ

| | |
|---|---|
| યોગના પાઠ (પુ. 26) | 600 |

### પંકજ ભટ્ટ

| | |
|---|---|
| યોગ અને વ્યક્તિત્ત્વવિકાસ | 100 |

### શ્રી માતાજી

| | |
|---|---|
| યોગમાં સ્વાસ્થ્ય અને સારવાર | 150 |

### મહેન્દ્ર રાવલ

| | |
|---|---|
| શ્વાસથી સિદ્ધિ | 125 |

### શ્રી એમ, અનુ. નીતિન ભટ્ટ

| | |
|---|---|
| ધ્યાન વિશે ચિંતન | 200 |

### અરુણ ઠાકર

| | |
|---|---|
| યોગવિદ્યા | 280 |

### સાવિત્રી વ્યાસ

| | |
|---|---|
| મુક્તિપથના પ્રવાસી | 110 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com
Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com

## સાહિત્યકાર જીના વિરેન શેઠનો પરિચય



**જીના વિરેન શેઠ**

જીના શેઠ અમદાવાદ સ્થિત એક ગૃહિણી છે, જેઓ પોતાના સંયુક્ત પરિવાર સાથે સેટેલાઈટ વિસ્તારમાં રહે છે. મૂળે કચ્છ ભુજના વતની. તેઓનો ઉછેર અને ભણતર મુંબઈમાં થયો છે. તેઓ કોમર્સ ગ્રેજ્યુએટ છે. પણ લગ્ન થયા પછી અને બાળકો મોટા થઈ ગયા પછી એમણે પોતાના પતિના વાંચનના શોખને આગળ વધાર્યો. વાંચતા વાંચતા તેમને સંશોધન ક્ષેત્રે રસ જાગ્યો. સાહિત્યમાં તેમનો ઝુકાવ લોકસાહિત્ય ક્ષેત્રે વધુ છે. તેમને મહાન પુરુષોના ચરિત્રો વાંચવા ખૂબ ગમે છે તેમજ ઉત્તમ પુરુષોની બાયોગ્રાફી તેમને આકર્ષે છે.

તેમના દ્વારા ત્રણ પુસ્તકોનું સંપાદન કાર્ય થયેલ છે. જેમાં બે તેમના સ્વતંત્ર પુસ્તકો છે જ્યારે એક પુસ્તક તેમણે તેમના પતિ સાથે સહ-સંપાદનમાં કરેલ છે.

સાહિત્ય ક્ષેત્રે તેમનો પ્રવેશ પણ આકસ્મિક રીતે જ થયો. ભાષા પ્રત્યે અનુરાગ હોવા છતાં ૪૦-૪૫ વર્ષ સુધી આ ક્ષેત્રે કંઈક કરવાની તક મળશે એવો એમણે સ્વપ્ને પણ વિચાર કર્યો ન હતો. પણ જ્ઞાતિ દ્વારા આયોજિત એક સ્પર્ધા નિમિત્તે એમણે "કથાગીત" વિષય પસંદ કરી, એ ઉપર સંકલન તૈયાર કર્યું. જે પછીથી 'ગુજરાતી કથાગીતો' પુસ્તક તરીકે પ્રકાશિત થયું અને વાચકો દ્વારા ખૂબ પ્રશસ્તિ પામ્યું. તેમની સરળ ભાષા અને સહજ સંકલનની કળા વાચકોને ખૂબ રસપ્રદ લાગે છે.

તેમનું બીજું પુસ્તક "વહાલનું અક્ષયપાત્ર – એક શિક્ષક તથા સર્જક પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ" પણ મિત્રવર્તુળમાં ખૂબ આવકારાયું હતું. આ પુસ્તક તેમના પતિના ભૂતપૂર્વ શિક્ષક અને ગુરૂ એવા શ્રી હરેશ ધોળકિયા ઉપર તૈયાર થયેલ છે. શ્રી હરેશભાઈનો આ દંપતી ઉપર ખૂબ પ્રભાવ છે.

ગત જૂન માસમાં તેમનું ત્રીજું પુસ્તક "જૂની રંગભૂમિનાં લોકપ્રિય ગીતો – આસ્વાદ સાથે રોચક વાતો" પ્રકાશિત થયું. જે પણ જૂની રંગભૂમિના રસિયાઓને ખૂબ પસંદ પડ્યું છે. તેમના ત્રણે પુસ્તકો ગૂર્જર સાહિત્ય પ્રકાશન દ્વારા પ્રકાશિત થયા છે.

પોતાના ઘડતર અને કાર્યમાં પોતાના પરિવારના સાથ અને સહકારનું તેમને મન ખૂબ જ મૂલ્ય છે. આજે તેઓ જે કંઈ પણ છે તે તેમના પરિવારના પ્રેમ અને સહકારને લીધે જ છે તેવું તેઓ સ્પષ્ટપણે માને છે. આજે તેમના પરિવારજનો સૌ આપણી સાથે છે એનો આપણને આનંદ છે.

### જીના શેઠના પુસ્તકો

- **ગુજરાતી કથાગીતો :** કથાગીત એ બહુ જૂનો કાવ્યપ્રકાર છે. 'ગુજરાતી કથાગીતો' – આ પુસ્તકમાં આપણા સાહિત્યના એવા ઉત્તમ ગીતો જેમાં કથા વણાયેલી હોય તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિષય વૈવિધ્ય જળવાય એ રીતે છણાવટ કરીને આ કથાગીતોનો આસ્વાદ પણ કરાવવામાં આવ્યો છે.

- **વહાલનું અક્ષયપાત્ર :** આ પુસ્તકમાં એક શિક્ષક તથા સર્જક પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ કરવામાં આવી છે. શ્રી હરેશ ધોળકિયા સાથેના તેમના સ્વજનો, મિત્રો, વિદ્યાર્થીઓ તથા કેટલાક સાહિત્યકારોના સંસ્મરણોને અહીં વાગોળવામાં આવ્યા છે. આ પુસ્તકમાં તેમના વ્યક્તિત્વના અનેક પાસાઓ ઉભરીને સામે આવ્યા છે, જે વાચક માટે એક સુંદર ભાથું બની શકે છે.

- **જૂની રંગભૂમિના લોકપ્રિય ગીતો (આસ્વાદ સાથે રોચક વાતો) :** આ પુસ્તકમાં જૂની રંગભૂમિના મહત્ત્વના અંગ ગણાતા જૂની રંગભૂમિના ગીતો પૈકી ૪૫ જેટલા ગીતોનું સંકલન - આસ્વાદ અને તેની સાથે જોડાયેલ રોચક વાતો સાંકળીને રજૂ કરવામાં આવ્યું છે. જેને રંગભૂમિના રસિયાઓ દ્વારા ખૂબ સારો આવકાર મળ્યો છે.

### વક્તવ્યો

'જૂની રંગભૂમિની રોમાંચક દુનિયા' – એ વિષય પરનું વક્તવ્ય ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ 'વિશ્વા'ના ઉપક્રમે યોજાયું હતું. તેમાં મૂંગી કે બોલતી ફિલ્મોની જ્યારે હજુ શરૂઆત પણ નહોતી થઈ ત્યારે જે મનોરંજનનું એકમાત્ર સાધન હતું પ્રજા પાસે એવા જૂની રંગભૂમિના નાટકો વિશે માહિતી આપી હતી. ત્યારે કેવો માહોલ હતો? એ પ્રજા પર કેવી અસર કરતા હતા? એ નાટક કંપનીઓ કેવી હતી? એમનો સંઘર્ષ અને એમની ભાવના કેવી હતી? – એ કલાકારો, લેખકો, એ ગીતકારો કેવી મોહિની અને જાદુ સર્જતા હતા, એ રોમાંચક દુનિયાની વાતની પ્રસ્તુતિ રજૂ કરી હતી.

'ભવાઈ – The heartbeat of Gujarati Folk Culture' – કનોરિયા સેન્ટર ફોર આર્ટસ ખાતે યોજાયેલ આ વક્તવ્યમાં આપણી સાંસ્કૃતિક ધરોહર એવું લોકનાટ્ય સ્વરૂપ ભવાઈ વિશે વાત કરવામાં આવી હતી. ભવાઈ ક્યારે શરૂ થઈ? કોણે શરૂ કરી? એમાં શું હતું? એમાં ભજવાતા વેશો અને એના ગીત-સંગીત, નૃત્ય વિશે વાત કરી હતી.

*જીના વિરેન શેઠનો મોબાઈલ નં. : ૭૪૦૫૦ ૭૪૧૪૦*

★

### *જૂની રંગભૂમિના ગીતોનો આસ્વાદ – વૈભવ ડૉ. રોહિત શાહની કલમે.....*

જીના શેઠ પોતે કવિ નથી, પરંતુ કવિતા રસિકોને આકર્ષે એવાં કાવ્ય સંકલનો પોતાની વિશેષ સૂઝબૂઝથી કરે છે. અગાઉ તેમણે ગુજરાતી કથાકાવ્યોનો સંગ્રહ સંપાદિત કર્યો હતો અને હવે જૂની ગુજરાતી રંગભૂમિનાં અણમોલ કાવ્યોનો ખજાનો લઈને ઉપસ્થિત છે.

ટી.વી., ફિલ્મ અને સાઈબર યુગના પ્રબળ આક્રમણ સામે રંગભૂમિ આજે પણ ટક્કર લઈ રહી છે. અલબત્ત, આજની રંગભૂમિમાં ગીતો જોવા મળતાં નથી. પરંતુ જૂની રંગભૂમિના લગભગ દરેક નાટકમાં એની કથાને અનુરૂપ તથા પ્રેરક અથવા રમૂજી ગીતો ખાસ મૂકવામાં આવતાં હતાં અને એ ગીતો નાટક જેટલું જ, ક્યારેક નાટક કરતાં પણ વધારે આકર્ષણ અને મહત્ત્વ ધરાવતાં હતાં. ક્યારેક તો ગીતને કારણે જ પ્રેક્ષકો નાટક જોવા જતા!

જોઇએ તે જથ્થામાં નેપિયર
ઘાસ સેવા સ્વરૂપે આપવામાં આવી રહેલ છે.
કોઇને પણ નેપિયર ઘાસ ઉગાડવું હોય
તો તેની કલમો મેળવવા માટે
સંપર્ક કરો.
મો. ૯૬૫૩૨ ૦૫૦૬૦

Sheth info
Reliable • Reasonable • Refurbished
Refurbished IT Products - Sales & Rental
Laptops • Desktops • Workstation • Servers • Apple Products
Jodhpur Char Rasta, Satellite, Ahmedabad.
Mob :- 7405732001 ● E-mail : info@shethinfo.com

Opti Matrix
Turns idea into Reality
- Premium Website Design
- Web Based Customize Software
- Mobile App Development
- Digital Marketing & Promotion

Opti Matrix Solutions
Ahmedabad : +91 81283 61116
706, Indraprastha Corporate, Opp. Shell Petrol Pump,
Prahlad Nagar, Ahmedabad, Gujarat - 380015
Bhuj : +91 75750 58824
207, Merry Rajaram Complex,
Hospital Road, Bhuj-Kutch, Gujarat - 370001
SCAN FOR DIGITAL CARD

।। શુભેચ્છા સહ ।।

રતનબેન પાસુભાઇ પૂંજા શાહનંદ
અમદાવાદ

કોઇ પણ પ્રસંગે ભેટ આપવા લાયક...
ચિત્રસેન શાહ - ગાંધીનગરના
હાસ્ય કટાક્ષના પુસ્તકો
(૧) ધણીને ધાકમાં રાખો!
(૨) સ્વર્ણિમ ગુજરાતમાં ૨૪ કેરેટનું હાસ્ય
(૩) ચાલો, ખવડાવો આઇસ્ક્રીમ!
(૪) સ્મશાનમાં સ્વયંવર
સંપર્ક : ૬૩૫૩૧ ૪૦૫૭૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
માસિક મુખપત્ર
"મંગલ મંદિર"
ને હાર્દિક શુભેચ્છા...

।। એક શુભેચ્છક ।।

COCOA AMORE
Home-made chocolates, mousse, truffles and sweet treats made with love for every ocassion.
NIRALI SANGHVI
+91.799.056.8693
bakernirali@gmail.com
Ahmedabad, Gujarat

TECHBASE
Marketing, PR, Web development, app development, and IT services Firm
HARSH SANGHVI
+91.799.056.8693
harsh.sanghvi1111@gmail.com
Ahmedabad, Gujarat

"Knowledge and brotherhood is key to success for the members of Jain Samaj."
Justice S. H. Vora
Former Judge
High Court of Gujarat

# પ્રતિભાવ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના વિવિધ અંકોમાં કચ્છના મહારાવશ્રીઓની ટોટલ રાજકીય બાબતની વિગત મુખપત્રમાં આપેલ છે. ત્યારબાદ કચ્છી જૈન સમાજની મીટિંગોની વિગત - સંસ્થાકીય કાર્યવાહીની વિગત, ઘણા બધા લેખકોના લેખો, વાર્તા તથા સમજવા જેવી વાતો, કચ્છના પાણીના પ્રશ્નને અશોકભાઈ મહેતાએ ખૂબ જ સારી રીતે સંભાળેલ છે, જે ખરેખર મોટી વાત છે. સંસ્થા સ્થાપક, સંસ્થાના નવા જૂના હોદ્દેદારો, નામી-અનામી કાર્યકર્તાઓ દરેકને બિરદાવવામાં આવે છે. દાતાઓના નામ આપેલ છે.

(૧) પરિવર્તન એ સંસારનો નિયમ, (૨) પ્રમુખ સ્થાનેથી હિરેન કે. શાહ, અગાઉના પ્રમુખ પ્રતાપભાઈ નારાણજી દંડ, (૩) નવનીત મેડિકલ સેન્ટર તથા તેમની સમાજ પ્રત્યેની લાગણી, (૪) જૂના તથા નવા પ્રોગ્રામનું અવલોકન, (૫) જ્ઞાન વિજ્ઞાન વૈજ્ઞાનિક માહિતી, (૬) કચ્છમાં જૈનોનું આગમન, (૭) કચ્છી સમાજમાં સેવા આપતા ડૉક્ટરો સિનિયર ફિઝીશિયન, હૃદયરોગ, ડાયાબિટીસના દર્દો તથા આંખની ટ્રીટમેન્ટ – જે તે ડૉક્ટરો આપે છે, (૮) વિકાસ તરફ હરણફાળ ભરતું આજનું કચ્છ – જેનો પૂરેપૂરો મેપ તંત્રી સ્થાનેથી અશોક મહેતાએ આપેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજની સ્થાપના ૧૯૬૩માં થઈ. ત્યારથી અત્યાર સુધી કેટલા નિઃસ્વાર્થ સેવાભાવી પ્રમુખ તથા ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરો રહ્યા, જૂના નવા સ્ટાફ વગેરેની વિગતો પણ લેખરૂપે અપાય છે. હાલમાં રાહત દરે ચાલતા મેડિકલ સેન્ટરો – પાલડી ભવન, ગીતા મંદિર ભવન, શાહીબાગ ભવન વગેરે કેટલીય સંસ્થા કચ્છી જૈન સમાજે સ્થાપના કરેલ છે. જેનાથી પબ્લિકમાં ખૂબ જ નામ છે. લોકો લાભ પણ ખૂબ જ લે છે.

અંતમાં આ 'મંગલ મંદિર'માં ઘણી બધી વેરાયટી અપાય છે. વાંચનમાં ખૂબ જ સારું લાગે છે. દરેક વર્ગ માટે વાંચવાલાયક, જાણવાલાયક, સમજવાલાયક તથા વસાવવાલાયક મુખપત્ર છે. આ સંસ્થાના જૂના - નવા દરેક હોદ્દેદારો, વર્તમાન સમયના સર્વે હોદ્દેદારો તથા પૂરેપૂરી કમિટીને વંદન.

***પ્રભુલાલ સંઘવી - ઘાટકોપર, મુંબઈ***
***મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬***

★

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

My family and I have been visiting this Hospital for a long time and they truly treat every patient like family.

From our regular health checkups and physician consultations to my mother's back pain treatment, my father's successful cataract surgeries for both eyes, and most recently, my treatment after a sudden accident that left me with a fractured toe, evey experience has been outstanding.

A special thanks to Dr. Riddhi at the Bopal Center for her kindness, warmth and dedication. She makes every patient feel comfortable and genuinely cared for. The same can be said for the entire team – from the reception staff and assistants to the healthcare workers and specialist doctors. Everyone is approachable, professional and always ready to help, whether in person or even over the phone while scheduling appointments.

What stand out the most is that although this is Trust Hospital but not less than any multi-speciality hospital, the quality of care, expertise and patient experience are no less than one. The personal attention and compassion we have received here are truly remarkable.

Thank you to the entire team for your exceptional care. We are grateful for everything you have done for our family and highly recommend this hospital.

***Gunvantlal Modi - Ahmedabad***

★

## શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ

મારું નામ મોમાયા પભુ ગઢવી છે. છેલ્લા કેટલાક વર્ષોથી શ્રી કચ્છી વિશ્રામગૃહ ખાતે રોકાઉં છું. અહિંયાનો સ્ટાફ બહુ જ સારો અને બધી જ રીતે મદદરૂપ છે. અહિંયાના મેનેજર શ્રી કૃષ્ણકાંત મોદી અને ક્લાર્કનો પણ બહુ જ સારો સ્વભાવ અને હેલ્પફૂલ છે. સાફ-સફાઈની સાથે બધી જ વ્યવસ્થા સારી લાગી.

આજરોજ હું રૂમ નં.-૨૧૦ માં રોકાયો હતો. મારું વૉલેટ રૂમમાં રહી ગયું અને વૉલેટમાં ૭,૫૦૦/- રૂપિયા અને જરૂરી ડોક્યુમેન્ટ હતા. અહિયા કામ કરતા ક્લાર્ક પ્રદીપભાઈએ મને જણાવ્યું અને મારું વૉલેટ મને પાછું આપ્યું, એ બદલ શ્રી કચ્છી વિશ્રામ ગૃહના બધા સ્ટાફનો ખૂબ ખૂબ આભાર.

***મોમાયા પભુ ગઢવી - ગાંધીધામ (મો. ૯૯૨૫૭ ૭૪૯૭૭)***

## શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ

હું ગઢવી ખીમશ્રી છેલ્લા કેટલાક વર્ષોથી અહીં કચ્છી વિશ્રામગૃહ ખાતે રોકાવવા માટે આવું છું. હું એક શૂટર છું. પિસ્ટલ શૂટિંગ કરી રહી છું. હું હંમેશાં એકલી જ ટ્રાવેલિંગ કરું છું પણ મારે રોકાવવાનું કચ્છી વિશ્રામગૃહમાં હોવાથી એક સેકન્ડ પણ વિચાર આવતા નથી કે અમદાવાદ જઈને શું કરીશ, કેવી રીતે રોકાઈશ, જમવાનું શું થશે? અડધી રાત્રે પણ આવવાનું થાય છે. પરંતુ કચ્છી વિશ્રામગૃહની સગવડતા અને સકારાત્મક મદદ સાથે આરામથી સહજ પણ મારા અમદાવાદમાં રોકાવાનું થઈ જાય છે.

હું એક ખેલાડી છું. નેશનલ પ્લેયર હોવાથી મારે ખાવા-પીવાની બાબતોમાં બધી જગ્યાએ વધારે સ્ટ્રગલ કરવો પડે છે. પણ કચ્છી વિશ્રામગૃહમાં હેલ્ધી ખાવાનું મળી રહેતાં, સાથે જ અહીંના સ્ટાફના સરળ અને મદદનીશ સ્વભાવના કારણે મને બહુ જ મદદ મળે છે.

અહિયા રહેવાની વ્યવસ્થા પણ બહુ જ સારી છે. મને ક્યારે પણ કોઈ તકલીફ કે મુશ્કેલીનો સામનો નથી કરવો પડતો. કચ્છી વિશ્રામ ગૃહની મદદથી, અહીંના સ્ટાફની મદદથી હું જે કામ કે ટુર્નામેન્ટ માટે આવું છું, તે સારી રીતે સફળતાપૂર્વક થઈ શકે છે.

હું આપની તથા આપના સ્ટાફની હંમેશાં આભારી રહીશ.

*ગઢવી ખીમશ્રી પબુભાઈ*
*મો. ૯૫૩૭૮ ૩૩૪૫૪*

## જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

(અનુસંધાન : પાના નં. – ૩૪ ઉપરથી ચાલુ)

### ચોક્કસ સમય બતાવતી ક્લોક

ઘડિયાળો સમય બતાવે છે. પરંતુ સમય જતાં આગળ પાછળ પણ થઈ જાય અને ખોટો સમય બતાવે. એક સેકન્ડ એટલે ખરેખર કેટલો સમય? આંખના પલકારા જેટલો! આંતરરાષ્ટ્રીય સમયનું માપ પૃથ્વીની સૂર્ય ફરતે પ્રદક્ષિણાના સમય સાથે જોડાયેલું હતું. પૃથ્વી સૂર્યનું એક ચક્ર પૂરું કરે એટલે એક વર્ષનો સમય વિત્યો તેમ ગણાતું. પરંતુ તેમાંય ચોક્સાઈ રહે નહીં. ૧૯૬૭માં સેસિયમ ક્લોક નામની અણુ ઘડિયાળ સ્થળે સમયને આંતરરાષ્ટ્રીય ગણનાનું પ્રમાણ તરીકે અપનાવાયો.

સેસિયમ ધાતુનો અણુ એક સેકન્ડમાં ૯૧૯૨૬૩૧૭૭૦ વખત ધ્રુજે છે અને તેના સમયગાળામાં કદી વધઘટ થતી નથી. સેસિયમ ક્લોકની રચના જટીલ છે. તેમાં પ્રવાહી સેસિયમને ગરમ કરી વાયુ બનાવાય છે. વાયુના અણુઓ બે ઈલેક્ટ્રો મેગ્નેટીક વચ્ચે પસાર થઈને માઈક્રોવેવ ઉત્પન્ન કરાય છે. ત્યારબાદ તેને દર સેકંડે એક ઝબકારો મારે તેમ ગોઠવાય. આખું સાધન વાતાવરણના ઈલેક્ટ્રો મેગ્નેટીક ફોર્સથી રક્ષિત હોય છે.


**ડૉ. ગાર્ગીબેન વસાવડા**
બી.એસ.એ.એમ.

**ઓનલાઈન આયુર્વેદિક સલાહ**

**તમારા આરોગ્ય માટે હવે ઘર બેઠા મેળવો નિષ્ણાત સલાહ**

- આયુર્વેદિક સારવાર
- વાળ અને ત્વચાની કાળજી
- પંચકર્મ થેરાપી
- ઓનલાઇન કન્સલ્ટેશન

● અહિંયા પણ મળશે ●

**આયુર્વેદ વિભાગ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી.
**સોમવારથી શનિવાર : સવારે ૧૦ થી ૧**

**આજે જ એપોઇન્ટમેન્ટ બુક કરો : 98980 10809**
**વેબસાઈટ : www.ayuraksha.com**
**ઈ-મેઈલ id : ayurakshaofficial@gmail.com**

*|| Jai Jinendra ||*

**Ankit Shah**
**9512791651**

**SAMBHAV**
**MEDICAL STORES**
**GOVERNMENT APPROVED DRUGGIST & CHEMIST**

Kidney, Cancer, Diabetes, B.P. &
All Life Saving Medicines
Surgical Items &
Expensive Injections are available at
**SPECIAL RATE**

FREE HOME DELIVERY on
Medicines of Rs. 1500/- Within 3 Km Area
Upto20% Discount on Medicine
on Purchase of Rs. 1500/- & Above

GF-3, Oasis Complex, Off Ankur School,
Fatehpura, Paldi, Ahmedabad-380 007.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ – અમદાવાદ દ્વારા અષાઢી બીજ – કચ્છી નવા વર્ષની ઉજવણી

**(રવિવાર, તા. ૧૯-૭-૨૦૨૬)**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અષાઢી બીજ નિમિત્તે કચ્છી નૂતન વર્ષની ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક - શાહીબાગના હોલમાં યોજાયો હતો.

પ્રારંભે રાષ્ટ્રગાન અને કુ. રાશિ પરમારનાં સ્વાગત નૃત્ય બાદ કચ્છી સમાજના હોદ્દેદારો – પ્રમુખશ્રી કૈલાસદાન ગઢવી, માનદ્ મંત્રી શ્રી ભરત ઓઝા, ઉપપ્રમુખો શ્રી અતુલ સોની, શ્રી નરશીભાઈ પટેલ, શ્રી શશીકાંત પીંડોરિયા, સહમંત્રી શ્રી શૈલેષ કંસારા, ખજાનચી શ્રી મનુભાઈ કોટડિયા, સહ ખજાનચી શ્રી સંજય રાઠોડ મંચસ્થ થયા હતા. અતિથિ વિશેષ તરીકે શ્રી હરીશભાઈ રંગવાલા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ભરત ઓઝાએ સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. કચ્છી સમાજ - અમદાવાદના સ્થાપનાકાળથી જેમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે તેવા શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા તથા શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કરનું કચ્છી શાલ તેમજ સન્માનપત્રથી સન્માન કરાયું હતું. પ્રમુખ કૈલાસદાન ગઢવીએ કચ્છી સમાજ દ્વારા “કચ્છી જી બારી” ઍપનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદ સ્થિત કચ્છી એન્જિનિયર જય કટ્ટા દ્વારા તૈયાર થયેલી ઍપને આખરી ઑપ આપવા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અતુલ સોની તેમજ ખજાનચી શ્રી મનુભાઈ કોટડિયાએ જહેમત ઉઠાવી હતી.

હની શૈલેષ કંસારા દ્વારા તૈયાર થયેલી સંસ્થાના કાર્યક્રમોની ડોક્યુમેન્ટરીનું પ્રેઝન્ટેશન કરાયું હતું.

આ તકે કચ્છ તેમજ ગુજરાતના વિવિધ શહેર ઉપરાંત મુંબઈ, પૂના જેવા અનેક શહેરોમાં ‘મ્યુઝિકલ હાઉસી કિંગ’ તરીકે ખ્યાતિ પ્રાપ્ત લય અંતાણીનો કાર્યક્રમ યોજાયો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન કચ્છ ગોધરાના વતની અને હાસ્ય કલાકાર પીયૂષ મહારાજે હાસ્યશૈલી દ્વારા પ્રેક્ષકોને રમૂજ કરાવી હતી.

સંચાલન હસિત અંજારિયા અને કુ. દૃષ્ટિ મહેતાએ તથા આભારવિધિ નરશીભાઈ પટેલે કર્યા હતા.

### લય અંતાણીને અંજલિ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત અષાઢી બીજની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા કાર્યક્રમમાં લય અંતાણીની મ્યુઝિકલ હાઉસીના યોજાયેલા કાર્યક્રમ બાદ બીજા દિવસે સવારે જ તેમના અકસ્માતે નિધનના સમાચાર મળતાં સૌ કચ્છી પરિવારોએ એક મોટો આંચકો અનુભવ્યો હતો અને સ્વર્ગસ્થના પરિવાર પ્રતિ હાર્દિક સંવેદના પાઠવી છે.

## શ્રી વાગડ બે ચોવીસી સ્થાનકવાસી વીસા શ્રીમાળી જૈન સમાજનું અમદાવાદમાં બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ અને સમાજ ભવનનું ઉદ્‌ઘાટન અને લોકાર્પણ

*“માત્ર બે હજાર પરિવારોનો નાનો સમાજ કચ્છ, સુરત, મુંબઈ, અમદાવાદ સહિત અનેક સ્થળોએ વહેંચાયેલો હોવા છતાં તેમના સમાજના દીકરા-દીકરીઓની હોસ્ટેલના ઉદ્‌ઘાટન પ્રસંગે આટલી મોટી ઉપસ્થિતિ રહેવા પામેલ છે તથા અમદાવાદના હૃદય સમાન વિસ્તારમાં આવા ભવ્ય ભવનનું નિર્માણ આ સમાજની ખુમારી અને સમાજ નિષ્ઠાનું પ્રતીક છે.”*

– આ શબ્દો છે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના, જેમણે વાગડ બે ચોવીસી જૈન સમાજના બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તથા સમાજ ભવનના ઉદ્‌ઘાટન અને લોકાર્પણ કરતી વખતે સમારંભમાં ઉપસ્થિત સમૂહને ઉદ્‌બોધન કરેલ હતા.

અમદાવાદમાં જોધપુર ચાર રસ્તા પાસે અંબુજા નગરની પાસે આવેલ, શ્રી જયમાં સોસાયટીને અડીને તથા સગુન ટાવરની સામે ત્રણ બંગલાની જગ્યામાં વિશાળ વીબીસી સંકુલનું નિર્માણ કરાયું છે. આ સંકુલમાં ૨૫ રૂમોમાં ૭૫ વિદ્યાર્થીઓ, ૨૬ રૂમોમાં ૭૮ વિદ્યાર્થિનીઓ તથા ૨૫ રૂમો મહેમાનો માટે અતિથિ ભવન સ્વરૂપે બનાવવામાં આવેલ છે. આ સિવાય આ સંકુલમાં વિદ્યાર્થીઓ માટે લાઈબ્રેરી, જીમ, ભોજનાલય, ટ્રસ્ટીરૂમ, કોન્ફરન્સ રૂમની વિવિધ સુવિધાઓ પણ કરવામાં આવી છે.

VBC સમાજના ભવનનો ઉદ્‌ઘાટન અને લોકાર્પણ કાર્યક્રમ જુલાઈ ૨૦૨૬ની ૧૮ અને ૧૯ તારીખે યોજાઈ ગયો. આ પહેલાં ૧૭ જુલાઈના અષાઢી બીજે કચ્છી નવા વર્ષના શુભ દિને VBC મોટા સમાજના પ્રમુખ તથા ભવન નિર્માણ સમિતિના કન્વીનર શ્રી કીર્તિભાઈ કે. સંઘવીએ જૈન સંસ્કાર વિધિથી ભવનમાં પૂજન કરાવી મુહૂર્તને સાચવી લીધું હતું.

તા. ૧૮-૭-૨૦૨૬ના રોજ સમગ્ર કચ્છ, સુરત, મુંબઈ, અમદાવાદ, દુબઈ તથા દેશના વિભિન્ન શહેરોમાં વસતો VBC સમાજ મોટી સંખ્યામાં ઉપસ્થિત થયો હતો. તા. ૧૮-૭-૨૦૨૬ના બપોરના ભોજન બાદ શેલામાં યોજાયેલ સમારંભમાં અમદાવાદ VBC મહિલા મંડળ દ્વારા યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ સમાજના મોવડીઓ, VBC સમાજના પૂર્વ શેઠ શ્રી નાનાલાલ મહેતા, VBC સમાજના પૂર્વ પ્રમુખો તથા વર્તમાન અધ્યક્ષ શ્રી કીર્તિભાઈ સંઘવી દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. ભવન બાંધકામ સમિતિના શ્રી અશ્વિન પારેખે ભવન નિર્માણ કાર્યવાહીનો ચિતાર રજૂ કર્યો હતો. સૌ કમિટી મેમ્બર્સનું બહુમાન કરાયું હતું.

બાંધકામ સમિતિની કાર્યવાહી તથા દાતાઓની ઉદારતાને VBC મોટા સમાજના પ્રમુખ શ્રી કે.કે. સંઘવીએ દિલથી બિરદાવતાં સમાજના વિકાસમાં તેમની ભૂમિકાની પ્રશંસા કરી હતી. સમાજના સંકુલના રૂા. ૧ લાખના દાતાઓના સન્માનપત્રનું વાંચન VBC સમાજના ખજાનચી શ્રી જીતેન્દ્ર ખંડોરે અને રૂા. ૫ લાખના દાતાઓના સન્માનપત્રનું વાંચન VBC સમાજના મંત્રી શ્રી ચંદુલાલ સંઘવીએ કર્યું હતું.

સમાજના વિવિધ આગેવાનો દ્વારા મોટી રકમના દાતાઓ (રૂા. ૧૧ લાખ કે તેથી વધુ રકમના)ને સ્ટેજ પર બોલાવી સન્માનપત્ર અર્પણ કરાયા હતા. સૌ દાતાઓએ ઉપસ્થિત રહીને હર્ષ અનુભવ્યો હતો. પહેલા દિવસનો કાર્યક્રમ બપોરે ૩ વાગે શરૂ થયો હતો. જે અડધા કલાકના ભોજન વિશ્રામ સાથે રાત્રે ૧૧ વાગ્યા સુધી નિરંતર ચાલ્યો હતો. તેમાં વિવિધ આગેવાનોનાં પ્રવચનો અને અમદાવાદ VBC મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રદર્શિત થયા હતા.

કાર્યક્રમના બીજા દિવસે, રવિવાર, તા. ૧૯-૭-૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગે VBC સંકુલ, જોધપુર ચાર રસ્તા પાસે, સમાજના સૌ સભ્યો અને આગેવાનોની ઉપસ્થિતિમાં ભવનનું પ્રત્યેક દાતાઓ દ્વારા લોકાર્પણ કરાયું હતું. આ કાર્યક્રમ બહુ જ રોચક અને ખુશીસભર રહ્યો હતો.

આ ભવન નિર્માણમાં ચાલીસ કરોડથી વધુનો ખર્ચ કરાયો છે. સમગ્ર આર્થિક સહયોગ માત્ર VBC સમાજના સભ્યો દ્વારા જ કરાયો છે. ૩૦ મહિનાથી ઓછા સમયમાં ભવન નિર્માણનું કાર્ય પરિપૂર્ણ થયેલ છે. ઓગસ્ટ ૨૦૨૬માં જ સંકુલમાં બોયઝ એન્ડ ગર્લ્સ વિદ્યાર્થીઓ ઉપસ્થિત થઈ જશે કે જ્યાં ૧૫૩ વિદ્યાર્થીઓની વ્યવસ્થા છે. અત્યારે ૨૦ નામ પ્રતીક્ષા સૂચિમાં છે. અર્થાત્ ઉદ્‌ઘાટન પહેલા જ ભવન હાઉસફૂલ છે.

આ ભવન નિર્માણમાં સમાજના દરેક સ્તર પરથી કાર્યકરો તથા સભ્યોનો પૂરો સહયોગ રહ્યો છે. દાતાઓએ ઉત્સાહથી ફાળો આપેલ છે. કાર્યકરોના નિષ્ઠાપૂર્વકના પરિશ્રમથી સાત માળના ભવનનું કાર્ય અપેક્ષિત ગતિએ પૂર્ણ થયેલ છે.

*– રસિકલાલ ખીમજી મહેતા*

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ દ્વારા ‘શેઠ રાયચંદ ધરમશી ભવન’નું ભવ્ય લોકાર્પણ

***અમદાવાદમાં અચલગચ્છના સાધ્વીજી ખાનદેશ રત્ન પ.પૂ.ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણાના ચાતુર્માસ પ્રવેશ અને શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ નિર્મિત ‘શેઠ રાયચંદ ધરમશી ભવન’નું ભવ્ય લોકાર્પણ.***

અમદાવાદના પાલડી વિસ્તારમાં પી.ટી. ઠક્કર કૉલેજ રોડ પર શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ નિર્મિત “શેઠ રાયચંદ ધરમશી ભવન” ખાતે ખાનદેશના શાસન પ્રભાવિકા પરમ પૂજ્ય સાધ્વીશ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા તેમના સાધ્વી મંડળના ચાતુર્માસ પ્રવેશ સાથે ભવનના લોકાર્પણનો ઐતિહાસિક મહોત્સવ ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવાયો.

પરમ પૂજ્ય આચાર્ય ભગવંતોના આશિર્વાદ અને સંતવર્ગની પાવન નિશ્રામાં યોજાયેલા આ પ્રસંગે અમદાવાદ સહિત દેશના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ, ટ્રસ્ટીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા. ૮૫૦થી વધુ પરિવારોની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને ભક્તિમય બનાવ્યો.

નૂતન ભવનમાં ધર્મ આરાધના માટે આરાધના ભવન, ભોજનશાળા, હોસ્ટેલ, અતિથિ ગૃહ તેમજ સામાજિક,

• શુભેચ્છા સહ •

વિશનજી ઉમરશી ગડા – કોડાય

શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓ માટેની આધુનિક સુવિધાઓ ઊભી કરાવવામાં આવી છે. ચાતુર્માસ દરમિયાન ગુરુભક્તિ, સ્વાધ્યાય, આરાધના, તપ-જપ અને વિવિધ ધાર્મિક તેમજ સેવાકીય કાર્યક્રમોનું આયોજન થશે. જે સમાજમાં સંસ્કાર, સેવા અને આધ્યાત્મિક જાગૃતિને નવી દિશા આપશે.

આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે દાતાશ્રીઓ, ટ્રસ્ટીમંડળ, યુવા કાર્યકરો તથા તમામ સેવાભાવી કાર્યકરોના સમર્પિત સહયોગની હાર્દિક પ્રશંસા કરવામાં આવી.

ટૂંકા ઈતિહાસ પર નજર કરીએ તો આ ભવનના નિર્માણ કાર્ય માટે પરમ પૂજ્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. તથા પરમ પૂજ્ય મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં તા. ૫ જૂન, ૨૦૨૫ના રોજ 'શેઠ રાયચંદ ધરમશી ભવન'નું વિધિપૂર્વક શિલાન્યાસ તેમજ તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ નવરાત્રિ મહોત્સવના પ્રથમ દિવસે શુભ મુહૂર્તમાં ભવનના નિર્માણ કાર્યનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

માત્ર ૧૦ મહિનાના ટૂંકા ગાળામાં આશરે ૨૫,૦૦૦ સ્કે.ફૂટનું PT કેબલ સ્લેબવાળું મજબૂત બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ.

ચાતુર્માસની પૂર્ણાહુતિ બાદ સંસ્થા દ્વારા અતિથિગૃહ, હોસ્ટેલ અને અન્ય સામાજિક સેવાઓ અહીં શરૂ કરવામાં આવશે.

શેઠ રાયચંદ ધરમશી ભવનના સાત માળના મકાનમાં ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક કાર્યોને વાચા આપવામાં આવશે.

આ ભવનના ★ પહેલા માળે : વ્યાખ્યાન હોલ તેમજ ગોચરી અને સ્વાધ્યાય રૂમ. ★ બીજા માળે : એ.સી. ભોજનશાળા, ★ ત્રીજા માળે : લગ્ન, બર્થ ડે પાર્ટી, સાંજી કે અન્ય સામાજિક પ્રસંગો યોજવા માટેનો એ.સી. વિવિધલક્ષી હોલ. ★ ચોથા માળે : એ.સી., ટી.વી., ફ્રીજ અને આધુનિક સુખ-સુવિધા સાથેના સાત ગેસ્ટ રૂમો. ★ પાંચમા માળે : કેન્ટીન અને આધુનિક સગવડોવાળા રસોડા સાથેના બીજા પાંચ ગેસ્ટ રૂમો. ★ છઠ્ઠા માળે : કુલ ૨૦ વિદ્યાર્થીઓને સમાવી શકાય તેવા અદ્યતન સુવિધાઓ સાથેના ૭ વિદ્યાર્થીરૂમો, સ્ટડી અને લાઈબ્રેરી રૂમ. ★ સાતમા માળે : સાંસ્કૃતિક હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

*– દેવેશ દંડ*

### ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય અને મેગેઝીન કલબ - અમદાવાદના સંયુક્ત ઉપક્રમે

## 'સામયિક સંવાદ' કાર્યક્રમ : PRASAR યોજનાનો પ્રારંભ

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય અને મેગેઝીન કલબ – અમદાવાદના ઉપક્રમે આયોજિત સામયિક સંવાદ "પ્રસાર" (PRASAR – Periodical Resource Access & Scholarly Archive Repository) પરિચય કાર્યક્રમ તા. ૨૮-૦૬-૨૦૨૬ના રોજ ગુજરાત વિદ્યાપીઠના UHP હોલ ખાતે સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેગેઝીન કલબ - અમદાવાદના પ્રમુખ શ્રી પી.કે. લહેરી ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ સામયિકોના પ્રકાશકશ્રીઓ, સંપાદકશ્રીઓ તેમજ તંત્રીશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ ૫૦થી વધુ પ્રકાશકો, તંત્રીઓ, સંપાદકો સહભાગી થયા હતા.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પ્રિન્ટ સ્વરૂપે પ્રકાશિત થતા સામયિકોના ડિજિટાઈઝેશન, ડિજિટલ સંરક્ષણ અને જ્ઞાનના વ્યાપક પ્રસાર માટે ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા વિકસાવવામાં આવેલી PRASAR (Periodical Resource Access & Scholarly Archive Repository) યોજનાનો પરિચય કરાવવાનો તેમજ ડિજિટાઈઝેશન ક્ષેત્રે શરૂ કરવામાં આવેલી કન્સલ્ટન્સી સેવાઓ વિશે માહિતી આપવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત શ્રી જગદીશભાઈ પરીખ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી.

શ્રી ભીમજીભાઈ નાકરાણીએ મેગેઝીન કલબ – અમદાવાદનો પરિચય આપી સંસ્થાની પ્રવૃત્તિઓ અને સામયિક ક્ષેત્રે તેના યોગદાન અંગે માહિતી આપી હતી.

ડૉ. પ્રદીપભાઈ પટેલ દ્વારા ગ્રંથાલયની સેવાઓ અને પ્રવૃત્તિઓ વિશે પરિચય આપવામાં આવ્યો અને PRASAR યોજનાની માહિતી આપતું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું, જેમાં

॥ શુભેચ્છા સહ... ॥
**ગણેશ ચિક્કી પરિવાર – અમદાવાદ**
**જયંતીભાઈ નીસર (વડાલા - કચ્છ)**

આજના ડિજિટલ યુગમાં પ્રિન્ટ સામયિકોના સંરક્ષણની આવશ્યકતા, ગુજરાતી સામયિકોની વર્તમાન સ્થિતિ તથા ડિજિટાઈઝેશનની અનિવાર્યતા અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવી.

ડૉ. વિરલ આસજોલા દ્વારા વિદ્યાપીઠ ત્રૈમાસિકનો લાઈવ ડેમો આપવામાં આવ્યો. PRASAR યોજનાની કાર્ય પદ્ધતિ, સામયિકોના ડિજિટાઈઝેશનની પ્રક્રિયા, ડિજિટલ આર્કાઈવિંગ, મેટાડેટા નિર્માણ તેમજ ડિજિટલ માધ્યમ દ્વારા સામયિકોને વાચકો સુધી પહોંચાડવાની વ્યવસ્થા અંગે વિસ્તૃત માહિતી રજૂ કરવામાં આવી હતી.

ઉકત પ્રસ્તુતિ બાદ ઉપસ્થિત પ્રકાશકો અને સંપાદકો સાથે પ્રશ્નોતરી તથા સંવાદ સત્ર યોજાયું હતું, જેમાં યોજનાના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિતોએ યોજનામાં રસ દાખવી પોતાના સૂચનો અને અભિપ્રાયો વ્યકત કર્યા હતા.

મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરતાં માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલે જણાવ્યું કે જ્ઞાનનું સર્જન જેટલું મહત્ત્વનું છે એટલું જ તેનું સંરક્ષણ અને વ્યાપક પ્રસાર પણ જરૂરી છે. તેમણે જણાવ્યું કે ગુજરાત વિદ્યાપીઠ મહાત્મા ગાંધીજીના જ્ઞાન અને સમાજ સેવાના આદર્શોને અનુસરીને સમયની જરૂરિયાત મુજબ સતત નવી પહેલો કરી રહ્યું છે. ડિજિટલ યુગમાં જ્ઞાનને વધુ સુલભ અને સુરક્ષિત બનાવવાની દિશામાં PRASAR યોજના મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી શ્રી પી. કે. લહેરીએ મેગેઝીન કલબ – અમદાવાદની પ્રવૃત્તિઓ વિશે તથા ગુજરાતી સામયિકોની સમૃદ્ધ પરંપરા અને તેમના સંરક્ષણના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે ગુજરાતી ભાષાના અનેક મૂલ્યવાન સામયિકો આજે પણ માત્ર પ્રિન્ટ સ્વરૂપમાં ઉપલબ્ધ હોવાથી તે સંશોધકો અને ભાવિ પેઢી સુધી સરળતાથી પહોંચી શકતા નથી. આવી સ્થિતિમાં ડિજિટાઈઝેશન માત્ર સમયની માંગ જ નહીં, પરંતુ જ્ઞાન વારસાના સંરક્ષણ માટેની જવાબદારી પણ છે.

કાર્યક્રમના સંવાદ સત્રમાં ઉપસ્થિત પ્રતિનિધિઓએ ગુજરાતની સામયિકોના ડિજિટાઈઝેશન, કોપીરાઈટ, ડિજિટલ સંરક્ષણ, ઑપન એકસેસ, ઈન્ડેક્સિંગ અને સંસ્થાઓ વચ્ચેના સહયોગ જેવા મુદ્દાઓ પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કર્યા. ઉપસ્થિત સૌએ PRASAR જેવી પહેલને વર્તમાન સમયની જરૂરિયાત ગણાવી અને ભવિષ્યમાં આ કાર્ય સાથે જોડાવાની તૈયારી દર્શાવી.

અંતમાં ડૉ. રંજન મકવાણાએ ઉપસ્થિત મહેમાનો, પ્રકાશકો, પ્રતિનિધિઓ તથા કાર્યક્રમના સફળ આયોજનમાં સહયોગ આપનાર સૌનો આભાર વ્યકત કર્યો હતો.

સુશ્રી ગાયત્રી પ્રજાપતિએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. PRASAR માત્ર ગુજરાત વિદ્યાપીઠની પહેલી પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ સમગ્ર ગુજરાતી જ્ઞાન જગત માટે ડિજિટલ સંરક્ષણ, શૈક્ષણિક સહયોગ અને વૈશ્વિક જ્ઞાન પ્રસારનું એક વિશ્વસનીય માધ્યમ બનશે. આ પહેલ દ્વારા ગુજરાતી જ્ઞાન વારસાનું સંરક્ષણ થશે, સંશોધનને નવી દિશા મળશે અને ભાવિ પેઢીઓ માટે અમૂલ્ય જ્ઞાનસંપદા સુરક્ષિત રહેશે.

## દિલ્હી ગુજરાતી સમાજની રાષ્ટ્રીય પર્વ સમિતિના અધ્યક્ષની વરણી

દિલ્હી ગુજરાતી સમાજના ટ્રસ્ટી મંડળ અને વ્યવસ્થાપક મંડળની મળેલી સંયુક્ત બેઠકમાં બંધારણની કલમ-૧૭ મુજબ વર્ષ ૨૦૨૬-૨૭ માટે **પરેશભાઈ કંસારા**ની રાષ્ટ્રીય પર્વ સમિતિના અધ્યક્ષ તરીકે વરણી કરાઈ હતી.

સમાજના માનદ્ મંત્રી સીએ હિતેશ અંબાણીએ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, પરેશભાઈની કાર્યધ્યક્ષતા, માર્ગદર્શન અને નેતૃત્વમાં રાષ્ટ્રીય પર્વ સમિતિ નવા આયામો સ્થાપિત કરશે અને સમાજહિતના અનેક રચનાત્મક અને પ્રેરણાદાયી કાર્યો કરશે, તેવી આશા વ્યક્ત કરી સમિતિના સંયોજીકા દક્ષા પંચાલનો સંપર્ક કરી સમિતિની રચના કરવા શ્રી કંસારાને જણાવ્યું હતું.

આ જવાબદારી માટે તેમજ ઉજ્જવળ કાર્યકાળ માટે શ્રી કંસારાને ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તથા સમાજ તરફથી શુભ કામનાઓ પાઠવાઈ હતી.

*Shailen Vijaysen Shah*
*M. 98240 01166*

**SPACE UNLIMITED**
**REAL ESTATE CONSULTANT**
**DEALING IN PALDI AREA**

## અનશનવ્રતધારી જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ છેડાની ૭૫મી જન્મ જયંતિની ઉજવણી ભુજ ખાતે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે કરવામાં આવી

શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ અનશનવ્રતધારી જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ છેડાની ૭૫મી જન્મ જયંતિ નિમિત્તે ભુજ ખાતે નિઃશુલ્ક આયુર્વેદ નિદાન અને સારવારના કેમ્પનું વિવિધ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી ગિરીશભાઈ છેડાએ જણાવ્યું હતું કે અમારા વડીલ મુરબ્બી શ્રી તારાચંદભાઈ છેડાએ શરૂ કરેલ સેવાકીય પ્રવૃત્તિઓ વધુ ને વધુ આગળ વધારીને છેવાડાના માનવીને આરોગ્યની યોગ્ય સારવાર મળે તે માટે અવાર નવાર આવા વિના મૂલ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરી સ્વસ્થ રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવામાં આવશે.

આ પ્રસંગે ઉપસ્થિત કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી દેવજીભાઈ વરચંદે સંસ્થા દ્વારા કરવામાં આવતી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી આવા સુંદર કાર્યો બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

આ કેમ્પમાં સેવા આપનાર વૈદ્ય ડો. પ્રતીકભાઈ પંડ્યા (આયુર્વેદાચાર્ય) એ જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની આડઅસર વિનાની આયુર્વેદ, યોગ તથા નેચરોથેરાપીની સારવારથી ગમે તેવી જટીલ બીમારી ધરાવતા દર્દીનું નિદાન કરવામાં આવે તો અસાધ્ય બીમારીથી દર્દીને જલ્દી સ્વસ્થ કરી બીમારીને જડમૂળથી નાશ કરી શકાય છે. આ પ્રસંગે યોજાયેલ કેમ્પમાં બતાવવા આવનાર દર્દીઓને તપાસણી કરી આયુર્વેદ ઔષધ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સખીવૃંદના પ્રમુખ શ્રી પ્રીતિબેન છેડાએ જણાવ્યું હતું કે વૈદ્ય ડૉ. પ્રતીકભાઈ પંડ્યા (આયુર્વેદાચાર્ય) ક.વી.ઓ. સંકુલ મધ્યે આવેલ અમરસન્સ ભવન મધ્યે દર્દીઓની તપાસણી કરે છે. તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમોને સફળ બનાવવા માટે સંસ્થાના જનરલ મેનેજર શ્રી અંકિત ગાલા, શ્રી હરનીશભાઈ મહેતા, સંસ્થાના કર્મયોગી કેયુર ભાવિકે જહેમત ઉઠાવી હતી. નવનીત ભોજનાલયના સંચાલક શ્રી ભરતસિંહ સોનેગરાએ ઉપસ્થિત લોકોને જૈન સાઉથ ઈન્ડિયન ભોજન જમાડ્યા હતા.

## અનશનવ્રતધારી જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ છેડાની ૭૫મી જન્મ જયંતિની ઉજવણી મુંદ્રામાં સેવાકીય પ્રવૃત્તિઓ સાથે કરવામાં આવી

સમાજરત્ન, સેવાના ભેખધારી અને પૂર્વ રાજયમંત્રી અનશનવ્રતધારી તારાચંદભાઈ છેડાની ૭૫મી જન્મ જયંતિની મંગળવાર, તા. ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ મુંદ્રાની જનસેવા દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે ઉજવણી કરાઈ હતી અને ગરીબ વસાહતમાં બાળકોને અલ્પાહાર, બિસ્કીટ, ચોકલેટ સહિતની વિવિધ આઈટમો તેમજ શહેરના જરૂરતમંદ પરિવારોને રાશનકીટોનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે મુંદ્રા બારોઈ નગરપાલિકાના પ્રમુખ ભોજરાજ ગઢવીએ જણાવ્યું હતું કે અનશનવ્રતધારી તારાચંદભાઈ અમારા આદર્શ હતા અને સેવાના ભેખધારી હતા. કચ્છમાં ભૂતકાળમાં દુષ્કાળ સમયે ગાયો માટે તેમની સેવા હજુ પણ લોકોના માનસપટમાં છે.

જનસેવાના રાજ સંઘવીએ જણાવ્યું કે અનશનવ્રતધારી તારાચંદભાઈ છેડા જનસેવાના માર્ગદર્શક અને પ્રેરક હતા. તેમની પ્રેરણા અને તેમના સહયોગથી જનસેવાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને વેગ મળ્યો હતો.

આ પ્રસંગે સુધરાઈના કારોબારી ચેરમેન ધમભા ઝાલા, શાસક પક્ષના નેતા દિલીપ ગોર, ધ્રુવરાજસિંહ ચુડાસમા, કરણ મહેતા તેમજ શહેરના અગ્રણી વેપારીઓ વસંતભાઈ ગડા અને રમેશભાઈ પિત્રોડા હાજર રહ્યા હતા તેમજ જનસેવાના રાજ સંઘવીએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

Ashish Shah : M. 93761 37765
Parag Shah : M. 72081 22394

**Mahavir Trading – Ahmedabad**
**Brilliant Dyes – Mumbai**

*DEALS IN DISPOSABLE ITEM & DYES AND CHEMICALS*

## હેમરાજ શાહ : ગુજરાતી અને મરાઠીમાં ૩૭ વાર નિબંધ સ્પર્ધા યોજવાનો વિક્રમ

ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રોત્સાહન માટે હેમરાજ શાહ દ્વારા ગુજરાતી ભાષામાં ૩૩ અને મરાઠી ભાષામાં ચાર નિબંધ સ્પર્ધા યોજી છે અને રૂા. ૨૫ લાખના ઈનામ અને ૧૦૦૦ ઉપરાંત જણને પ્રશસ્તિ પત્ર આપ્યા છે. જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને દેશવિદેશના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. માટે એમને વર્લ્ડ બુક ઓફ સ્ટાર રેકોર્ડ સર્ટીફિકેટ એનાયત કર્યું છે.

ગુજરાતી લેખકોને પ્રોત્સાહિત કરવા 'ભૂકંપના બે દાયકા પછીનું કચ્છ' વિષય પર નિબંધ સ્પર્ધા યોજી છે. જેમાં વિજેતાઓને કુલ રૂા. ૭૫,૦૦૦ના ઈનામ આપ્યાં હતાં. ઉપરાંત આજનાં વર્તમાનપત્ર પાસેથી અમારી અપેક્ષા પર નિબંધ સ્પર્ધા માટે રૂા. ૨ લાખનાં ઈનામ અપાયાં હતાં.

વિવિધ પ્રસંગો, ઘટનાઓ અને અવસરોને વિષયો નિબંધ સ્પર્ધા માટે પસંદ કરવામાં આવે છે. કુલ ૩૭ નિબંધ સ્પર્ધાના વિજેતાઓનાં ૩૭ પુસ્તકો પણ છપાયાં છે. અને એ પુસ્તકો નિબંધ વિજેતાઓને વિનામૂલ્યે મોકલતાં હતાં. હેમરાજભાઈ ૨૦૦૦થી ૨૦૧૪ સુધી ૧૪ વર્ષ મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના કાર્યાધ્યક્ષ હતા ત્યારે સરકાર પાસેથી ૩૫ લાખ રૂપિયાનું ભંડોળ દર વર્ષે લાવી નવા લેખકોનાં પુસ્તક છાપવા દરેકને રૂા. ૨૫૦૦૦/- આપતા હતા. તેઓ બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના અને મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના સંસ્થાપક અધ્યક્ષ પણ છે.

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા

કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે કાવ્ય પઠન સાથે સાહિત્ય ગોષ્ઠિની બેઠક દિલીપ આચાર્યના પ્રમુખ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં મગનભાઈ ઠક્કરે સ્વરચિત રચના રજૂ કરેલ. ચંદુલાલ ગોર તથા રાજેશ સોનીએ રચના રજૂ કરેલ. જેમાં કલરવ સાહિત્ય ટ્રસ્ટ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પુસ્તક 'કસક'નું વિવેચન ધર્મેન્દ્રસિંહ ઝાલાએ કરતાં દિલીપ આચાર્યને કલરવ સર્જક તરીકે શિલ્ડ / પુસ્તક મળવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા. અન્ય કૃતિ ઉષા દાવડા, મણિલાલ રૂઘાણી, છાયા શાહ, મનીષા વીરા, અંજના ગોસર, હરેશ ગડા વગેરેની રચનાઓનું પઠન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રુપ સભ્યોને લાભ મળેલ હતો.

## માણસોના હજારો રંગ બદલાતા પણ જોયા છે મેં

બેજુબાન પથ્થર પર
લાખોના ઘરેણા લટકતા જોયા છે મેં
અને મંદિરની સીડી પર
એક રૂપિયા માટે તરસતું
દેશનું ભવિષ્ય પણ જોયું છે મેં.

સજાવ્યા છપ્પનભોગ
અને મીઠા મેવાઓ એવા 'મૂરત'ની સામે
મંદિરની બહાર એક માનવને ભૂખથી તડપતો
જોયો છે મેં

ઓઢાડેલી છે રેશમી ચાદરો
તે મજાર પર બહાર એક વૃદ્ધ માતાને
ઠંડીથી થરથર કંપતી જોઈ છે મેં.

મૂર્ખ દઈ આવ્યો છે લાખો રૂપિયા
મંદિર નિર્માણ માટે
એના ઘરમાં માત્ર ૫૦૦ રૂપિયા માટે
કામવાળી બાઈને બદલતા જોઈ છે મેં

સાંભળ્યું છે ચડ્યો છે મંદિરના પગથિયા
તેના દુઃખના નિવારણ માટે
એના જ મા-બાપને
અનાથાશ્રમમાં રડતા કકળતા પણ જોયા છે મેં

સળગાવતા રહ્યા તે અખંડ જ્યોત
સાચા દેશી ઘી થી
ગરીબ ભૂખ્યા તરસ્યા
બટકું રોટલા માટે ઝઘડતા જોયા છે મેં.

જેણે નથી આપી મા-બાપને ભરપેટ રોટલી ક્યારેય
આજ અચાનક તેને સમાજમાં સમૂહ ભોજન
કરાવતા જોયા છે મેં.

કહેવા માટે શબ્દો પણ ઓછા પડે છે મારા હવે
માણસોના હજારો રંગ બદલતા પણ જોયા છે મેં.

***પ્રભુલાલ એમ. સંઘવી***
***મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬***

*મોત વેળાની આ ઐયાશી નથી ગમતી 'મરીઝ'*
*હું પથારી પર રહું ને આખું ઘર જાગ્યા કરે.*
*– મરીઝ*

Marengo Asia Hospitals

**Dr. Dhiren Shah**
MB, MS, Mch (CVTS), FICS
Director - Consultant Cardiac Surgeon
Director - Heart Transplant Programme and Mechanical Circulatory Support (MCS) Programme





**Service Offered :**

- CABG
- VALVE SURGERY
- HEART FAIURE SURGERY
- MINIMALLY INVASIVE HEART SURGERY (MICS)
- ROBOTIC SURGERY
- HIGH RISK HEART SURGERY
- HEART TRANSPLANT
- LUNG TRANSPLANT
- TAVI TAVR

**For Appointment : 1800 309 9999**
**OPD Co-ordinatar**
**Vipul Desai : +91-98795 66808**
**Clinical Co-ordinator**
**Sophy Patel : +91-99797 77655**
**Transplant Co-ordinator**
**Sunil Agrawal : +91-79843 40896**

Transplant OPD, 2nd Floor, Marengo Asia CIMS Hospital, CIMS Hospital Road, Panchamrut Bunglows II, Sola, Ahmedabad, Gujarat 380060.

**+91 9825575933** **dhiren.shah@cims.org** **www.dhrenshah.in**



# SAHAJ GASTRO & LIVER CLINIC

4th Floor, 401, Anikedhya Capital 2, Mahalaxmi Five Road,
Opp. Badshah Dairy, Paldi, Ahmedabad, Gujarat 380007.

## Dr. Kaivan Shah

MD (Medicine)
DM (Gastro Enterology & Hepatology) Gold Medalist

**• Timings •**
Mon to Sat : 11:30 AM to 04:00 AM
Mon to Sat : 06:30 PM to 08:00 PM

**Appointment : 8849320675, 079-48900882**

Sunday Closed • The Clinic is open from 9:30 to 8:30

Review : http://g.page/r/CbmPhq_2ihYMEA/review
Directions : http://g.co/kgs/NJsCwUt
Website : https://sahajgastro.in/

Like & Follow :
http://www.facebook.com/sahajgastro
http://www.instagram.com/sahajgastro/

Shailesh Mehta
Mo : 9427061996
7984472249

NAVKAR
T-A-X
CONSULTANCY

Income Tax Return and Audit

- GST Return
- ROC Work
- Loan
- Financial Planning
- Insurance
- Mutual Fund / SIP

202, Shoppers Plaza-4, Opp BSNL Exchange, C. G. Road
Ahmedabad-380009

Vinod Dedhia
M. : 98240 27041

इंडियन ऑयल
Indian Oil

Jay Ambe Petroleum Service

Dealer : Indian Oil Corporation Ltd.

State Highway-41, Kalol, Dist. : Gandhinagar (N.G.) 382 721 India.

Since 1985

**INDOTEX PAINTS**

• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof

PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners

Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in

*Bharat B. Gala*
M. : 93270 05460

SHREE **Raju** ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

**CA. TUSHAR SHAH**

KHANDHAR MEHTA AND SHAH
CHARTERED ACCOUNTANTS
AHMEDABAD

tushar@kmsindia.in
+91 98980 26360

CA INDIA

CA. B. K. Patel
B.Com., LL.B., F.C.A.
Partner
(M) 98250 33927

**B. K. PATEL & CO.**
CHARTERED ACCOUNTANTS
401-404, Vraj Valencia, B/h. Mahindra Show Room, Nr. Sola Overbridge, S. G. Highway, Sola, Ahmedabad-380 060. Gujarat
Ph. : 079-2970 0974/75 • Email : bkpatelandco@gmail.com

**SARDARDHAM**
CA. B. K. Patel
Hon. Secretary
Sardardham, Vaishnodevi Circle, Ahmedabad-382421. Ph. : 7575001548/1596/1438
Mobile : 9825033927 E-mail : info.sardardham@gmail.com | secretary@sardardham.org
Website : www.sardardham.org

*Nipun Solanki*

**CHASE INNOVATION**
M. 92277 22408

વિકાસ શાહ

**એચ. શાહ એન્ડ કું.**
ડાયાલિસિસ મટીરીયલ સપ્લાયર્સ
મો. ૯૮૨૪૦ ૦૧૯૩૮



સુનીલભાઈ ઠક્કર

**ઘનશ્યામ ઈલેક્ટ્રીકલ્સ**
ઈલેક્ટ્રીકલ સામાનના વહેપારી
મો. ૯૪૨૭૫ ૦૮૭૭૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "મંગલ મંદિર"ને ખૂબ ખૂબ શુભેચ્છા...



(એક વાચક સભ્ય તરફથી)

શુભેચ્છા સહ

હસમુખ ઉગરચંદ ગઢેચા પરિવાર
અમદાવાદ

BMCB BANK
ESTD 1995
Multi-State Bank
ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો
- FDR વ્યાજ દર upto 9.00% (as on 10-03-2026) @ with montly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : વર્ષ ૨૦૨૩ / ૨૦૨૪ / ૨૦૨૫ : ૧૨.૦૦%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply

Chandrakant K. Gada
+91-9825069290
BLUE STAR INDUSTRIES
Stainless Steel Re-Rollers
Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

SCHÖN SALONS
REDEFINED

VIJAY CROSS ROAD BRANCH
+91 7801 901 091
SCIENCE CITY BRANCH
+91 7801 901 355
ISKCON AMBLI BRANCH
+91 9904 406 604
Transform your look with expert hair, skin, and makeup services.
Becasue at Schön Salons, every detail of your beauty matters.
with warmest regards,
PRATIK HARIA
franchise opportunity
+91 9998 709 888

*Best Compliments From*
SUJAKO
MANUFACTURERS OF
MODULAR FURNITURE
OFFICES | KITCHENS | WARDROBES
WWW.SUJAKO.COM

JAY ENTERPRISE
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak), Rock Salt Sujji, Black Salt (Sanchar) & All Types of Edible & Industrial Salt
C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899

● શુભેચ્છા સહ ●
પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬


ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions

ડો.હિમાંશુ શાહ [M.S. Mch.(યુરોલોજી)] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત
ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
"પદાધિકારીશ્રીઓ"

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧ ૯૮૬૧૬

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## મંગલ મંદિર ● ઓગસ્ટ – ૨૦૨૬

## ભાગ-૨ : લેખો તથા અન્ય વિગતો

## અનુક્રમણિકા

### એરિસ્ટોક્રેટ્સ

- એરિસ્ટોક્રેટ્સ
  પ્રકરણ-૨૩ : શ્રેષ્ઠી શાંતિલાલ શાહ – ૧ ........ **દેવેન્દ્ર પટેલ**..... ૫૮

### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

- મણકો-૨૬ : પૃથ્વીસિંહ આઝાદ ........ **રાજ ભાસ્કર/અનંત શુક્લ/મધુકાંત પ્રજાપતિ**..... ૬૦

★

- કચ્છ ભારત સંઘમાં ભળ્યું તે પછીનું કેન્દ્ર હસ્તકનું 'ક' રાજ્ય ........ **સંજય પી. ઠાકર**..... ૬૧
- કચ્છી ખારેકનો ઈતિહાસ ........ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૬૨
- જૈન અસ્મિતાના પ્રસારક અને ધર્મતત્ત્વદર્શન મીમાંસક
  વીરચંદ રાઘવજી ગાંધી ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૬૪
- સાંધી દાદા-દાદી પાર્ક – ભુજ ........ **જગદીશચંદ્ર છાયા**..... ૬૬
- ઈન્ડોનેશિયાનું પ્રમ્બાનન મંદિર ........ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૬૭
- શ્રી અરવિંદ અને કચ્છ ........ **હરેશ ધોળકિયા**..... ૬૯
- ભ્રામક ભવિષ્યવાણીઓ ........ **વસંત 'કચ્છ કેસરી'**..... ૭૨
- માનવતાના મંદિરો ........ **ડૉ. કમલેશ એન. શાહ**..... ૭૩
- ઘરની સ્ત્રી :
  ડિગ્રી વગરની 'સુપર સાયન્ટીસ્ટ' અને 'મેનેજર!' ........ ૭૪
- મિત્ર... દોસ્ત! ........ **વસંત 'કચ્છ કેસરી'**..... ૭૫
- ગુજરાતમાં રીંછના બે અભયારણ્ય છે – જાણો છો? ........ **મનીષ જોષી 'મૌન'**..... ૭૭
- તીર્થ દર્શન ........ **પ્રેષક : કે.ડી. શાહ**..... ૭૮
  તીર્થ દર્શન-૧૦૬ : શ્રી ગોડીજી તીર્થ (શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન)
  તીર્થ દર્શન-૧૦૭ : શ્રી મોમ્બાસા (આફ્રિકા) તીર્થ (શ્રી ચિંતામણી પાર્શ્વનાધ ભગવાન)
- બોધકથા : ભક્ત અને ભગવાનનો સંબંધ ........ **વિનોદભાઈ માછી નિરંકારી**..... ૭૯
- વાર્તા : દેવદૂત ........ **મહેશ યાજ્ઞિક**..... ૮૦

**આ ભાગમાં સમાવિષ્ટ કરવામાં આવેલ કાવ્યો :**

- મહેફીલ ........ **મણિલાલ ડી. રૂઘાણી**..... ૬૫
- નથી જિંદગીમાં કોઈ રસ મને ........ **અશ્વિન શાહ**..... ૭૭

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૨૩ ★ શ્રેષ્ઠી શાંતિલાલ શાહ – ૧

# ગુજરાત સમાચાર ભવનમાં કોંગ્રેસ ભવન ખોલવાનું હતું

• લેખક •
દેવેન્દ્ર પટેલ

રાજસ્થાનમાં જોધપુર પાસે ઓશિયા નામનું ગામ છે.

ઘણાં વર્ષો પહેલાં ધંધા રોજગારની ખોજ માટે કેટલાક જૈન વણિક પરિવારો ઓશિયાથી ગુજરાત - અમદાવાદ આવીને વસ્યા. એ વખતે અમદાવાદની વસ્તી એક લાખથી પણ ઓછી હશે. ઓશિયાથી આવેલા મોટા ભાગના જૈનો "ઓસવાલ જૈન" તરીકે ઓળખાયા. ઓસવાલ જૈનો વેપાર-ધંધામાં સાહસિક પ્રજા ગણાય છે. કેટલાક ખંભાત જઈને વસ્યા. કેટલાક અમદાવાદમાં રતનપોળની આસપાસની પોળોમાં રહેવા લાગ્યા. આવું જ એક જૈન ઓસવાલ પરિવાર કે જે રતનપોળ હાથીખાનામાં રહેતું હતું અને શેર બજારનો ધંધો કરતું હતું તે કુટુંબમાં ચાર દીકરા હતા. તે પૈકી મોટા કાંતિલાલ શાહ અને બીજા શાંતિભાઈ શાહ.

૧૯૨૦માં જન્મેલ શાંતિભાઈ અમદાવાદની ન્યુ હાઈસ્કૂલમાં ભણવા લાગ્યા. તે વખતે મેટ્રિકની પરીક્ષા લેવાતી હતી. મેટ્રિકમાં સોએ સો ટકા પરિણામ હાંસલ કરવા સ્કૂલો તત્પર રહેતી. શાંતિભાઈ નાપાસ થશે તેવી એક કાલ્પનિક દહેશતથી સ્કૂલના સંચાલકોએ તેમને મેટ્રિકનું ફોર્મ ના આપ્યું. પરિણામે તેઓ પરીક્ષા જ આપી શક્યા નહીં.

પિતાએ તેમને કેટલાક ધંધાઓ બતાવ્યા પરંતુ તેમને રસ પડ્યો નહીં. મોટાભાઈએ ૧૯૩૮માં કે. શાહ નામની કંપની સ્થાપી જાહેરખબરનો ધંધો શરૂ કર્યો હતો. શાંતિભાઈ પણ એ ધંધામાં જોડાયા. તેમની પાસે એક સાઈકલ હતી. સાઈકલ લઈને દૂરદૂરની મિલો અને ફેક્ટરીઓમાં ફરવા લાગ્યા. એ વખતે ગુજરાત સમાચાર રેવડી બજારમાંથી પ્રગટ થતું હતું. 'પ્રભાત'ની પણ બોલબાલા હતી. આઝાદીની ચળવળ પૂરજોશમાં ચાલતી હતી. શાંતિભાઈ જાહેરખબરો લાવીને અખબારની કચેરીઓમાં જતા પરંતુ પહેલેથી જ તેમને 'ગુજરાત સમાચાર' માટે અત્યંત લગાવ હતો. જાહેરખબરો આપીને તેઓ ઘેર જતા રહેતા નહીં. મોડી રાત સુધી રોકાતા. અખબારોમાં છાપવા માટે લખાતા સમાચારો જોતા. જરૂર પડે સલાહ સૂચન પણ આપતા.

વિજ્ઞાપન વ્યવસાયના કારણે શહેરના તમામ મિલમાલિકો અને ફેક્ટરીઓના માલિકો સાથે સીધો સંબંધ હતો. અમદાવાદનો કોઈ એવો મોટો માણસ નહોતો જેમની સાથે તેમનો સીધો સંપર્ક ન હોય. જાહેરાતના ધંધા માટે અવારનવાર તેઓ મુંબઈ અને કલકત્તા જતા. નોંધપાત્ર વાત એ છે કે તેઓ જે કોઈ અખબારની કચેરીમાં જાય તે અખબારની પ્રિન્ટિંગ ટેક્નોલોજીમાં પણ રસ લેતા. તેનો અભ્યાસ કરવા લાગ્યા.

દરમિયાન આઝાદીની ચળવળે જોર પકડ્યું. અમદાવાદના કેટલાક તંત્રીઓ જેલમાં પૂરાયા. તંત્રીઓ જેલમાં હોય ત્યારે યુવાન શાંતિભાઈ જે તે અખબારની કચેરીમાં પહોંચી જાય. છાપું કેવું કાઢવું તેની સલાહ આપવા લાગ્યા.

બીજી બાજુ સાઈકલ પર ફરીને જાહેરખબરો લાવવાનું કામ પણ ચાલુ જ હતું. રોજ સવારે ૮ વાગે ઘેરથી નીકળી જવાનું અને રાત્રે ૨ વાગે છાપું લઈને જ ઘેર આવવાનું. પાનમાં વપરાતા કાથા અને ચૂનાની પણ જાહેરાતો તેઓ લાવતા. ચૂનાવાળાની આવક પરચૂરણ પૈસાઓમાં થતી. શાંતિભાઈ પેમેન્ટ લેવા જાય એટલે ચૂના-કાથાવાળો પરચૂરણના ઢગલા કરે. તેમાંથી તેઓ જાહેરખબરનું પેમેન્ટ લઈ લે અને બાકીના પૈસા વેપારીને તેઓ જ ગણી આપતા.

એ વખતે રેવડી બજારમાંથી પ્રગટ થતા 'ગુજરાત સમાચાર'નો ફેલાવો માંડ ૧૨ હજારનો જ હતો. ૧૯૪૨માં તેમણે જાહેર રસ્તાઓ પર હોર્ડિંગ્સ મૂકવાનો ધંધો શરૂ કર્યો. કોઈ પણ વિજ્ઞાપનકાર તેની ગાડી લઈને નીકળે એટલે તેને સામે તેની પ્રોડક્ટનું મોટું બોર્ડ – હોર્ડિંગ દેખાવું જ જોઈએ. શાંતિભાઈ એ વ્યવસ્થા કરી આપતા.

અમદાવાદથી મુંબઈ તેઓ ટ્રેનમાં જ જતા. કોઈવાર પ્લેનમાં પણ મુંબઈ જાય અને એ વખતે અમદાવાદથી મુંબઈનું વિમાની ભાડું રૂા. ૨૫ હતું.

૧૯૪૭માં આઝાદી આવી.

પણ તેની સીધી અસર અખબારો પર થઈ. લોકજુવાળ અને ગરમાગરમ સમાચારો ઘટી જતાં 'ગુજરાત સમાચાર' અને દેશના તમામ અખબારોનો ફેલાવો ઘટી ગયો. આખા દેશનો ન્યૂઝ પેપર ઉદ્યોગ ખોટ કરવા લાગ્યો. અખબારનો ફેલાવો કેવી રીતે વધારવો તે એક મોટી મૂંઝવણ હતી. નવા અને બદલાયેલા સમય સાથે અખબારોએ તાલ મિલાવવાનો હતો. મોટા ભાગનાં અખબારો લોકોનો ઉત્સાહ ઠંડો પડેલો જોઈ સમયને પારખી શક્યાં નહીં.

'ગુજરાત સમાચાર' માટે પણ કપરો સમય આવ્યો. આમ તો ગુજરાત સમાચારની સ્થાપના ૧૯૩૨માં થઈ હતી.

આઝાદીના જંગમાં લોકોનો અવાજ રજૂ કરવા આ અખબાર ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, દાદાસાહેબ માવલંકર, મોરારજી દેસાઈ અને બળવંતરાય ઠાકોર વગેરેએ શરૂ કરાવડાવ્યું હતું. એ વખતે તે એક ખાનગી ભાગીદારી પેઢી હતી પરંતુ મુશ્કેલીમાં આવી ગયેલા અખબારને જોઈ દાદાસાહેબ માવલંકરે અખબારને ભાગીદારી પેઢીમાંથી કંપનીમાં રૂપાંતર કરવા પ્રસ્તાવ મૂક્યો. ખાનગી પેઢી હવે લોકપ્રકાશન લિમિટેડમાં રૂપાંતરિત થઈ. તે ૧૯૪૦ની સાલ હતી. દાદાસાહેબ માવલંકર કંપનીના પહેલા ચેરમેન બન્યા.

પરંતુ મુશ્કેલી એ ઊભી થઈ કે આઝાદી પછી લોકોની બદલાયેલી રૂચિ સાથે કદમ મિલાવવામાં નિષ્ફળ ગયેલા કંપનીના એ વખતના સંચાલકોએ ખાનપુરમાં 'ગુજરાત સમાચાર' માટે એક ભવ્ય ઇમારતનું નિર્માણ કરી દીધું હતું. કલાકની ૫૦ હજાર નકલો બહાર પાડે તેવું 'કેબટ્રી' પ્રિન્ટીંગ મશીન ઇંગ્લેન્ડથી લાવવામાં આવ્યું હતું. તેની સામે 'ગુજરાત સમાચાર'નો ફેલાવો માંડ ૧૨ હજાર નકલોનો હતો. મશીનની માત્ર સ્વીચ દબાવવામાં આવે અને પંદર મિનિટમાં તો હજારો નકલો છપાઈ જતી. પરિણામે રોજ ૭થી ૮ હજાર નકલોનો તો મશીનની હાઈસ્પીડના કારણે વેસ્ટેજ બહાર આવી જતો હતો.

કંપની ખોટ કરવા લાગી.

એ વખતે હેન્ડકંપોઝનો જમાનો હતો. કંપોઝીટરો હાથેથી અક્ષરો ગોઠવે. તેનું પેજ તૈયાર થાય તેની પર એક ખાસ પ્રકારનું પૂઠું કે જેને ટેકનિકલ ભાષામાં ફલોંજ કહે છે તે દબાવવામાં આવે. પૂંઠા પર અક્ષરોની ઈમ્પ્રેશન પડે. તે પૂઠું ઉઠાવી લેવામાં આવે તે પરથી ગરમાગરમ સીસાની ગોળ પ્લેટ બનાવવામાં આવે. તે પ્લેટ રોટરી મશીન પર ચડાવવામાં આવે અને પછી તે હાઈસ્પીડ મશીન દ્વારા અખબાર બહાર પાડે. મુશ્કેલી એ ઊભી થઈ કે ઇંગ્લેન્ડથી કેટલાક ગોરા ટેકનિશિયનો આવેલા. તેઓ તેમની સાથે કેટલાંક ફલોંજ પૂંઠા લઈને આવેલા. તેઓ જતા રહ્યા પછી દેશી કારીગરો તૈયાર થયેલા પેજ પર પૂંઠાની બરાબર ઈમ્પ્રેશન લઈ શકતા નહોતા. કોઈવાર પૂંઠું વધુ પડતું દબાઈ જતાં કોઈવાર અક્ષરોની ઈમ્પ્રેશન આવે અને કોઈના ફોટાના બ્લોકની ઈમ્પ્રેશન જ ના આવે. પૂઠું ખાસ પ્રકારના ભેજમાં રાખવું પડે. કેટલીકવાર ટાઈપો બેસી જતાં. તે ટાઈપો ત્રણ ત્રણ મહિને બદલવાના હોય તે દર મહિને તૂટી જવા લાગ્યા. કંપનીની ખોટ વધી.

ભારે દેવામાં આવી ગયેલા 'ગુજરાત સમાચાર'ને જોઈ કંપનીના ચેરમેન દાદા સાહેબ માવલંકર મૂંઝાઈ ગયા. એક તબક્કે તો 'ગુજરાત સમાચાર'નું ભવ્ય બિલ્ડિંગ વેચી દેવાનું પણ નક્કી થયું. ભાવ નક્કી થયો કે રૂા. ૧૨ લાખ ૫૦ હજારમાં બિલ્ડિંગ વેચી દેવું. મોરારજીભાઈ દેસાઈનો ઇરાદો કોંગ્રેસ સમિતિ માટે ખરીદી લઈ તેમાં 'કોંગ્રેસ ભવન' શરૂ કરવા વિચારાયું. સોદા માટે બેઠકો થઈ. મોરારજીભાઈ કહે : "હું સાડા અગિયાર લાખથી વધારે ન આપું." દાદાસાહેબનો આગ્રહ હતો કે સાડા બાર લાખ મળે તો જ આ બિલ્ડિંગ વેચવું. મોરારજી દેસાઈ તેમના સ્વભાવ મુજબ એકના બે ના થયા. સોદો ના થયો. દાદાસાહેબે પણ નક્કી થયેલી રકમ પકડી રાખી.

તે વખતે શાંતિભાઈ 'ગુજરાત સમાચાર'ને જરૂરી સલાહસૂચન દ્વારા મદદ કરતા હતા. દાદાસાહેબે શાંતિભાઈને બોલાવ્યા. બેઉને 'ગુજરાત સમાચાર' ચાલુ રહે તેમાં રસ હતો.

દાદાસાહેબે પૂછ્યું : 'શું કરવું જોઈએ ?'

શાંતિભાઈએ કહ્યું : તમને મારામાં વિશ્વાસ હોય તો 'ગુજરાત સમાચાર'ની ચાવી મને આપો. હું 'ગુજરાત સમાચાર' બંધ થવા નહીં દઉં.

દાદાસાહેબે એ જ મિનિટે 'ગુજરાત સમાચાર'ની ચાવી અને સુકાન શાંતિભાઈને સોંપી દીધાં. એ વખતે ગુજરાત સમાચારના માથે રૂા. ૧૬ લાખનું દેવું હતું.

'ગુજરાત સમાચાર' હાથમાં લેતાં જ તેમણે જોયું તો કંપનીમાં ઘણી ગરબડો હતી. કંપનીના મશીન ખાતાના નંદલાલ કાકા જેવા જૂના માણસોને તેઓ પાછા બોલાવી લાવ્યા. ઓફિસમાં જ બેઠા બેઠા વહીવટ કરતા નકામા માણસોને બાજુએ હટાવી દીધા. સૌથી મોટી મુશ્કેલી રાત્રે તૈયાર થયેલા પેજ પર મુકાતા ફલૉજ પૂંઠા પર ટાઈપોની ઈમ્પ્રેશનની હતી. તેમને યાદ આવ્યું કે કલકત્તામાં કેટલાંક અખબારના ટેકનિશિયનોને તેઓ જાણતા હતા. ટાઈપોની ઈમ્પ્રેશનના જાણકાર કલકત્તાવાળા ચેટરજીને તેઓ ઓળખતા હતા. શાંતિભાઈએ ચેટરજીને કલકત્તાથી અમદાવાદ બોલાવી લીધા.

તેમણે ચેટરજીને કલકત્તામાં મળતા પગાર કરતાં ડબલ પગારની ઑફર કરી રહેવાની વ્યવસ્થા આપવાની ઑફર આપી. ટેકનિશિયન ચેટરજી અમદાવાદ આવ્યા. મશીન ખાતાનો જૂનો વફાદાર સ્ટાફ પાછો બોલાવી દીધો. નવા અને માત્ર ખુશામતખોરી જ કરતા તેમને રવાના કરી દીધા. ચેટરજીને 'ગુજરાત સમાચાર ભવન'ના પાછળના ભાગમાં રહેવાની વ્યવસ્થા કરી આપી. બધું બરાબર ગોઠવાઈ ગયું. ફલોંજને કેટલા

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૦ ઉપર)**

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# મણકો - ૨૬ : પૃથ્વીસિંહ આઝાદ

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૧૫ સપ્ટેમ્બર, ૧૮૯૨*

*મહાપ્રયાણ : ૫ માર્ચ, ૧૯૮૯*

પૃથ્વીસિંહ આઝાદનો જન્મ ૧૫ સપ્ટેમ્બર, ૧૮૯૨ના રોજ પટિયાલામાં લાલચું શહેરમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરીને તેઓ ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા ગયા હતા. તેમણે ગદરપાર્ટીમાં સ્થાપકોમાંના એક હોવાનું ગૌરવ પણ પ્રાપ્ત કર્યું હતું. દેશમાં ગદર ફેલાવાના ઈરાદે ભારત આવ્યા. દરિયાકિનારે પોલીસને થાપ આપી પંજાબ પહોંચી ગયા. પરંતુ ત્યાંથી પડકાઈ ગયા. લાહોરની સેન્ટ્રલ જેલમાં પૂરી તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. આજીવન કાળાપાણીની સજા સંભળાવી આંદામાન મોકલી આપવામાં આવ્યા. છ વર્ષ આંદામાનની જેલમાં વિતાવ્યાં. ૧૯૨૧થી તેમને મદ્રાસની રાજામુંદ્રી જેલમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા. થોડા દિવસ પછી રાજામુંદ્રી જેલમાંથી કલકત્તાની જેલમાં મોકલવાનું નક્કી થયું. કલકત્તા લઈ જવાતી વખતે જાજરૂ જવાના બહાને હાથકડી સાથે ચાલુ ટ્રેનમાંથી કૂદી પડ્યા. પકડાયા. ફરીને એવી રીતે કૂદી પડ્યા. આ વખતે પોલીસને હાથ ન આવ્યા. હાથમાં બેડી હોવા છતાં માઈલો સુધી દોડીને અમરાવતી પહોંચી ગયા. એક મિત્રને ત્યાં થોડા દિવસ રોકાયા. આ પરાક્રમ પછી તેઓ આઝાદનું બિરૂદ પામ્યા. ત્યાંથી ગુપ્તવાસ ગાળવા સૌરાષ્ટ્ર તરફ ચાલી નીકળ્યા. ભાવનગરમાં છ વર્ષ સુધી વ્યાયામશાળા ચલાવીને અનેક શિષ્યો તૈયાર કર્યા. પોલીસ હજુ એમને શોધતી ફરતી હતી. આ છ વર્ષના ગાળામાં દેશમાં ઘણી બધી રાજકીય ઘટનાઓ બની ચૂકી હતી. લાહોર ષડયંત્રના કેસ હેઠળ મોટા ભાગના ક્રાંતિકારીઓને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા. મંદ પડી ગયેલી ક્રાંતિકારી ચળવળમાં પુનઃ ચેતના લાવવા ભગતસિંહે એક સાથીદારને સૌરાષ્ટ્ર મોકલી પૃથ્વીસિંહને પંજાબ આવીને ક્રાંતિકારી ચળવળનું નેતૃત્વ સંભાળવા કહેવડાવ્યું. પૃથ્વીસિંહ પાછા પંજાબ આવ્યા. અહીં બે આઝાદ – પૃથ્વીસિંહ અને ચંદ્રશેખરનું મિલન થયું. ત્યાંથી મુંબઈ ગયા. દુર્ગાભાભી સાથે મળી મુંબઈના પોલીસથાણા પર ગોળીબાર કર્યો. ધરપકડથી બચવા અફઘાનિસ્તાન ભણી ગયા. વર્ષો સુધી અફઘાનિસ્તાન અને રશિયામાં રહ્યા. ન ખાવાનું ઠેકાણું, ન રહેવાનું ઠેકાણું. બીમાર પડ્યે સારવાર કરનારું પણ કોઈ જ નહીં. દરરોજની રઝળપાટથી કંટાળેલા તેઓ વર્ધા ગાંધીજી પાસે જઈ ચડ્યા. ગાંધીજીને અથથી ઈતિ આપવીતી સંભળાવી. એમને ભટકતું જીવન ગાળવા કરતાં પોલીસને હવાલે થઈ જવાની સલાહ આપી. બાપુની આ વાત માનીને એમણે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરી દીધું. સમર્પણ બાદ તેમને રાવલપીંડીની જેલમાં રાખવામાં આવ્યા. ૧૯૩૯માં તેમને જેલમાંથી મુક્તિ મળી. એ પછી ભારત સ્વતંત્ર થતાં એ પાછા ભાવનગર આવતા રહ્યા. પુનઃ વ્યાયામશાળાની પ્રવૃત્તિ ચાલુ કરી. ભારત સરકારે તેમને પદ્મભૂષણથી સન્માનિત પણ કર્યા. આમ જીવન વ્યતીત કરીને પાંચમી માર્ચ, ૧૯૮૯ના રોજ તેમનું અવસાન થયું. તેમના માનમાં ભાવનગરમાં તેમની તકતી અને બાવલું પણ મૂકવામાં આવ્યાં છે. ■

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૨૩

**(અનુસંધાન : પાના નં. – ૫૯ ઉપરથી ચાલુ)**

ભેજમાં ક્યારે રાખવા તે ટેકનિશિયન ચેટરજી જાણતા હતા. નુકસાન થતું બંધ થઈ ગયું. રોજની ૮૦૦૦ નકલોનો વ્યય થતો હતો તે ઘટીને માત્ર ૨૦૦ નકલોનો થઈ ગયો.

'કેબટ્રી' ઈંગ્લેન્ડનું મશીન બરાબર ચાલવા લાગ્યું. પરંતુ કેટલાક ચેટરજીની પણ ઈર્ષ્યા કરવા લાગ્યા. કેટલાક વધ્યાઘટ્યા ઈર્ષ્યાળુઓએ શાંતિભાઈને ફરિયાદ કરી : 'ચેટરજી તો રાત્રે ૧૨ વાગે જ આવે છે. રાતે ૩ વાગે જ જતા રહે છે અને પગાર ઘણો લે છે.'

શાંતિભાઈએ કહ્યું : 'હું તેમને પગાર રાત્રે ૧૨ વાગે આવવાનો જ અને એટલો જ સમય કામ કરવાનો જ આપું છું. હવેથી ચેટરજીની વિરુદ્ધ ફરિયાદ કરવી નહીં.'

ઈર્ષ્યાળુ તત્ત્વોને શાંતિભાઈએ ચૂપ કરી દીધા. પરંતુ 'ગુજરાત સમાચાર' હજી આર્થિક કટોકટીમાંથી બહાર આવ્યું નહોતું. ■

*જીવી શકું હું કઈ રીતે તમને સ્મર્યા વગર,*
*પાંપણ કદીયે રહી શકે મટકું માર્યા વગર?*

*– મનહર મોદી*

# કચ્છ ભારત સંઘમાં ભળ્યું તે પછીનું કેન્દ્ર હસ્તકનું 'ક' રાજ્ય

સંજય પી. ઠાકર

ભારત અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયું – ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના ભાગ્યશાળી દિવસે. એ વખતે કચ્છ રાજ્ય તો દેશી રજવાડું જ રહ્યું હતું. કચ્છ રાજયનું ભારત સંઘમાં વિલીનીકરણ હિન્દુસ્તાનની સ્વતંત્રતા બાદ નવ મહિના રહીને થયું હતું. ૧લી જૂન ૧૯૪૮ના થયું હતું તે નવી પેઢીના ઓછા લોકો જાણતા હશે. આપણે ૮૦મો સ્વાતંત્ર્ય દિન ઉજવી રહ્યાં છીએ ત્યારે કેવો હતો એ ઘટનાક્રમ તે જાણવું રસપ્રદ થઈ રહેશે.

૧લી જૂન ૧૯૪૮ના કચ્છ ભારત સંઘ રાજયમાં ભળ્યું, કેન્દ્ર શાસિત 'ક' વર્ગના રાજય તરીકે દરજ્જો પામ્યું. આ 'સી' સ્ટેટનો દરજ્જો ૩૧ ઓકટો. ૧૯૫૬ સુધી રહ્યો. કચ્છ અને કચ્છની પ્રજાના હિતમાં કેન્દ્ર સંલગ્ન 'ક' વર્ગનું રાજય યોગ્ય છે, નહીં કે સૌરાષ્ટ્ર રાજ્ય સાથેનું જોડાણ, આ વાત સરદાર પટેલ અને લોર્ડ માઉન્ટબેટનને સમજાવવામાં મહારાવશ્રી મદનસિંહજીને સફળતા મળી હતી. ચીફ કમિશનરનું શાસન સ્થપાયું, પ્રજાકીય પ્રતિનિધિઓ તરીકે સલાહકારો નિયુકત થયા. નૂતન કચ્છની રાજકીય વ્યવસ્થામાં બદલાવ અને પ્રશાસકીય પલટામાં 'સી' સ્ટેટ ખૂબ અગત્યતા ધરાવતું માઈલ સ્ટોન છે.

છોટુભાઈ કે. દેસાઈ (સી. કે. દેસાઈ) ૧લી જૂન ૧૯૪૮ થી ૧૦મી ઓગસ્ટ ૧૯૫૧ સુધી ભારત સરકારના ચીફ કમિશનર તરીકે રહ્યા. એ પછી એસ. એ. ઘાટગે આ પદ પર આવ્યા અને (છેક 'ક' વર્ગના અસ્તિત્વ સુધી) ૩૧ ઓકટો. ૧૯૫૬ સુધી રહ્યા. ચીફ કમિશનરના વહીવટમાં સલાહસૂચનો આપવા કેન્દ્ર સરકારે ૨૬ જુલાઈ ૧૯૪૯ના એક ખાસ સલાહકાર સમિતિની રચના કરી હતી જેમાં ગુલાબશંકર ધોળકિયા, રણછોડભાઈ નાથાભાઈ, કૃષ્ણદાસ પંજવાણી, પ્રેમજીભાઈ ભ. ઠક્કર, ભવાનજી અરજણ ખીમજી, કાંતિપ્રસાદ અંતાણી તથા ખીમજી માડણ ભુજપુરિયાનો સમાવેશ કરાયો હતો. ભુજના પંચહટડી રોડ પરની દીવાન ઓફિસનું રૂપાંતર કચ્છ સેક્રેટરીએટ તરીકે થયું હતું. પ્રથમ ચીફ સેક્રેટરી તરીકે બી. જી. ખાબડે નિયુકત થયા હતા. દીવાન ઓફિસમાં જૂની રાજાશાહી પદ્ધતિ મુજબ વહીવટ ચાલતો, તેનું સ્થાન સેક્રેટરીએટ પ્રોસીજરે લીધું હતું.

એ વખતે ધારાસભા ન હોવાથી કેટલાક મહત્ત્વના નીતિવિષયક નિર્ણયો કેન્દ્રીય સ્તરે લેવાતાં અને કાયદા સંસદસભા દ્વારા ઘડવામાં આવતા હતા. કેન્દ્ર કક્ષાએ કામચલાઉ સંસદમાં કચ્છના પ્રતિનિધિ તરીકે ભવાનજી અરજણ ખીમજી જાન્યુ. ૧૯૫૦ સુધી રહ્યા તે પછી છેક ૧૯૫૨ સુધી પ્રથમ ચૂંટણી થવા સુધી ગુલાબશંકર ધોળકિયા રહ્યા. ૩૦ સભ્યોની ઈલેક્ટોરલ કોલેજના સભ્યોએ ૧૭મી માર્ચ ૧૯૫૨ના રાજયસભાના સભ્ય તરીકે પ્રેમજી ભ. ઠક્કરને ચૂંટી મોકલ્યા હતા. લોકસભા માટે બે બેઠકો હતી, જેમાં પૂર્વ કચ્છમાં કોંગ્રેસના ગુલાબશંકરભાઈ અને પશ્ચિમ કચ્છમાં કોંગ્રેસના ભવાનજી અરજણ ચૂંટાયા. ૧૯૫૨માં બે ઍડવાઈઝર ચૂંટાયા એમાં પ્રેમજીભાઈ અને જમિયતરાય વૈદ્ય ચૂંટાયા.

કચ્છના પ્રતિનિધિ તરીકે ભવાનજી અરજણ ખીમજીએ ભારતના બંધારણ ઉપર ૨૯મી નવે. ૧૯૪૯ના સહી કરી હતી. કચ્છના પ્રા. કે. ટી. શાહે પણ અન્ય રાજયના પ્રતિનિધિ તરીકે સહી કરી હતી. દેશી રાજય તરીકે કચ્છ એક પછાત અને અવિકસિત હતું પણ 'ક' વર્ગના રાજયનો સમયગાળો ખાસો જનજાગરણ જગાવતો અને વિકાસની ભૂખ ઉઘાડનારો રહ્યો. લોકહિત કેન્દ્રી વહીવટનો સંસ્પર્શ કચ્છે અનુભવ્યો. સમૂહ વિકાસ યોજનાના સફળ અમલ દ્વારા લોકભાગીદારીનો વ્યાપ વધ્યો અને ગામેગામ સાર્વજનિક સુખાકારીના કામો શરૂ થયા. પ્રથમ પંચવર્ષીય યોજનાના મીઠા ફળ ચાખવા મળ્યા. કેન્દ્ર હસ્તકના 'ક' રાજયમાં ૧૯૪૯માં ભુજમાં ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ૧૯૫૨માં જિલ્લા લોકલ બોર્ડની રચના થઈ, પ્રથમ ઉદ્યોગ કોન્ફરન્સ મળી અને કંડલાનો પાયો નખાયો. તે જ વર્ષે મીટરગેજ રેલવે શરૂ થઈ અને પ્રથમ ચૂંટણીઓ યોજાઈ. ૨૧ જુલાઈ ૧૯૫૬ના અંજારમાં ભયંકર ભૂકંપે તબાહી સર્જી અને તે પછી નમૂનારૂપ પુનવર્સન આરંભાયું. પાકિસ્તાને ૧૯૫૬માં છાડબેટ પર આક્રમણ કર્યું પણ તે મારી હટાવાયું. ઉઘડ સુખડીની બાંધણી કરાઈ, ભાગબટાઈ પ્રથા બંધ કરી રોકડ વિઘોટી દાખલ થઈ અને વિવિધ પ્રકારના લાગા-લગામ નાબૂદ થયા.

*'ખિંકાર', પ્લોટ નં. ૧૮૯-૧૯૦, આઈયાનગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

*આ અહીં પહોંચ્યા પછીથી એટલું સમજાય છે,*
*એમ કંઈ કરતું નથી બસ, આ બધું તો થાય છે.*
*– રાજેન્દ્ર શુક્લ*

# કચ્છી ખારેકનો ઇતિહાસ

ડૉ. મિહિર એમ. વોરા

તાજેતરમાં કચ્છી દેશી ખારેકને જીઆઈ ટૅગ મળ્યું છે. એટલે કે જીયોગ્રાફિક ઇન્ડિકેશન મળ્યું છે. ગીરની કેસર કેરી, ભાલ્યા ઘઉં પછી જીઆઈ ટૅગ મેળવનારી કચ્છની દેશી મીઠી ખારેક રાજ્યની ત્રીજી કૃષિ પેદાશ બની છે.

કચ્છમાં ૧૯,૨૫૧ હેક્ટર વિસ્તારમાં ૧૮૨૮૮૪ મે. ટનનાં ઉત્પાદન સાથે મુંદ્રા, માંડવી, ભુજ અને અંજાર તાલુકાઓ ખારેકની ખેતીમાં અગ્રણી તાલુકાઓ છે. ૪૨૫ વર્ષ પહેલાં કચ્છમાં પહેલી-વહેલી ખારેકની ખેતી મુંદ્રા તાલુકાના ધ્રબની ધરતી પર કરનાર તુર્ક પરિવારોના પ્રતિનિધિ અને પીઢ કિસાન અગ્રણી હુસેનભાઈ તુર્કનું યોગદાન અગત્યનું રહ્યું છે.

કચ્છની ખારેક માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ દેશભરમાં પ્રખ્યાત છે. હાલમાં જ તેને જીઆઈ ટૅગ મળ્યો છે. કચ્છી ખારેકનો ઇતિહાસ ૪૦૦ થી ૫૦૦ વર્ષ જૂનો માનવામાં આવે છે. માનવામાં આવે છે કે મધ્ય પૂર્વના દેશોમાં હજ માટે જતા યાત્રિકો દ્વારા ફેંકવામાં આવેલા બીજથી આ ખારેક અહીં થવા લાગી. સૂકાભટ કચ્છમાં આજે ૫૮ હજાર હેક્ટરમાં ખારેક, કેરી, દાડમ, ડ્રેગન ફ્રૂટ, લીંબુ, ચીકુ, નાળિયર, જામફળ, જાંબુ, બોર સહિતના પાક લેવાય છે અને ખેડૂતો લાખો રૂપિયાની આવક રળે છે. કેટલાક ચોક્કસ પાક માટે કચ્છનું સૂકું હવામાન ઘણું માફક આવે છે. જે કોઈ ઝાડમાં થોર એટલે કે કાંટો હોય તે ઝાડ કચ્છમાં ઊગી શકે છે. આ કારણથી જ કચ્છમાં દાડમ, લીંબુ, ખારેક, બીજોરાનો સારો પાક ઉતારી શકાય છે.

કોઈપણ ચોક્કસ વિસ્તારમાં થતી ખેતી, કુદરતી અથવા તો કુદરતી સંસાધનોની મદદથી થતાં ઉત્પાદનો, હસ્તશિલ્પની વસ્તુઓ, ઔદ્યોગિક વસ્તુઓ, વિશેષ કળા વગેરેના સંબંધિત પ્રદેશ અને વિસ્તારને ધ્યાનમાં રાખીને વિશેષ જીઆઈ ટૅગ આપવામાં આવે છે. જીઆઈ ટૅગ એટલે કે જીયોગ્રાફિક ઇન્ડિકેશન. જે તે વિસ્તારની ભૌગોલિક સ્થિતિ અનુસાર થતા ખાસ પેદાશને આ ટૅગ આપવામાં આવે છે. આ ટૅગ થકી જે-તે વસ્તુ અથવા ઉત્પાદન કે કળાને ભૌગોલિક અધિકારો મળે છે. આ ટૅગ ધરાવતી વસ્તુઓનો બીજી જગ્યાએ ઉત્પાદન કે ઉછેર કરવા માટે કાયદેસર મંજૂરી લેવી પડતી હોય છે. કચ્છના બાગાયત અધિકારી અનુસાર, ખારેકનું વાવેતર કચ્છ જિલ્લામાં ૧૯ હજાર હેક્ટર જેટલો વિસ્તાર ધરાવે છે. કચ્છમાં થતો આ પારંપરિક પાક છે. કચ્છના મુંદ્રામાં ૪૦૦ વર્ષો પહેલાં પણ એની ખેતી થતી એવા સંદર્ભો મળેલા છે.

જીઆઈ જર્નલમાં પ્રકાશિત અહેવાલ અનુસાર, કચ્છમાં ખારેકનો ઇતિહાસ ૪૦૦ થી ૫૦૦ વર્ષ જૂનો છે. એવું માનવામાં આવે છે કે ભારતના ઉત્તર પશ્ચિમમાં ઉગાડવામાં આવતા ખજૂરનાં ઝાડનાં મૂળિયા મધ્ય પૂર્વમાં હજ માટે જતા યાત્રિકો દ્વારા ફેંકવામાં આવેલા બીજમાં છુપાયેલાં છે. આ યાત્રિકો વેપાર માટે પણ જતા હતા અને તેઓ કેટલાંક છોડવાઓ સંબંધિત સામાન લાવતા હતા. એવું પણ શક્ય છે કે કચ્છના રજવાડાઓના મહેલોમાં કામ કરતાં આરબ માળીઓ પણ ખજૂરના બી અને છોડવા લાવ્યા હોય. આ માહિતી સીજીપીટીડી દ્વારા ઑગસ્ટમાં પ્રકાશિત કરવામાં આવી હતી.

સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં ડેટ પામ રીસર્ચ સ્ટેશનના રીસર્ચ સાયન્ટિસ્ટ સી.એમ. મુરલીધરને જણાવ્યું કે, “કચ્છમાં આ ખારેકના ૨૦ લાખ જેટલા છોડ છે જેમાંથી ૧૭ લાખ જેટલાં છોડ દેશી જાતનાં છે.” તેમણે ઇન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે આ ખારેક અલગ અલગ રંગ, આકાર અને સ્વાદની હોય છે. જેથી કચ્છનું આ ફળ અનોખું છે અને એટલા માટે જ તે જીઆઈ ટૅગ મેળવવા લાયક છે.

જીઆઈ ટૅગ જર્નલ અનુસાર દુનિયામાં કદાચ માત્ર કચ્છ જ છે જ્યાં તાજી ખજૂરનું આર્થિક રીતે પરવડે તેમ વવાય, વેચાય અને વપરાય છે. ભારતમાં ખારેકના વાવેતરમાંથી ૮૫% કચ્છમાં થાય છે. બાગાયતી ખેતીમાં કચ્છની પ્રગતિ માટે ખેડૂતોની હિંમત, નવું કરવાની ધગશ અને ટેકનોલોજીના ઉપયોગ જવાબદાર ગણવામાં આવે છે. ખાસ કરીને ટીશ્યુ કલ્ચરનો ઉપયોગ વધ્યો ત્યારથી કેળાં, ખારેક, લીંબુ વગેરેની ખેતીમાં ભારે વધારો થયો છે.

નિષ્ણાતો જણાવે છે કે શરૂઆતમાં કેટલાક પ્રયોગશીલ ખેડૂતો આ દિશામાં વળ્યા હતા. પરંતુ આર્થિક રીતે સધ્ધર ખેડૂતો જ્યારે પરંપરાગત પાક છોડીને બાગાયતી ખેતી તરફ વળ્યા. આથી વાવેતર હેઠળના વિસ્તારમાં ભારે વધારો થયો છે.

ડ્રેગન ફ્રુટ વિદેશી ફળ છે અને દાડમમાં મહારાષ્ટ્ર આગળ

હતું. પરંતુ હવે કચ્છના દાડમ આ બધાને સ્પર્ધા આપી રહ્યાં છે. ખારેક ખજૂર જ છે. ગલ્ફમાં વાતાવરણ અલગ હોવાથી એ ખજૂર બની જાય છે. આપણે ત્યાં દેશી મીઠી ખારેક દેશમાં કોઈ પાસે નથી. સાઉદીના ઇઝરાયલ, મોરક્કો, જોર્ડન સહિતના વૈજ્ઞાનિકો અનુસાર તેમણે ખારેક ખાધા બાદ કહ્યું કે, આવી મીઠી ખારેક ક્યાંય નથી ખાધી. ૧૯૮૫-૮૮ના ગાળા દરમિયાન કચ્છમાં સળંગ ત્રણ વર્ષ સુધી ભયાનક દુકાળ પડ્યો હતો. કચ્છ, એ ગુજરાતમાં સૌથી ઓછો વરસાદ ધરાવતા અને સૌથી વધારે દુષ્કાળનું જોખમ ધરાવતા વિસ્તારો પૈકી એક રહ્યો છે. ખાસ કરીને અહીંના અંતરિયાળ વિસ્તારોમાં પીવાના અને સિંચાઈના પાણીની સમસ્યા રહી છે.

જો કે હિંદુ બિઝનેસ લાઇનના માર્ચ ૨૦૧૯ના અહેવાલ પ્રમાણે ૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છમાં ઔદ્યોગિકીકરણ વધ્યું, વીજ પુરવઠામાં વધારો થયો તેની સાથે ખેતીમાં વધારો થયો છે. સિંચાઈની સુવિધા વધ્યા પછી લગભગ ૨૦% વિસ્તાર સિંચાઈ હેઠળ છે જેમાં બાગાયતી પાક લેવામાં આવે છે.

સપ્ટેમ્બર ૨૦૧૯માં ઇન્ડોનેશિયા ખાતે 'વર્લ્ડ ઈરીગેશન કૉન્ફરન્સ'માં ઇન્ટરનેશનલ વૉટર મેનેજમૅન્ટ ઇન્સ્ટિટ્યૂટના પ્રહર્ષ પટેલ દ્વારા એક રીસર્ચ પેપર રજૂ કરાયું હતું જેમાં કચ્છના ખેડૂતો પરંપરાગત પાકના બદલે બાગાયતી ખેતી તરફ શા માટે વળ્યા તેનાં કારણો અપાયાં છે.

તેમાં જણાવાયા પ્રમાણે કચ્છની અડધાથી વધુ જમીન ખારા પાણીમાં ડૂબેલી રહે છે. પરંતુ ૨૦૦૩ પછીનાં વર્ષોમાં પરંપરાગત સિંચાઈ, માઇક્રો ઈરીગેશનનો ઉપયોગ વધ્યો છે અને લોકો પાણીનો ઓછો વપરાશ કરતા બાગાયતી પાક તરફ વળ્યા છે. કચ્છ સમગ્ર ગુજરાતનો લગભગ ૨૫.૨૫% હિસ્સો ધરાવે છે પરંતુ તેનો ૫૩% વિસ્તાર રણ સમાન છે. માત્ર ૨૦.૭% વિસ્તારમાં ખેતી થઈ શકે છે. કચ્છમાં વરસાદ અનિયમિત હોય છે અને આ રીસર્ચ પેપર અનુસાર વરસાદમાં સામાન્ય કરતાં ૪૫% સુધી વધ ઘટ જોવા મળે છે.

સરકાર ખારેકના નવા વાવેતરને પણ પ્રોત્સાહન આપી રહી છે. જેના કારણે ખેડૂતો ઉચ્ચ ટેકનોલોજીથી ખારેકનું ઉત્પાદન કરશે અને જી.આઇ. ટૅગના કારણે ખેડૂતોને સ્પર્ધાત્મક બજારમાં સારા ભાવ મળી શકશે અને કચ્છના ખેડૂતો વધુ સમૃધ્ધ થયા છે.

*સંદર્ભ : વિકિપીડિયા, વિશ્વકોષ ગુજરાતી અને અખબારી અહેવાલ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## અનોખી પ્રતિભા

અત્યારે દરેક જગ્યાએ ખાના - પીણા વધી ગયા છે ત્યારે બોરીવલી (વેસ્ટ) માં રહેતા **શ્રીમતી નલીનીબેન શાહે** થોડા વર્ષ પહેલા એક ઉપવાસનો વર્ષીતપ કર્યો. પારણા પછી છઠ્ઠ (બે ઉપવાસ)નો વર્ષીતપ પૂર્ણ કર્યો. તેના પારણા પછી અઠ્ઠમ (ત્રણ ઉપવાસ)નો વર્ષીતપ પરિપૂર્ણ કર્યો. એટલું જ નહીં, ચાતુર્માસિમા સળંગ ૪૫ ઉપવાસ કર્યા. જૈનોના ઉપવાસ ફક્ત ગરમ પાણીના જ હોઈ છે. એક તપસ્વીના તપની બોલી તપથી બોલવાની હતી. તેમણે સૌથી ઉંચી ૧૦૮ અઠ્ઠમની બોલી બોલીને તે તપસ્વીને પારણું કરાવ્યું. તાજેતરમાં ગયા પર્યુષણ પર્વ દરમિયાન તેમણે ૫૪ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. પોતે ભૂખ્યા રહી જીવદયા પણ એટલી કરે છે કે સવારે વહેલા ઉઠી કૂતરા માટે ૧૦૦ જેટલી રોટલી ઘી વાળી બનાવે. રોજનું ૧૦ લીટર દૂધ કૂતરાને પીવડાવવાનું, રોજના ૩ કિ.ગ્રા. જેટલા બિસ્કીટ ખવડાવવા. એટલું જ નહીં, સોસાયટીના ઝાડ આગળ આવતી ખિસકોલી, ઉંદર વગેરે ૨૦-૨૫ રોટલી ખાઈ જાય.

નાદુરસ્ત તબિયત હોવાછતાં પંખી કાગડા, કબૂતર માટે કુંડામા દર બે કલાકે પાણી નાખે. જીવદયાની પ્રવૃત્તિ છેલ્લા ૧૫ વર્ષોથી ચાલુ છે. કોઈ કૂતરીને બચ્ચા આવ્યા હોય તો એક અઠવાડિયા સુધી શીરો બનાવી ખવડાવે.

જો કોઈને મૂંગા જીવને ખવડાવવામાં રસ હોય અને વસ્તુ મોકલવી હોય તો તેઓ સ્વિકારે છે. તેમનો ફોન નંબર 98206 20023 છે. WhatsApp નંબર 98700 79608.

***નલિનીબેન પી. શાહ***
ફ્લેટ નં. એ/૩૩, દત્તાણી ટાવર, ત્રીજા માળે,
કોરા કેન્દ્ર હોલ પાસે, આર.એમ. ભટ્ટાડ રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.

## તિરૂપતિ બાલાજી મંદિર

તિરૂપતિ બાલાજી મંદિરમાં દરરોજનું રૂા. ૪.૭૫ કરોડ જેટલું દાન આવે છે.

વર્ષ ૨૦૨૫-૨૬માં આ મંદિરને દાન પેટે રૂા. ૧૭૩૮ કરોડ મળેલ હતા.

ભારતના અન્ય વિખ્યાત મંદિરોમાં પણ વર્ષ દરમિયાન સારા એવા દાન મળે છે.

ભારતના લોકોની ભગવાન પરની આસ્થાનું આ પરિણામ છે.

# જૈન અસ્મિતાના પ્રસારક અને ધર્મતત્ત્વદર્શન મીમાંસક વીરચંદ રાઘવજી ગાંધી

ભરત'કુમાર' પ્રા. ઠાકર

## ૧૨૫મી પુણ્યતિથિ (૧૯૦૧ – ૨૦૨૬)

*જન્મ : ૨૫મી ઓગસ્ટ, ૧૮૬૪*

*નિધન : ૭મી ઓગસ્ટ, ૧૯૦૧*

ભગવાન મહાવીર સ્વામી (ઇ.પૂ. ૫૯૮-૫૨૬)ની શ્રમણ સંસ્કૃતિના સંવાહક અને સંવર્ધક તરીકે ગુજરાતમાં પણ અનેક વંદનીય વિભૂતિઓ પાકી છે. તેમાં હેમચંદ્રાચાર્ય (૧૦૮૮-૧૧૭૩) સમાન જ્ઞાની આત્માઓ, શ્રીમદ્ રાજચંદ્ર (૧૮૬૭-૧૯૦૧) જેવા તત્ત્વચિંતક વિદ્વાનો અને વીરચંદભાઈ રાઘવજી ગાંધી (૧૮૬૪-૧૯૦૧) જેવા પ્રસારક પણ થયા, જેમણે સ્વામી વિવેકાનંદ (૧૮૬૩-૧૯૦૨) સાથે અમેરિકાની વિશ્વ ધર્મ પરિષદ (૧૮૯૩)માં આપણા દેશની સાંસ્કૃતિક અસ્મિતા ઉજાગર કરી હતી.

### ટૂંકું પણ ઉજ્જવળ જીવન

૧૯મી સદીમાં હિન્દીભાષીઓમાં જૈન ધર્મનો પ્રચાર કરીને નવી કેડીઓ પાડનાર આચાર્ય વિજયાનન્દસૂરિજી ઉર્ફે આત્મારામજી મહારાજ (૧૮૩૭-૧૮૯૭)ના સાન્નિધ્યમાં વીરચંદભાઈએ જિનશાસનનું આંતરબાહ્ય જ્ઞાન સંપાદન કરેલું. બહુવિધભાષી વીરચંદજી બૌદ્ધશાસ્ત્રો, વેદાંતો, ખ્રિસ્તીપંથ, પાશ્ચાત્ય દર્શનના અભ્યાસી; યોગવિદ્યા-ગૂઢજ્ઞાનના ઉપાસક અને ખાસ તો ધર્મતત્ત્વદર્શનના સારા જ્ઞાતા હતા.

મહાવીરના અહિંસામાર્ગની સાર્વત્રિક અસર છતાં બૌદ્ધ ધર્મની માફક એક ધર્મચક્ર પ્રવર્તન તરીકે તેનો પરપ્રદેશોમાં જૂજ પ્રચાર થયો હતો. ત્યારે માત્ર પોણા ચાર દાયકાના ટૂંકા પણ સમુજ્જવળ જીવનમાં શ્રી ગાંધીએ ઘણાં સમાજપ્રેરક કાર્યો કર્યાં હતાં. આજથી ૧૩૦ વર્ષ પૂર્વે ગુરૂજીના આશીર્વાદ સાથે દરિયાપાર જઈ જાગતિક મંચ પર આર્ય સંસ્કૃતિ અને જૈન ધર્મની ઉદ્‌ઘોષણા કરી!

વીરચંદ ગાંધીનો જન્મ સૌરાષ્ટ્રમાં મહુવા (જિ.ભાવનગર) ખાતે ૨૫મી ઓગસ્ટ, ૧૮૬૪ના થયો હતો. પ્રાથમિક ભણતર મહુવા, માધ્યમિક ભાવનગર અને ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં મેળવેલું. (જૈન જ્ઞાતિમાં તેઓ પ્રથમ સ્નાતક હોવાનું મનાય છે.) પ્રારંભથી જ તેઓ જ્ઞાનપીપાસુ અને વિદ્યાવ્યસંગી હતા.

### ધાર્મિક-સામાજિક પ્રવૃત્તિઓમાં

પ્રારંભે સોલિસીટર બનવાનું શરૂ કરેલું છતાં વારસાગત સંસ્કારો થકી તેઓ ધાર્મિક-સામાજિક કાર્યો તરફ વળ્યા. ૧૮૮૫માં જૈન એસોસિયેશન ઓફ ઇન્ડિયા (મુંબઈ)ના મંત્રી પદે વરણી થતાં એમના આત્માને પ્રિય એવી પ્રવૃત્તિઓ કરવાનો અવસર મળ્યો. આ સંસ્થામાં કાર્ય કરી કેટલીક સિદ્ધિઓ મેળવી અને કેટલાક ફૂટ પ્રશ્નોનો નિવેડો લાવવામાં સફળ થયા.

ગુજરાતના જૈનતીર્થ શેત્રુંજય (પાલીતાણા) પરના 'મુંડકાવેરા' વિરુદ્ધ એમણે લડત ચલાવીને ૧૮૮૬થી યાત્રિકોને કરમુક્ત બનાવ્યા. એ પછી એમનું બીજું મહત્ત્વનું કાર્ય દેશના વિખ્યાત જૈનતીર્થ સમેતશિખરજી (બિહાર) ઉપરનું કતલખાનું બંધ કરાવ્યું તે હતું. અહીંની એક ટેકરી પર ડુક્કર જેવાં પ્રાણીઓનું વ્યાપારી કતલખાનું સ્થાપવાની અંગ્રેજોની મુરાદ હતી.

પરંતુ અહિંસાની પાવન ભૂમિ પર આવા હીન કૃત્ય સામે જૈનોનો વિરોધ જાગી ઉઠ્યો અને વિવાદ છેક કલકત્તા હાઈકોર્ટ સુધી પહોંચ્યો. ત્યારે પણ વીરચંદભાઈના અથાગ પ્રયત્નોથી આ અદાલતી દાવો જીતાયો (૧૮૯૧) અને અંગ્રેજોને ત્યાંથી જવું પડ્યું. આ આખોય મુકદ્દમો ત્યારે 'પિગરી કેસ' તરીકે જાણીતો બનેલો.

### વિશ્વ ધર્મ સંમેલનમાં હાજરી

પરંતુ તેઓ જે ખાસ પ્રસંગથી વિખ્યાત થયા તે વિશ્વ ધર્મ પરિષદમાં એમની હાજરીનો હતો. ૧૯૯૩માં અમેરિકાના શિકાગો શહેરમાં મળનારી આ ધર્મસંસદમાં ભાગ લેવા આત્મારામજી મહારાજને નિમંત્રણ મળેલું. પરંતુ સાધુ તરીકેની મર્યાદાને કારણે તેઓ જઈ શકે એમ ન હતા. તેથી એમણે આ વૈશ્વિક સંમેલનમાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ સાચવી લેવા પોતાના વતી વીરચંદભાઈને મોકલવા યોગ્ય તાલીમ આપી તૈયાર કર્યા.

આ પરિષદમાં હિન્દુ ધર્મના સમર્થક તરીકે સ્વામી વિવેકાનંદજી પણ ભાગ લઈ રહ્યા હતા. જગતના વિવિધ ધર્માચાર્યોને એક મંચ પર એકત્રિત કરતું આ અનોખું સંમેલન ૧૧મી થી ૨૭મી સપ્ટેમ્બર, ૧૮૯૩ દરમિયાન યોજાયું હતું. આ પહેલો જ એવો પ્રસંગ હતો, જેમાં દેશના બે યુવાનોએ વિદેશની ભૂમિ પર આપણી સંસ્કૃતિનો ઝંડો એકસાથે ફરકાવ્યો હતો!

ધાર્મિક વડાઓની પરિષદમાં એક ગૃહસ્થ વ્યક્તિ તરીકે વીરચંદભાઈનાં વ્યાખ્યાનોએ પણ સહુને પ્રભાવિત કર્યા હતાં અને તેમને સુવર્ણ ચંદ્રકથી સત્કારવામાં આવેલા. જૈન ધર્મના પ્રચારાર્થે બે વર્ષ અમેરિકામાં રહી શિકાગો, બોસ્ટન, ન્યૂયોર્ક, વૉશિંગ્ટન વગેરે સ્થળોએ જૈન તત્ત્વજ્ઞાન વિશે ૫૩૫ જેટલાં દર્શનયુક્ત પ્રવચનો આપ્યાં. જૈન ધર્મના ક્રિયાકલાપો સમજવા એમણે ત્યાં 'ગાંધી ફિલોસોફિકલ સોસાયટી' પણ સ્થાપી. ૧૮૯૫માં તેઓ હિન્દ પાછા ફર્યા.

### ઈંગ્લેન્ડ-યુરોપની યાત્રા

એ પછીનો એમનો અલ્પ આયુકાળ ધાર્મિક સામાજિક કાર્યોમાં અને જૈન-જૈનેતર સાહિત્યના અભ્યાસમાં વીતે છે. આર્યસમાજ, બુદ્ધિવર્ધક સભા, થિયોસોફિકલ સોસાયટી જેવી અગ્રણી સંસ્થાઓમાં પણ એમણે મનનીય વક્તાવ્યો આપ્યાં. એમણે જૈન-ભારતીય તત્ત્વજ્ઞાન, યોગ, કર્મસિદ્ધાંત પર અનેક દાર્શનિક પુસ્તકોનું લેખન કર્યું અને એક ફ્રેન્ચ પુસ્તકનો અનુવાદ (એન અનનોન લાઈફ ઑફ જિસસ ક્રાઈસ્ટ) પણ આપ્યો છે.

૧૮૯૬માં નિમંત્રણ પર તેઓ ફરી વિદેશ પ્રવાસે ગયા. એમની કીર્તિ અન્યત્ર પણ પ્રસરી ચૂકી હોવાથી આ વખતે અમેરિકા ઉપરાંત ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની અને બીજા દેશોમાં પ્રવચન-યાત્રાઓ કરી. દરમિયાન, શેત્રુંજય તીર્થના કોઈ દાવાની સુનાવણી અર્થે ૧૮૯૮માં સ્વદેશ આવ્યા. ત્યારે એમની સેવાઓને બિરદાવવા ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે (૧૮૪૨-૧૯૦૧)ના પ્રમુખસ્થાને ૧૮૯૯માં વીરચંદભાઈને મુંબઈમાં માનપત્ર અર્પણ થયું.

તે પછી ઉક્ત ખટલા માટે ફરી ઈંગ્લેન્ડ ગયા. ત્યાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદ (૧૮૯૯, લંડન)માં એમણે સમગ્ર એશિયાનું પ્રતિનિધિત્વ કરેલું. સુનાવણી પત્યા બાદ એમની તબિયત લથડતાં ભારત પાછા ફર્યા. ૭મી ઓગસ્ટ, ૧૯૦૧ના માત્ર ૩૭ વર્ષની વયે એમનું અવસાન થતાં જૈનજગતે પોતાનો યુવાન સાંસ્કૃતિક દૂત ખોયો.

### કાયમી યાદગીરીનાં પ્રતીકો

શ્રી ગાંધીનાં પ્રેરક લેખો-પ્રવચનોનું પ્રથમ પ્રકાશન દેવચંદ લાલચંદ જ્ઞાનભંડાર (સુરત) દ્વારા થયેલું. પૃથ્વીરાજ જૈન (અંબાલા)એ એમનું હિન્દીમાં ચરિત્ર લખ્યું છે. તો, વલ્લભસૂરિ સ્મારક નિધિ (મુંબઈ) તરફથી એમનાં ચૂંટેલા વ્યાખ્યાનો અંગ્રેજીમાં પ્રગટ થયેલ. જન્મ શતાબ્દી વર્ષ (૧૯૬૪)માં કાંતિલાલ ઉપાધ્યાય લિખિત ટૂંકું જીવનચરિત્ર દિવ્ય જ્ઞાન સંઘ (મુંબઈ) દ્વારા બહાર પડાયેલ. જ્યારે પુણ્ય શતાબ્દી વર્ષ (૨૦૦૧)માં પન્નાલાલ શાહ લિખિત 'જ્યોતિર્ધરની જીવનગાથા' પુસ્તક 'જૈના' સંસ્થા (અમેરિકા) દ્વારા પ્રસિદ્ધ થયું છે.

આ મહાન દાર્શનિકની સ્મૃતિમાં ૮મી નવેમ્બર, ૨૦૦૯ના પાંચ રૂપિયા મૂલ્યની અને આડા આકારની ખાસ બહુરંગી ટપાલટિકિટ પણ બહાર પડી છે. જેના પર વિશ્વ ધર્મસંસદના દૃશ્ય સાથે ડાબી બાજુ એમની લંબગોળાકાર તસવીર મૂકાઈ છે. આજે પણ એમની સ્મૃતિમાં અમેરિકામાં એમના નામથી સ્કોલરશિપ ફંડ ચલાવવામાં આવે છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,*
*તોરલ સરોવર સામે, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## મહેફીલ

લીધો હોત જો માલિકનો સહારો
તો સલામત રહેત
ખબર નહોતી કે મહોબતમાં
દિલ તૂટી જશે.

નભેથી સીતારાઓને ખરતા જોઉ છું
તરપુરથી પણ ને પડતાં જોઉ છું
જિંદગીનો ત્યારે અર્થ સમજાય જાય છે
જ્યારે શ્વાસોને રોજ ઘટતા જોઉં છું.

અશાંતિનો
માહોલ ઊભો કરીને પછી
શાંતિ માટે
હવાતિયાં મારે
એનું નામ માણસ.

જિંદગીભર જલાવનારાઓને
મોતમાં પણ જલાવી દીધો
રાખ ન થઈ ગયો ત્યાં સુધી
નજરથી અળગો ન થવા દીધો.

અજાણ્યા નગરમાં કોઈ
ઓળખાણવાળાને શોધું છું
સાંભળ્યું છે કે આ શહેરમાં
ક્યાંક તમારો મુકામ છે

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*

# સાંઘી દાદા-દાદી પાર્ક – ભુજ

જગદીશચંદ્ર છાયા

ભુજની જનતા પરંપરાગત રીતે જાહેર મનોરંજનની શોખીન રહી છે. 'કચ્છમિત્ર' પ્રેરીત રાહગિરી દ્વારા પીરસાતું મનોરંજન આપણે માણ્યું છે. ભુજની પ્રજા 'રવિવારનું રંજન' માણવાની જૂની ટેવ ધરાવે છે.

વર્ષો અગાઉ આકાશવાણી ભુજનું પ્રારંભિક પ્રસારણ કેન્દ્ર ખેંગારજીપાર્ક પાસે હતું એમ સ્વ. બિપીનભાઈ ધોળકિયા કહેતા. આકાશવાણીના નિવૃત્ત સમાચાર વાચક ચંદ્રવદનભાઈ પટ્ટણી જણાવે છે કે, "ખેંગારજી પાર્કમાં દાખલ થતાં જ ચોકીદારનાં ઘર પર ધ્વનિ પ્રસારણ કેન્દ્ર બહુ સારું ચાલતું. દર રવિવારે અમે પણ એના કાર્યક્રમો માણવા જતા. રોમેશ પંડ્યાના ઘેઘુર અવાજમાં ઉદ્‌ઘોષણા સાંભળવી એક લહાવો હતો. ૧૯૬૨-૬૩માં ચાલતું ધ્વનિપ્રસારણ કેન્દ્ર ૧૯૬૫માં આકાશવાણીમાં ફેરવાયું એમ કહી શકાય."

## ઉષા ત્યાં સંધ્યા!

ભુજમાં સાંઘી સિમેન્ટ કંપનીએ ભૂકંપ પછી વડીલો માટે 'દાદા દાદી પાર્ક' નિર્માણ કર્યો. અગાઉ એ પાર્ક બાળકો માટે 'નઝર બાગ' હતો. જાણે સાંઘીએ વડીલોની વધતી વયને માન આપ્યું.

નઝરબાગમાં પણ આકાશવાણી કાર્યક્રમોનું સ્પીકર્સ દ્વારા સાંજે પ્રસારણ થતું. વર્ષો અગાઉ જે બાગ બાળકો માટે હતો એ ભૂકંપ પછી વરિષ્ઠો માટે 'સાંઘી દાદા-દાદી પાર્ક' બની ગયો છે. રસપ્રદ અને મજાની વાત એ છે કે અડધી સદી પહેલાં જે બાળકો હતાં અને જ્યાં રમત ગમત, કસરતનાં સાધનોનો ઉપયોગ કરી મોજ મસ્તી કરતાં એ જ સ્થળે એ જ 'બાળકો' આજે વરિષ્ઠ વયે જૂની યાદો વાગોળીને સમય પસાર કરે છે. સાથે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી આનંદ મેળવે છે. અજબ વાત એ પણ છે કે જે બાગમાં આજના વરિષ્ઠોએ જીવનની ઉષા માણી હતી ત્યાં જ તેઓ આજે જીવનસંધ્યા માણી રહ્યા છે. બાગ એનો એ જ છે, વ્યક્તિઓ પણ એ જ છે, ફક્ત વયમાં ફેર છે. આ મહત્ત્વની બાબત વિશિષ્ઠ નોંધપાત્ર અને અજોડ હોવા સાથે ખાસ ધ્યાન આકર્ષે છે.

## સોનો વિઝન

અગાઉ ત્યાં આનંદો રેસ્ટોરન્ટ તરફથી દરરોજ સાંજે 'સોનો વિઝન' મારફત દસ્તાવેજી અને અન્ય જૂની ફિલ્મો દર્શાવવામાં આવતી. ફિલ્મના પડદા સામે પ્રોજેક્ટર હોય અને એમાંથી પ્રકાશના પડતા શેરડા પરદા પર દૃશ્ય ઉભું કરતા. એ જોવા અમે ટેવાયેલા હતા. ત્યારે સોનો વિઝનમાં ટેલીવિઝનની જેમ પાછળથી પરદા પર દૃશ્ય દેખાતાં. એ જોઇને અમને આશ્ચર્ય થતું. એ વખતે કુટુંબ નિયોજન ઝુંબેશ ઝનૂનપૂર્વક ચાલતી. એ હેતુ 'પરિવાર' ફિલ્મ અવારનવાર દર્શાવવામાં આવતી. 'દોસ્તી' ફિલ્મ પણ મેં ત્યાં જોઈ છે. સોનો વિઝનનો લોકો એનો બહોળો લાભ લેતાં. ઉપરાંત રામધૂન વાળા બેન્ડ (સ્ટેન્ડ)ઓટલા પર દર રવિવારે પોલીસ બેન્ડપાર્ટી દ્વારા 'રવિવારનું રંજન' પીરસાતું. ■

## સજ્જન બનીએ તો...!!

એક મેડમ સાડીઓના મોટા શો રૂમમાંથી એક મોંઘી સાડી લાવ્યાં, પરંતુ પહેલી જ વખત ધોયા પછી એ સાડી બગડી ગઈ. વેપારીએ આપેલી ગેરન્ટી ખોટી પડી. એ મેડમે પોતાના ડ્રાઈવર સાથે શોરૂમના માલિકને એક પત્ર મોકલ્યો : "તમારી દુકાનેથી મેં સાડી ખરીદી હતી. આ સાથે તેનું બિલ પરત મોકલું છું. તમારા શોરૂમના સેલ્સમેને ગેરન્ટી આપી હતી છતાં સાડી બગડી ગઈ છે, પરંતુ બિલ મારી પાસે હોય ત્યાં સુધી મને છેતરાઈ ગયાની ફીલિંગ ડંખ્યા કરે અને બીજું કોઈ જુએ તો તમારા શોરૂમની પ્રતિષ્ઠાને કલંક લાગે.

એક સાડી બગડવાથી મને તો બે-ત્રણ હજારનું જ નુકસાન થયું છે, પણ એટલા જ કારણે તમારા શોરૂમની પ્રતિષ્ઠા ઝંખવાય તો તમને મોટું નુકસાન થાય. મને હજીયે તમારા સેલ્સમેન પર ભરોસો છે. કદાચ તેણે ભૂલથી મને વધુ પડતી ગેરન્ટી આપી હોય. તમે પ્રામાણિક વેપારી તરીકે વધુ કામિયાબ થાઓ એવી શુભેચ્છાઓ."

શો-રૂમનો માલિક એ પત્ર વાંચીને ગદ્‌-ગદ્‌ થઈ ગયો. તેણે એ જ રાત્રે પોતાના સેલ્સમેન દ્વારા વધુ કિંમતી એક નવી સાડી મોકલી આપી. સાથે દિલગીરીના થોડાક શબ્દો પણ!

ગુસ્સો કદી ચમત્કાર ન કરી શકે, નમ્રતા જ ચમત્કાર કરી શકે. કોઈ નફ્ફટ માણસની સામે નફ્ફટ થવાનું સરળ છે ખરું, પણ નફ્ફટ માણસની સામે પણ સજ્જન બની રહેવાનું અશક્ય તો નથી જ ને! ગુસ્સે થઈને આપણે આપણી એનર્જી વેસ્ટ કરીએ છીએ, આપણું બ્લડપ્રેશર વધારીએ છીએ અને એટલું કર્યા પછીયે પોઝીટીવ રીઝલ્ટની ગેરન્ટી તો નથી જ મળતી. સ્વસ્થ રહો મસ્ત રહો.

*પ્રેષક : અમરેશ કે. સંઘવી*
*મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨*

# ઇન્ડોનેશિયાનું પ્રમ્બાનન મંદિર

ડૉ. મિહિર એમ. વોરા

તાજેતરમાં ભારતના વડાપ્રધાનની ઇન્ડોનેશિયાની મહત્ત્વની વિદેશ યાત્રા વખતે આ મંદિરની ચર્ચા ખૂબ ચાલી. જેમાં ખુદ વડાપ્રધાને શિવ આરાધના કરી અને પૂજા કરી હતી. આવો જાણીએ આ મંદિર વિશે. ઇન્ડોનેશિયાનું પ્રમ્બાનન મંદિર વિશ્વના સૌથી ભવ્ય હિંદુ મંદિરોમાંનું એક માનવામાં આવે છે. ઉપરાંત આ પ્રમ્બાનન મંદિરને, સનાતન સ્થાપત્યનું અદભુત ઉદાહરણ ગણવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાસ ઇન્ડોનેશિયામાં જાહેરાત કરી હતી કે તેઓ ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો સાથે મળી યોગ્યાકાર્તામાં એક હજાર વર્ષ જૂના પ્રમ્બાનન મંદિર માટે એક સંરક્ષણ પ્રોજેક્ટ શરૂ કરશે. પ્રમ્બાનન મંદિરનું નિર્માણ ૯મી સદીમાં લગભગ ૮૫૦ CEમાં કરવામાં આવ્યું હતું. તે સંજય રાજવંશના રાજા રકાઈ પિકાટન દ્વારા બનાવવામાં આવ્યું હતું,

જેમણે પ્રાચીન માતરમ રાજ્ય પર શાસન કર્યું હતું. તેનું મૂળ સંસ્કૃત નામ 'શિવગૃહ' છે, જેનો અર્થ 'શિવનું ઘર' થાય છે. મંદિર સંકુલ હિન્દુ ધર્મના ત્રણ મુખ્ય દેવતાઓની પૂજા માટે સમર્પિત છેઃ શિવ મંદિર મધ્યમાં અને સૌથી ઊંચું વિષ્ણુ મંદિર દક્ષિણમાં અને બ્રહ્મા મંદિર ઉત્તરમાં આવેલું છે .

મીડિયા અહેવાલો અનુસાર ભગવાન શિવને સૌથી ઊંચા મંદિર ૪૭ મીટરમાં મુખ્ય દેવતા તરીકે સ્થાપિત કર્યા પછી પ્રમ્બાનન પ્રાચીન માતરમ રાજ્યમાં હિન્દુઓ માટે એક આધ્યાત્મિક કેન્દ્ર બન્યું હતું. રાજ્યભરમાંથી પૂજારીઓ, ઉમરાવો અને સામાન્ય લોકો શિવરાત્રી ઉજવણી અને અન્ય તહેવારો જેવા મુખ્ય ધાર્મિક કાર્યક્રમો માટે અહીં ભેગા થતા હતા. ૮૫૬ CEના 'શિવગૃહ શિલાલેખ' દ્વારા આ વાતની પુષ્ટિ થાય છે, જેમાં શિવ મંદિરના નિર્માણનો રેકોર્ડ ધરાવે છે.

દ્વીપ સમૂહમાં હિન્દુ ધર્મના કેન્દ્ર તરીકે પ્રમ્બાનન મંદિર પ્રાચીન માતરમ રાજ્ય (૯મી-૧૦મી સદી CE)ના યુગ દરમિયાન હિન્દુ ધાર્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભજવેલી મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડે છે. જેમાં પ્રમ્બાનન મંદિર સંકુલ મેરૂ પર્વતની વિભાવનાના આધારે ડિઝાઇન કરવામાં આવ્યું હતું. આજે તે ઇન્ડોનેશિયાના મુખ્ય પ્રવાસન આકર્ષણોમાંનું એક છે. તેનું બાંધકામ બૌદ્ધ ઉત્કર્ષના સમયગાળા પછી મધ્ય જાવામાં હિન્દુ ધર્મને એક પ્રબળ શક્તિ તરીકે પુનઃસ્થાપિત કરવાનો હતો. તે રાજાની શક્તિ, એકતા અને વૈધતાનું પ્રતીક બન્યું હતું જેને દેવતાઓનો અવતાર માનવામાં આવતો હતો. પરિણામે પ્રમ્બાનન રાજ્યના ધાર્મિક અને રાજકીય સત્તાના કેન્દ્રિય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું હતું.

આ પ્રાચીન મંદિર માત્ર ધાર્મિક સ્થળ જ નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિ અને સનાતન સ્થાપત્યની વૈશ્વિક ઓળખ પણ છે. ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે આ ઐતિહાસિક મંદિરના સંરક્ષણ અને પુનઃસ્થાપન માટે મહત્ત્વપૂર્ણ સહયોગ કરવામાં આવ્યો છે. આ સહયોગ દ્વારા ભારત ઇન્ડોનેશિયાને આ અમૂલ્ય વારસાને જાળવવામાં મદદ કરશે.

આ મંદિરનો ઇતિહાસ એક હજાર વર્ષ જૂનો છે. જેમાં માન્યતા મુજબ, એક સમય એવો હતો જ્યારે આ વિશાળ મંદિર જ્વાળામુખીની રાખ અને વિશાળ જંગલોમાં દટાઈ ગયું હતું. ૧૯મી સદીની શરૂઆતમાં શોધકર્તાઓએ આ મંદિરને ફરી શોધ્યું અને ત્યારબાદ ૨૦મી સદીમાં તેના પુનઃનિર્માણ અને સંરક્ષણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. આજે આ પ્રમ્બાનન મંદિરને સનાતન સ્થાપત્યની અદ્ભુત રચનાઓમાં સ્થાન આપવામાં આવે છે.

પ્રમ્બાનન મંદિરનું નિર્માણ હિંદુ ધર્મના મુખ્ય દેવતાઓ ભગવાન બ્રહ્મા, ભગવાન વિષ્ણુ અને ભગવાન શિવને સમર્પિત છે. આ મંદિર પરિસરમાં મૂળરૂપે લગભગ ૨૪૦ નાના-મોટા મંદિરોનો વિશાળ સમૂહ હતો. તેના મધ્યમાં આવેલા મુખ્ય મંદિરો સૌથી વિશેષ માનવામાં આવે છે. આ પરિસરમાં સૌથી મોટું મંદિર ભગવાન શિવનું છે. તેની આસપાસ ભગવાન બ્રહ્મા અને ભગવાન વિષ્ણુને સમર્પિત મંદિરો બનાવવામાં આવ્યા છે.

મુખ્ય મંદિરોની દિવાલો પર રામાયણની વિવિધ ઘટનાઓને સુંદર કોતરણી દ્વારા રજૂ કરવામાં આવી છે, જે ભારતીય પૌરાણિક પરંપરાની ઝલક આપે છે. ઇતિહાસકારોના જણાવ્યા અનુસાર, પ્રમ્બાનન મંદિરનું નિર્માણ ૯મી સદીમાં મધ્ય જાવાના સંજય વંશના શાસકો દ્વારા કરવામાં આવ્યું હતું. પરંતુ થોડા સમય પછી થયેલા મોટા જ્વાળામુખી વિસ્ફોટને કારણે આ ભવ્ય મંદિર રાખ અને જંગલોની નીચે છુપાઈ ગયું હતું .

ઘણા વર્ષો સુધી આ મંદિર માત્ર સ્થાનિક કથાઓમાં જ જીવંત રહ્યું. ત્યારબાદ તેને ફરી શોધવામાં આવ્યું હતું અને તેના મૂળ સ્વરૂપને જાળવી રાખવા માટે પુનઃસ્થાપનનું કામ શરૂ કરવામાં આવ્યું. ૧૯૫૩માં ઇન્ડોનેશિયાના પ્રથમ રાષ્ટ્રપતિ સુકર્ણોએ મુખ્ય શિવ મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું.

પ્રમ્બાનન મંદિરની સૌથી મોટી વિશેષતા તેની બાંધકામ પદ્ધતિ છે. આ મંદિરને પથ્થરોને ખાસ ટેકનિકથી એકબીજા સાથે જોડીને બનાવવામાં આવ્યું છે, જેમાં પરંપરાગત ગારાનો ઉપયોગ ઓછો જોવા મળે છે. આજે પુરાતત્ત્વવિદો મંદિરના સંરક્ષણ માટે ‘એનાસ્ટાઈલોસિસ’ પદ્ધતિનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિમાં નવા બાંધકામ કરતા મંદિરના મૂળ પથ્થરોને શોધીને ફરીથી યોગ્ય સ્થાન પર સ્થાપિત કરવામાં આવે છે.

આ મંદિર પરિસરને ત્રણ ભાગોમાં વહેંચવામાં આવ્યું છે. બહારનો ભાગ માનવ જીવનની ભૌતિક દુનિયાનું પ્રતીક માનવામાં આવે છે. મધ્ય ભાગ આધ્યાત્મિક જગતનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે મંદિરનું ગર્ભગૃહ દેવતાઓના નિવાસ સ્થાનનું પ્રતીક માનવામાં આવે છે.

પ્રમ્બાનન મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં ભગવાન શિવની ભવ્ય પ્રતિમા સ્થાપિત છે. અહીં દેવી દુર્ગા, ભગવાન ગણેશ અને મહર્ષિ અગસ્ત્યની મૂર્તિઓ પણ જોવા મળે છે. સ્થાનિક પરંપરામાં દેવી દુર્ગાની પ્રતિમાને ‘રોરો જોંગરાંગ’ નામથી ઓળખવામાં આવે છે.

મંદિરની દિવાલો પર કરવામાં આવેલી સુંદર કોતરણી પ્રવાસીઓના મુખ્ય આકર્ષણ સમાન છે. ખાસ કરીને રામાયણની કથાઓને પથ્થરો પર જીવંત રીતે રજૂ કરવામાં આવી છે. પ્રમ્બાનન મંદિર આજે માત્ર ઈન્ડોનેશિયાનો વારસો નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટે ભારતીય સંસ્કૃતિ અને પ્રાચીન સ્થાપત્યની અનમોલ ધરોહર છે.

ઈન્ડોનેશિયા દુનિયાનો સૌથી મોટો મુસ્લિમ દેશ છે. તેમ છતાં ત્યાં હિન્દુ સંસ્કૃતિ ખૂબ વિકસી છે. તેના પ્રાચીન સાંસ્કૃતિક વારસાને કારણે ઈન્ડોનેશિયામાં ભગવાન ગણેશ ખૂબ પ્રખ્યાત છે. થોડા વર્ષો પહેલાં ઈન્ડોનેશિયાની અર્થવ્યવસ્થા બગડી હતી ત્યારે અહીંના અર્થશાસ્ત્રીઓએ વિચાર-વિમર્શની સાથે વીસ હજારની નોટ બહાર પાડી હતી અને તેની પર ભગવાન ગણેશનો ફોટો છાપ્યો હતો. અહીંના લોકો રામાયણને પણ મહત્ત્વ આપે છે. આ વાતો તેમની સંસ્કૃતિનો ભાગ છે. ઈન્ડોનેશિયામાં રામાયણ અને મહાભારતની વાતો દરેક વ્યક્તિ જાણે છે અને અહીં કૃષ્ણ અને અર્જુનની મૂર્તિઓ પણ છે.

અહીંના મુસલમાનો રમઝાનમાં રોજા રાખે છે અને ઈફતાર બાદ અહીંના હિંદુ મંદિરમાં રામાયણના પાઠમાં ભાગ લેવા જાય છે. અહીં હિંદુ-મુસ્લિમની વચ્ચે સૌહાર્દ કાયમ રહે છે. અહીંના જાવા ઈન્ડોનેશિયાનો દ્વીપ છે જ્યાં ૬૦ ટકા લોકો હિંદુ છે. આમ ભારત અને ઈન્ડોનેશિયા કાયમ નજીક છે.

*સંદર્ભ : પીટીઆઈ ગુજરાતી અખબારનો લેખ અને વિકિપીડિયા.*

***“પરમેશ્વરી”, પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## કર્મને કર્મયોગ બનાવીએ

અકબરના દરબારના નવ રત્નો પૈકીનું એક અણમોલ રત્ન એટલે તાનસેન. તાનસેનનું સંગીત અકબર સહિતના તમામ દરબારીનો થાક દૂર કરીને એક નવા જ પ્રકારની તાજગી ભરી આપતું. તાનસેન સૂર છેડે એ સાથે જ આખા દરબારનું વાતાવરણ બદલાઈ જતું.

એક વખત અકબરને કોઈએ વાત કરી કે, તાનસેન આટલું સરસ મજાનું ગાય છે પણ એના ગુરૂ હરિદાસ એનાથી પણ સારું ગાય છે. અકબરે તાનસેનને બોલાવીને એમના ગુરૂ હરિદાસને સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી. તાનસેને કહ્યું, “જહાંપનાહ, આપ જો મારા ગુરૂદેવનું સંગીત માણવા માંગતા હો, તો આપને મારી સાથે એમના આશ્રમ પર આવવું પડશે. કારણ કે ગુરૂદેવ આ મહેલમાં નહીં આવે.” અકબરને હરિદાસને સાંભળવાની તાલાવેલી હતી. આથી એણે મહેલ છોડીને આશ્રમમાં જવાની તૈયારી બતાવી.

એક દિવસ તાનસેન અકબરને લઈને ગુરૂ હરિદાસ પાસે પહોંચ્યો. ગુરૂજીને વંદન કરીને સામે બેસી ગયો અને અકબરને પણ બેસી જવા માટે ઈશારો કર્યો. શહેનશાહ અકબર આજે પોતાના પદને એક બાજુ હડસેલીને જમીન પર નીચે બેસી ગયા. હરિદાસજીએ ગાવાની શરૂઆત કરી અને ધીમે ધીમે અકબર સહિતના સૌ હરિદાસની ગાયકીમાં ડૂબી ગયા. તાનસેનનું સંગીત શરીર ડોલાવતું હતું, જ્યારે હરિદાસનું સંગીત તો આજે આત્માને ડોલાવી રહ્યું હતું.

દરબારમાં પાછા ફર્યા બાદ અકબરે તાનસેનને પૂછ્યું, “તારા ગુરૂજીની ગાયકીમાં એક જુદા જ પ્રકારનો નશો હતો. એના શબ્દો મારા હૃદયને સ્પર્શતા હતા. તારા ગાયનમાં એવી મજા નથી, જેવી તારા ગુરૂજીના ગાયનમાં છે. આવું કેમ?” તાનસેને હાથ જોડીને કહ્યું, “શહેનશાહ, હું હિંદુસ્તાનના રાજાને રાજી કરવા માટે ગાઉં છું અને મારા ગુરૂ અનંતકોટી બ્રહ્માંડના રાજાને રાજી કરવા માટે ગાય છે.”

કોઈપણ કાર્યમાં જ્યારે ભગવાનને ભેળવવામાં આવે છે ત્યારે એ કાર્ય કર્મયોગ બની જાય છે. ભગવાનને સમર્પિત થયેલો પુરુષાર્થ આપણને અને સામેવાળાને બંનેને આનંદ આપે છે.

***પ્રેષક : અમરેશ કે. સંઘવી***
***મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨***

# શ્રી અરવિંદ અને કચ્છ

હરેશ ધોળકિયા

એક જીજ્ઞાસા હંમેશાં રહી છે કે ભારતના જે મહાન લોકો થઈ ગયા છે, પ્રાચીન કે આધુનિક, તેમણે કચ્છની મુલાકાત લીધી છે અથવા તો કચ્છ વિષે પરીચિત રહ્યા છે કે નહીં કે કચ્છ સાથે કોઈ આડકતરો સંપર્ક રહ્યો છે. પ્રાચીન કે મધ્યકાલીન આવા મહાન લોકો વિષે પણ જીજ્ઞાસા તો રહી જ છે, પણ ઓગણીસમી અને વીસમી સદીમાં થયેલા મહાન લોકો બાબતે જીજ્ઞાસા ચોક્કસ રહી છે.

ઓગણીસમી સદીમાં થયેલ સ્વામી દયાનંદ સરસ્વતી તો કચ્છ પાસેના ટંકારા ગામે જ જન્મ્યા હતા, પણ 'દયાનંદ સરસ્વતી' થયા પછી તેઓ કચ્છ તો ઠીક, ગુજરાતમાં પણ ખાસ આવ્યા દેખાતા નથી. મોટા ભાગે ઉત્તર, મધ્ય અને પૂર્વ ભારતમાં જ ફર્યા છે અને પંજાબમાં સ્થિર થયા છે. હા, કચ્છના સંદર્ભમાં વિચારીએ તો કચ્છના શ્યામજી કૃષ્ણવર્મા જયારે વિદ્યાર્થી હતા અને સંસ્કૃતમાં પ્રવીણ હતા, ત્યારે તેઓ દયાનંદ સરસ્વતીને મળ્યા હતા અને દયાનંદને, તેઓ સંસ્કૃતમાં પ્રવીણ છે એ જાણીને, તેમના પ્રત્યે પ્રેમ પણ થયેલો દેખાય છે. એટલે દયાનંદ તેમને ઈંગ્લેન્ડ જઈને સંસ્કૃત વિદ્વાન વિલિયમ મોનીઅર પાસે અભ્યાસ કરવા જવા કહે છે અને તે માટે વ્યવસ્થા પણ કરી આપે છે. આ સિવાય બીજા કોઈ કચ્છી તેમનાથી પરીચિત હોય તેવું દેખાતું નથી. દાદાભાઈ નવરોજી તો મુંબઈ અને ઈંગ્લેન્ડમાં જ રહ્યા છે. તેમને તો કચ્છ સાથે સંબંધ હોઈ જ ન શકે, પણ તાજેતરમાં એક નોંધ જોવા મળી કે કચ્છના મહારાવ પ્રાગમલજીએ કોઈ સંદર્ભમાં તેમને મદદ કરી હતી.

એટલે રામકૃષ્ણ પરમહંસ તો બહુ ઓછા ફર્યા છે, કેવળ કાશી સુધી. તેનાથી આગળ નથી ગયા. કચ્છ સુધી તેમના આવવાનો સવાલ જ ઊભો નથી થતો. પણ હા, સ્વામી વિવેકાનંદ ભારત ભ્રમણ દરમિયાન બે વાર કચ્છ આવ્યા છે અને તત્કાલીન રાજા મહારાવ ખેંગારજી સાથે સંવાદ પણ કર્યો છે. અમેરિકાથી આવ્યા પછી પણ તે ફરી કચ્છમાં આવવા માગતા હતા, પણ નબળી તબિયતના કારણે તેઓ આવી ન શક્યા. તેમના ગુરૂભાઈ સ્વામી અખંડાનંદ પણ સાથે આવ્યા હતા અને ભુજ, માંડવી અને નારાયણ સરોવરની મુલાકાત લીધી હતી. માંડવીમાં કોઈ સંગીત પ્રેમી બહેન સાથે ધ્રુપદ ગીત પણ ગાયું હતું એમ નોંધાયું છે. તેમના પ્રવચનોમાં રણનો ઉલ્લેખ આવે છે, તે કદાચ કચ્છના રણના આધારે હોય તેમ મનાય છે.

મહાત્મા ગાંધી ૧૯૨૫માં કચ્છ આવ્યા હતા અને લગભગ બે અઠવાડિયા રહ્યા હતા અને કચ્છમાં ફર્યા પણ હતા. તેમની તો દિવસે દિવસની નોંધ મહાદેવભાઈ દેસાઈએ રાખી છે. તેઓ બીજી વાર આવી શક્યા ન હતા, પણ અંતિમ પળ સુધી, કચ્છના એક કાર્યકર કાંતિપ્રસાદ અંતાણીના માધ્યમ દ્વારા, તેમનો કચ્છ સાથે સંબંધ રહ્યો હતો. તેમના સાથે વલ્લભભાઈ પટેલ પણ આવ્યા હતા. કચ્છનું કંડલા બંદર સરદારની જ ભેટ માની શકાય.

જવાહરલાલ નહેરૂ સ્વતંત્રતા પછી કચ્છમાં ત્રણ વાર આવ્યા છે. ૧૯૫૪મા ભુજની એક હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરવા, ૧૯૫૬માં કચ્છમાં ભયંકર ધરતીકંપ થયો ત્યારે તે નિહાળવા અને ખાસ કરીને અંજારની સ્થિતિ જોવા અને ૧૯૬૨માં ચૂંટણીના પ્રવચન માટે આવ્યા હતા. પણ તેઓ પણ સતત કચ્છ સાથે સંપર્કમાં હતા. તો વિનોબા ભાવે ૧૯૫૭માં ભૂદાનના સંદર્ભમાં કંડલા અને અંજાર વચ્ચેના વિસ્તારમાં આવ્યા હતા. શ્રી મોટા, ડૉ. રાધાક્રિશ્નન અને ડૉ. રાજેન્દ્રપ્રસાદ પણ એક વાર કચ્છમાં આવી ગયા હતાં. વિદુષી વિમલા તાઈ તો ત્રણેક વાર કચ્છમાં આવ્યા હતા.

પણ મહર્ષિ અરવિંદનો, જે પણ સમકાલીન મહાન યોગી હતા, કચ્છ સાથે કોઈ સંબંધ હતો? તેઓ તો ભારતમાં આવ્યા પછી થોડો સમય વડોદરા રહ્યા હતા. પછી કોલકાતા ચાલ્યા ગયા. પછી પોંડિચેરી ચાલ્યા ગયા અને આજીવન ત્યાં જ રહ્યા. એટલે તેમનો કચ્છ આવવાનો કોઈ સંદર્ભ નથી દેખાતો. માત્ર બે સંદર્ભ દેખાય છે. કચ્છના એક તત્કાલીન વિદ્યાર્થી હરિપ્રસાદ વૈદ્ય ૧૯૦૫માં વડોદરામાં કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમના વિદ્યાર્થી રહી ચૂક્યા હતા. અલબત્ત, શ્રી અરવિંદ તેમને ઓળખાતા ન હતા.

પણ એક બીજો સંદર્ભ જોવા મળે છે. શ્રી અંબાલાલ પુરાણીએ એક પુસ્તક લખ્યું છે : "Evening Talks." આમાં શ્રી અરવિંદના તેમના શિષ્યો સાથેના વાર્તાલાપો છે. મોટા ભાગે તો ત્યાં રહેતા શિષ્યો સાથેના જ વાર્તાલાપો છે, પણ શરૂઆતમાં, ૧૯૨૩માં, બે વાર્તાલાપ એવા દેખાય છે જે તેમણે કચ્છના બે લોકો સાથે કર્યા છે જે નોંધાયા છે. એક વાર્તાલાપ છે વેલજી શાહ સાથે અને બીજો વાર્તાલાપ છે કોઈ ગોકુલદાસ સાથે. (તેમની અટક પણ નથી નોંધી) બંને વાર્તાલાપ યોગ સાધના વિષે જ છે. આ બે વ્યક્તિઓ વિષે જાણીએ તે પહેલા

આ વાર્તાલાપ જોઈએ. મૂળે અંગ્રેજીમાં છે, પણ અહીં તેનું ગુજરાતી ભાષાંતર આપેલ છે.

પ્રથમ છે શ્રી વેલજીભાઈ શાહ સાથેનો વાર્તાલાપ. તે આ પ્રમાણે છે.

## વેલજીભાઈ શાહ સાથે વાતચીત

***વેલજીભાઈ:*** હું મારા સ્થાને પાછો જઈ રહ્યો છું અને ત્યાં યોગનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કરીશ. હું એ જાણવા માંગુ છું કે શું મારે મારી જાતને તમામ જાહેર પ્રવૃત્તિઓથી અળગી કરી દેવી જોઈએ?

***શ્રી અરવિંદ:*** એવો કોઈ સામાન્ય નિયમ નથી કે યોગનો અભ્યાસ કરનારા દરેકે તમામ બાહ્ય કાર્યો છોડી દેવા જોઈએ. શું તમને લાગે છે કે જો તમે કાર્ય છોડી દેશો તો તે અટકી જશે?

***વેલજીભાઈ:*** ત્યાં એક કે બે મિત્રો અને સહકાર્યકરો છે જેમને હું આ કાર્ય સોંપી શકું તેમ છું. પરંતુ તેમ છતાં તેમાં મારા ધ્યાન માટે બે કે ત્રણ કલાકની જરૂર પડશે.

***શ્રી અરવિંદ:*** જુઓ, આમાં બે કે ત્રણ બાબતો વિચારવા જેવી છે. સૌથી પહેલી વાત તો એ કે કાર્ય છોડી દેવાની જરૂરિયાત અંદરના (અંતરાત્માના) પોકાર પર આધાર રાખે છે. સાધનાની પ્રક્રિયામાં એક એવો તબક્કો આવે છે જ્યારે કાર્યમાં બે કલાકનું ધ્યાન આપવું પણ એક ખલેલ તરીકે અનુભવાય છે; ત્યારે તે કાર્ય છોડી દેવું પડે છે. અથવા, જો કોઈને લાગે કે આ તે કાર્ય નથી જે તેણે કરવાનું છે, તો તેણે તે છોડી દેવું પડે છે. જ્યાં સુધી સાધનાની આવી તીવ્ર અવસ્થા ન આવે ત્યાં સુધી કાર્ય ચાલુ રાખવામાં કોઈ નુકસાન નથી.

***વેલજીભાઈ:*** મેં મારા દેશના (પ્રદેશના) ભાગમાં આપણા સાહિત્યના પ્રચાર માટે એક સંસ્થા શરૂ કરી છે. તે અંગે આપની શું સલાહ છે?

***શ્રી અરવિંદ:*** હું બૌદ્ધિક દૃષ્ટિએ તેની ન તો તરફેણમાં છું કે ન તો વિરોધમાં છું. આ યોગમાં બાહ્ય ક્રિયાઓનો ત્યાગ કરવાનો નથી. કેટલીક વાર કર્મ કરવું જ પડે છે. પરંતુ સામાન્ય રીતે, આપણે એ જ હેતુઓથી પરોપકારી કાર્યો કરવાના નથી હોતા. પરોપકારમાં અહંકારનો હેતુ હોય છે, ભલે તે ગમે તેટલો ઉચ્ચ કેમ ન હોય. આપણે તેની પેલે પાર જોવાનું છે. દાખલા તરીકે, માનવતાની સેવા કરવા માટે આપણે દલિત વર્ગો માટે શાળાઓ શરૂ કરવાની જરૂર નથી. આપણે ભગવાનને યજ્ઞ (સમર્પણ) તરીકે કામ કરવાનું છે અને તેથી આપણે માનસિક આદર્શો અને વિચારોની રચનાઓથી પર જવું પડશે. જ્યારે માણસો આ માનસિક અથવા નૈતિક હેતુઓથી કામ શરૂ કરે છે, ત્યારે તેઓ તેને સાચા માને છે અને તેથી તેઓ તેને પાછળ છોડીને આગળ વધવા તૈયાર થતા નથી. આપણે યોગની દૃષ્ટિએ કાર્ય હાથ ધરવાનું છે. ઉદાહરણ તરીકે, આપણા સાહિત્યનો પ્રચાર કરવો જરૂરી છે કારણ કે તે નવા વિચારોનો ફેલાવો કરે છે. કેટલાક લોકો તેને યોગ્ય રીતે સ્વીકારી શકે છે અને કેટલાક અયોગ્ય રીતે. સાર્વત્રિક માનસિક સ્તર પર એક ચળવળ ઊભી થાય છે. સામાજિક કાર્યની બાબતમાં પણ એવું જ છે કે આખું માળખું નવા વિચારોથી હચમચી જાય છે અને તે માણસોને જૂની ઘરેડમાંથી બહાર કાઢે છે તેટલા અંશે તે ઉપયોગી છે. પરંતુ આપણે આંતરિક હેતુઓથી કાર્ય કરવાનું છે. (૮ ઓગસ્ટ, ૧૯૨૩)

## કચ્છના ગોકુળદાસ શ્રી અરવિંદને મળ્યા

***ગોકુળદાસ:*** ઈચ્છા (કામના) વિના કર્મ કેવી રીતે કરવું? કર્મ અને અહંકારથી કેવી રીતે મુક્ત થઈ શકાય?

***શ્રી અરવિંદ:*** અંગ્રેજીમાં ઈગોઈઝમ (અહંકાર) શબ્દનો ઉપયોગ ખૂબ જ મર્યાદિત અર્થમાં થાય છે – તેનો અર્થ થાય છે પોતાના માટે કંઈ પણ કરવું. જે પોતાના માટે નથી કરવામાં આવતું તેને અહંકાર વિનાનું માનવામાં આવે છે. પરંતુ યોગમાં એવું નથી. માણસ તમામ નિઃસ્વાર્થ કાર્યો કરી શકે છે છતાં તેનામાં સંપૂર્ણ અહંકાર હોઈ શકે છે. તેનામાં કર્તા હોવાનો અહંકાર હશે. નિષ્કામ કર્મનો અર્થ સૌ પ્રથમ વાસના કે ઈચ્છાનો અભાવ છે. તમારે પહેલા એવી સ્થિતિ સ્થાપિત કરવી પડશે જેમાં સારી કે ખરાબ ઈચ્છાઓ ગેરહાજર હોય. તમારે એ સમજવું જ જોઈએ કે તે ઈશ્વરની શક્તિ છે, તેમની શક્તિ છે, જે વાસ્તવમાં કાર્ય કરે છે. તમારામાં અને વિશ્વમાં જે કંઈ પણ સારું કે ખરાબ કાર્ય થાય છે, તે તેમનું (તે શક્તિનું) જ કાર્ય છે.

***ગોકુળદાસ:*** જો કોઈ માણસ આવું વલણ અપનાવે તો તે આડેધડ સારા કે ખરાબ કાર્યો કરવાનું ચાલુ રાખી શકે છે અને કહી શકે છે કે ઈશ્વર આ બધું કરી રહ્યા છે.

***શ્રી અરવિંદ:*** તે ભલે એવું કહે, પરંતુ તે જેટલા પ્રમાણમાં અહંકારની ભાવના તેમાં રાખશે તેટલા જ પ્રમાણમાં તેને તેનું ફળ મળશે.

***ગોકુળદાસ:*** ભૂતકાળમાં કરેલા કર્મોનું શું?

***શ્રી અરવિંદ:*** તે પણ શક્તિના હાથમાં જ છે. તે જાણે છે કે કયું ફળ આપવું અને કયું નહીં. જ્યારે આ પ્રકારની ઈચ્છારહિતતા સ્થાપિત થઈ જાય, ત્યારે તમારે તમારા તમામ કાર્યો ઈશ્વરને યજ્ઞ તરીકે અર્પણ કરવાનું ચાલુ રાખવું પડશે. તમારે એ અનુભવવું જ જોઈએ કે તે શક્તિ જ તમારામાં કાર્ય

કરે છે અને તે જ તેને પરમેશ્વરને યજ્ઞ તરીકે અર્પણ કરે છે. કર્મમાં જેટલી વધુ ઈચ્છારહિતતા હશે, તેટલી જ અર્પણની ભાવના પવિત્ર હશે. કર્મ અને કર્મનું ફળ બંને ઈશ્વરના છે – આપણા નથી. સારા કે નિઃસ્વાર્થ કર્મના ફળ માટે કોઈ આગ્રહ હોવો જોઈએ નહીં. જ્યારે આવું થાય છે ત્યારે બધું સરળ બની જાય છે.

*ગોકુળદાસઃ* જ્યારે માણસમાં કોઈ ઈચ્છાનો વેગ ન હોય ત્યારે તે કેવી રીતે કાર્ય કરશે?

*શ્રી અરવિંદઃ* જ્યારે તમે ઈચ્છારહિતતાનો સાક્ષાત્કાર કરી લેશો ત્યારે તમારામાં કોઈ સારી કે ખરાબ ઈચ્છાનો વેગ નહીં રહે. ત્યારે શક્તિ તરફથી એક પ્રેરણા (વેગ) મળશે અને તે કાર્ય હાથમાં લેશે. ધીમે ધીમે તમારું સમગ્ર અસ્તિત્વ ખૂલી જાય છે અને બધું જ ઉપરથી આવે છે. આપણે માત્ર નિમિત્ત બનીએ છીએ.

*ગોકુળદાસઃ* પરંતુ શક્તિ જે કાર્ય માટે પ્રેરિત કરે છે અને આપણું નિમ્ન અસ્તિત્વ (લોઅર સેલ્ફ) આપણને જે કાર્ય માટે પ્રેરે છે તે બંને વચ્ચે ભેદ કેવી રીતે કરવો?

*શ્રી અરવિંદઃ* શક્તિ દ્વારા અભિપ્રેત કાર્ય અને નિમ્ન પ્રકૃતિ દ્વારા પ્રેરિત કાર્ય વચ્ચે ભેદ પારખવા માટે તમારે ખૂબ જ સાવધ રહેવું પડશે. તમારે અંદર જોવાની શક્તિ વિકસાવવી જ જોઈએ. જ્યારે તમે અંદર જુઓ છો ત્યારે તમારે પહેલા તમારી જાતને 'પુરુષ' તરીકે ઓળખવી જોઈએ, એટલે કે પ્રકૃતિની હલચલથી તદ્દન અલગ અસ્તિત્વ. પ્રકૃતિ, જે પ્રાણ (મહત્ત્વના ભાગો), ચિત્ત, મન વગેરેમાં ચાલે છે. પ્રકૃતિમાં જે કંઈ પણ હલચલ થાય તેને નકારી કાઢવી જોઈએ અને જે કંઈ પણ ઉપરથી આવે તેને સ્વીકારવું જોઈએ. તમારે માત્ર તમારી જાતને અલગ જ નથી કરવાની, પરંતુ પુરુષે શાંત અને નિષ્ક્રિય સાક્ષી બનવું પડશે. આ રીતે તમારામાં એક એવો ભાગ હશે જે શાંત રહેશે અને પ્રકૃતિની કોઈપણ બાબતથી અપ્રભાવિત રહેશે. સાક્ષીની તે શાંતિ, શક્તિ, પછી પ્રકૃતિ સુધી વિસ્તરે છે અને પછી પ્રકૃતિ કોઈપણ ખલેલથી તદ્દન અવિચલિત રહે છે. તમે માત્ર અવિચલિત જ નથી રહી શકતા, પરંતુ 'અનુમંતા' તરીકે પ્રકૃતિની અમુક હલચલને મંજૂરી પણ આપી શકો છો અને અન્યને રોકી પણ શકો છો.

*ગોકુળદાસઃ* શું આ જ યોગ છે? કોઈ આસન નહીં, કોઈ પ્રાણાયામ નહીં?

*શ્રી અરવિંદ :* આ એટલું સરળ નથી જેટલું તે દેખાય છે. જો સમર્પણમાં સાચી નિષ્ઠા (સચ્ચાઈ) હોય, તો મદદ ઉપરથી આવે છે. તમારામાં દ્રઢતા પણ હોવી જોઈએ.

*ગોકુળદાસઃ* આના માટે કદાચ જ્ઞાન અથવા ભણતરની જરૂર પડી શકે છે, જે મને ડર છે કે મારી પાસે નથી.

*શ્રી અરવિંદઃ* ભણતર અનિવાર્ય નથી. યોગ માત્ર શક્તિ દ્વારા જ થાય છે. તમે તે જાણતા નથી કારણ કે તમે ઉચ્ચ હલચલથી વાકેફ નથી. તમારે માત્ર વર્ણવેલ વલણ રાખવાનું છે અને અર્પણમાં સાચા (નિષ્ઠાવાન) રહેવાનું છે. (૯ ઓગસ્ટ, ૧૯૨૩)

### *હવે આ બે વ્યક્તિઓ કોણ હતી ?*

વેલજીભાઈ શાહ તો શરૂઆતમાં સામાજિક કાર્યકર હતા. પણ પછી શ્રી અરવિંદના યોગથી આકર્ષાયા હતા અને તેમાં ઊંડા પણ ઉતર્યા હતા. પાછળથી તેમણે કચ્છના બીદડા ગામમાં 'સાધના આશ્રમ' નામે આશ્રમ પણ શરૂ કર્યો હતો. ત્યાં રહી તેમને જીવનના અંત સુધી સાધના કરી હતી. આ આશ્રમ આજે પણ હયાત છે. આશ્રમની લાઈબ્રેરી ઉત્તમ છે જે દર્શાવે છે કે વેલજીભાઈ એક ઉત્તમ વાચક હતા. આજે આ આશ્રમ બંધ જેવો છે.

ગોકુલદાસભાઈ કોણ છે તે ખ્યાલ આવતો નથી. માંડવીમાં ગોકુલદાસભાઈ બાંભડાઈ હતા, પણ તે ગાંધી વિચારના માણસ હતા. આ ગોકુલદાસભાઈ કોઈ ભાટિયા લાગે છે. કદાચ મુંબઈમાં રહેતા હશે. પણ તેઓ પણ શ્રી અરવિંદના પૂર્ણ યોગના સાધક લાગે છે.

આ બે સિવાય શ્રી અરવિંદને બીજું કોઈ મળ્યું હોય કે તેમના યોગના સાધક બન્યું હોય તેવું જોવા મળતું નથી. ■

## નાગરો દ્વારા કચ્છી નવા વર્ષની થતી અનોખી ઉજવણી

ગુજરાતભરમાંથી કચ્છમાં આવીને વસેલા નાગરો, કચ્છની સંસ્કૃતિ સાથે 'દૂધમાં સાકર ભળે' એમ ભળી ગયા છે એની પ્રતીતિ કરાવે છે ફક્ત કચ્છના નાગરોની આ આગવી પરંપરા...

### *કચ્છી નવાં વર્ષની અનોખી ઉજવણી...*

આંખે ઉડીને વળગે એવી અનોખી પ્રથા છે, કચ્છનાં નાગરો દ્વારા થતી નવાં વર્ષની ઉજવણી. અષાઢી બીજ કચ્છનું નવું વર્ષ ખૂબ જ ઉત્સાહથી આગવી ઢબે ઉજવાય છે. એમાં પણ, કચ્છનાં નાગરો નવા વર્ષની ઉજવણી અનોખી રીતે કરે છે. એ દિને પરિવારની વહુઓ નવા વસ્ત્રો પરિધાન કરી, વડીલોને પગે લાગવા ઘરે ઘરે નીકળી પડે છે ત્યારે ખરેખર દિવાળી જેવો જ માહોલ સર્જાય છે. કચ્છમાં નાગર પરિવારો હોંશભેર આ પર્વ ઉજવે છે. ■

# ભ્રામક ભવિષ્યવાણીઓ

વસંત 'કચ્છ કેસરી'

અગાઉના સમયમાં સંતાનના જન્મ બાદ ગામના જ કે શહેરના બ્રાહ્મણ કે વ્યવસાયિક જ્યોતિષી પાસે બાળકની તારીખ, તિથિ, વાર અને સમય (જે અંદાજિત હોય) વગેરે વિગત આપી જન્માક્ષર બનાવી લેવાતા. જો કે એ પ્રથા આજે પણ ચાલુ છે પણ હવે કોમ્પ્યુટર પર હોરોસ્કોપ બનાવી લેવામાં આવતા હોય છે. આવા જન્માક્ષરોમાં જન્મથી મૃત્યુ સુધીના જીવનની ઉચ્ચ-નીચ સ્થિતિ તથા સુખ દુઃખનો વર્તારો ઉતારી આપવામાં આવે છે (જેમાંથી પાંચ કે દસ ટકા જેટલું માંડ તથ્ય હોય!) સાચા જન્મ સમયનો અભાવ અથવા જ્યોતિષીની ગ્રહમાન અંગેનું ખોટું ગણિત. કારણ કોઈ પણ હોઇ શકે. આજકાલ તો ભવિષ્યવેત્તાઓની ભરમાર છે. મોબાઇલ, ટીવી કે સમાચાર પત્રોમાં કેટલાય જ્યોતિષીઓની આગાહી આપણે જોતા-સાંભળતા રહીએ છીએ. ક્યારેક રમૂજ થાય, ક્યારેક આશ્ચર્ય તો વળી ક્યારેક આગાહીઓ કરી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા હવાતિયાં મારે એવા ભવિષ્યવેત્તાઓની દયા પણ આવે.

હાલ કેટલાક સમયથી સોશિયલ મીડિયામાં સંદેશા ફરી રહ્યા છે જે નામી અનામી ભવિષ્યવેત્તા પોતાની રીતે ભારત દેશ, દેશના નેતાઓ, વૈશ્વિક યુદ્ધો અને વિનાશ વિશે જુદી જુદી આગાહીઓ કરતા હોય છે. આ આગાહીઓ કરવામાં અમુક જ્યોતિષીઓ જે ખગોળ શાસ્ત્રના આધારે ગ્રહોની સ્થિતિ, ગતિ, રાશિ ભ્રમણ, ગ્રહોની વક્રતા વગેરે જેવા પાસાઓનો ઉલ્લેખ કરી ઘણી ડરામણી વિગતો જાહેર કરે છે જે સામાન્ય માણસોની સમજથી પરે હોય. કેટલાક સરળ અને નિર્દોષ મનના માનવીઓ આવી ભયાનક વિગતો વાંચી હતાશામાં ડૂબી જાય છે એવું પણ બને.

● **એક સત્ય હકીકત :**

ઇ.સ. ૧૯૭૦ આસપાસ કોઈ અલ્લડટપુ કોલમનિસ્ટ ભાઈએ ગુજરાતી દૈનિક સમાચાર પત્રમાં આગાહી કરેલી કે આકાશમાંથી એક ગ્રહનો મોટો ટુકડો છૂટો થઈ પૃથ્વી ઉપર પડશે અને એ જગ્યાએ અસંખ્ય જાનહાનિ થશે. આ સમાચાર વાંચી, અમદાવાદના મણિનગરની મણિયાસા સોસાયટીમાં રહેતા એક વૃદ્ધ વડીલે મૃત્યુના ડરથી, પોતાના મગજનું સંતુલન ગુમાવી દીધું હતું. આખી સોસાયટીમાં દોડ દોડ કરી બરાડા પાડતા. જાણે, એ ગ્રહનો ટુકડો મણિનગરમાં જ પડવાનો હોય.

આજકાલ જે ભવિષ્યવેત્તા પોતાની શૈલીમાં ભવિષ્યવાણી કરે છે તે પણ ઘણી ભયાનક હોય છે. હા, ક્યારેક એકાદી આગાહી, યોગાનુયોગ ખરી પડી પણ હોય. ડિસેમ્બર ૨૦૨૫ અને જાન્યુઆરી ૨૦૨૬ – આ બે મહિનામાં ચાંદીના ભાવમાં જે તેજી આવી તેની કોઈ જ્યોતિષીએ આગાહી કરી નહોતી. જાન્યુઆરી માસના અંતિમ દિવસે એક વીડિયો ફરતો થયો જેમાં રૂપેન શાહ નામના ભવિષ્યવેત્તા કહે છે કે ચાંદીમાં કોઈપણ ભાવે રોકાણ કરેલ હોય તેમાં ૨૦૨૬ના અંત ભાગમાં સારા ભાવનું વળતર મળશે. હજી એમના શબ્દો જૂના થાય ત્યાર પહેલા ફેબ્રુઆરીના પહેલાં દિવસે જ ચાંદીના ભાવમાં સારો એવો કડાકો બોલાયો.

અન્ય એક મરાઠી ભાઈનો વીડિયો ફેબ્રુઆરી માસમાં આવેલ કે ૨૦૩૨ના વર્ષ સુધીમાં એવી મહામારી વિશ્વમાં ફેલાઈ જશે કે વિશ્વની સમગ્ર માનવ વસ્તીના ૪૦ ટકા લોકો મૃત્યુના મુખમાં ધકેલાઈ જશે. એક બહેન બંગાળમાં ચૂંટણી બાદ સત્તા પલટની ખૂબ જોરદાર આગાહી કરી છે જેનો વીડિયો ફરી રહ્યો છે. આવી આગાહીઓ કરનાર ગૃહસ્થો પણ જાણે છે કે ૧૨ મહિના સુધી અમારું કહેલું કોઈને પણ યાદ નહીં રહે.

એવી તો કેટલીય આગાહીઓ આપણે સાધારણ માણસો પણ રોજબરોજ કરતા હોઈએ છીએ. જેવી કે, શેર બજાર ઊંચે કે નીચે જશે, સોના ચાંદીના ભાવની ગતિવિધિ, વાતાવરણમાં ઠંડી, ગરમી કે વરસાદનો વર્તારો, ચૂંટણીમાં અમુક પ્રત્યાશી જીતશે વગેરે વગેરે...

શક્ય છે કે ગ્રહોની ગતિ અને રાશિ ભ્રમણ, માનવીના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવતા હોય પણ આ ગ્રહોની સાચી અને ચોક્કસ સ્થિતિનું ગણિત હાલના જ્યોતિષીઓ પાસે ક્યાં છે? બધું અંદાજે ચાલતું હોય છે. વોટ્સએપના યુગમાં જો કોઈ ભવિષ્યવાણી વિશેનો સંદેશ વાંચો તો પણ બહુ મગજ પર લેવું નહીં એમ હું માનું છું.

ધર્મ, સાફ નીતિ અને કરુણા સાથે જીવો. બધા ગ્રહો રક્ષા જ કરશે. કોઈની આસ્થા માટે ટીકા કરવાનો કોઈ ઉદ્દેશ્ય નથી. સર્વ મંગલ થાઓ...

*દેવપુર / મુલુંડ (મુંબઇ)*
*મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮*

# માનવતાના મંદિરો

ડૉ. કમલેશ એન. શાહ
M.D., F.I.C.A. (USA)

માનવજાતની સાચી પ્રગતિ માત્ર બાહ્ય વિકાસમાં નથી પણ આંતરિક વિકાસમાં છે. આંતરિક પરિવર્તન વિનાનો બાહ્ય વિકાસ માત્ર ખતરનાક નથી પણ વિનાશકારી છે. આપણા જાણીતા વૈજ્ઞાનિક આઈનસ્ટાઈને કહ્યું છે કે, પરમાણુઓના ગુણધર્મો બદલી શકાય પણ માનવ મનની શેતાનિયતને બદલવા માટે શું? ધર્મ, ધર્મ સંસ્થાઓ, કાઉન્સેલિંગ – જવાબ છે માનવતાના મંદિરોનું નિર્માણ કરો, સહભાગી થાઓ કારણ કે ઘડિયાળ બગડે તો પોસાય પણ ટાવર બગડે તે ન પોસાય. બસના ડ્રાઈવરને આવતા ઝોકા મુસાફરો માટે જોખમરૂપ છે, એટલે જ જાણીતા કવિની આ પ્રાર્થના સમજી લઈએ.

*માનવતા કે મનમંદિરમેં જ્ઞાન કા દીપ જલા દો,*
*કરુણા નિધાન ભગવાન, મેરે સંસાર કો સ્વર્ગ બના દો.*

આજે ઠેર ઠેર અરાજકતા, જુઠાણાઓ, અજ્ઞાનતાનો લાભ લેનારા દંભના લૂંટેરાઓ, વટલાયેલા ધર્મ ગુરૂઓ, વિસ્તારવાદી માનસિકતા વગેરેએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે ત્યારે માનવતા મહેંકી ઉઠે તેવા મંદિરોની જરૂર છે. બધા ધર્મોમાં ભગવાનનો સંદેશો સરખો છે પણ રસ્તાઓ જુદા જુદા છે ત્યારે નવા મંદિરો, મસ્જીદો, જિનાલયો જરૂર નથી. આજે સર્વોચ્ચ સ્થાને બેસવાની ધર્મ દ્વારા હરીફાઈઓ ચાલે છે. મંદિરોમાં નાણાં, સોનું, ચાંદી વગેરે લૂંટવાની માંગણીઓ જેવી હરકતો થઈ રહી છે ત્યારે ભારત દેશમાં દિલ ગુલાલ ગુલાલ થઈ જાય તેવી પ્રવૃત્તિઓ પણ વિવિધ NGO, પેઢીઓ, ટ્રસ્ટો દ્વારા ચાલી રહી છે જે એક પ્રકારના માનવતાના મંદિરોની જ ઝલક છે. આજે પ્રત્યેક ઘરડા ઘર – વૃધ્ધાશ્રમ માનવતાના મંદિર સમાન છે. પ્રત્યેક નિઃશુલ્ક ભોજનાલયો, કન્યા છાત્રાલયો, પરબ સેવાઓ, છાશ કેન્દ્રો માનવતાના મંદિરોના પ્રતિક છે પણ... પણ... પણ... આ બધું પેટ માટે ચાલી રહ્યું છે. પેલા શેતાનિયત ભરેલા માનવ મનને શેની જરૂર છે? સંસ્કારોના સિંચનની – જે જ્ઞાન દ્વારા, ઘડતર દ્વારા આવશે. સદ્‌ગુરૂઓની વંદના, ગૌ સેવા, યોગ સાધના, ભકિતની ભગીરથી વગેરે દ્વારા મનમાં ભરાયેલા ઝેરી વાયુઓ, કાર્બન ડાયોકસાઈડ અને કાર્બન મોનોકસાઈડ કાઢવા માટે જરૂરી છે. ધર્મ કે ધર્મગુરૂઓનું સાચું કામ અનુયાયીઓના ઘેટાશાહી ટોળા ઉભા કરવાનું નથી. મનુષ્યના મનને ધોઈ વિછરીને ચોખ્ખું કરવાનું છે.

*મન મંદિર મેં પ્યાર કી નિર્મલ જયોત જલાએ બૈઠે હૈં,*
*નૈન બાવરે ભી દર્શન કી આસ લગાએ બૈઠે હૈં.*

કોઈ કહે આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તો મન ક્યાંથી સારા કામો કરવાની પ્રેરણા આપે? વાત તો સાચી છે પણ તેના માટે કોણ જવાબદાર છે? જો કૃષ્ણના માનવ અવતારમાં જેણે ૧૨૫ વર્ષ દુઃખો, લડાઈ ઝઘડા ઉકેલવા પોતાના પાલક પિતાને જન્મ આપનાર પિતાની જાણ ૧૧ વર્ષ પછી થતી હોય તો, જેણે સંઘર્ષ કરવાનું શીખવાડ્યું છે, પુરૂષાર્થ કરવાનું બનાવ્યું છે તો જ તમારા કર્મો તમને ભૌતિક સુખો આપી શકે. તમારે આ જન્મમાં તો સારા કર્મો કરી પુણ્ય કમાવું જ પડશે તો જ આગલા જન્મમાં તમારી CD કે Pen Drive ઉકેલનારને પ્રસન્નતા આપી શકશો. માનવતાના મંદિરોની શરૂઆત પંજાબના હોંશિયારપુરથી ૧૯૬૨ માં થઈ. બાબા ફકીર નામના વ્યકિત દ્વારા આ જ્ઞાન મંદિરની શરૂઆત થઈ અને હજુ ચાલુ છે, ત્યારબાદ ગુજરાતમાં નવસારી જિલ્લામાં વૃધ્ધજનો માટે સુરક્ષિત આશ્રમ ને ઘણું બધું અદ્‌ભુત છે. અમદાવાદના ડ્રાઈવ-ઈન-રોડ ઉપર માનવ મંદિર આવેલું છે – ત્યારબાદ માનવ મંદિર ગુરૂકુલ નવી દિલ્હીમાં આવેલું છે. આવા માનવતાના મંદિરોની જરૂરિયાત મનમાં ભરેલા કચરાને દૂર કરવા માટે છે. આપણામાં રહેલો દ્વેષ, અહંકાર, ઈર્ષા, સરખામણી, તારું – મારું, જુઠાણા ફેલાવવા, વેરઝેરની પ્રવૃત્તિઓ માટે ખૂબજ ઉપયોગી થઈ શકશે. જેના મનમાં ઝેરી વાયુઓ $CO_2$ તથા CO મનને મલીન કરે છે તે ભરાઈ ગયા હોય તો તેનો ઉપાય શું? આજે, ૧૪૦ કરોડની પ્રજામાં દર બીજી વ્યકિત ઉપરની બદીઓથી પીડાય છે. મનનો ખોરાક જ્ઞાન અને પુસ્તકો છે – જે આવા મંદિરોમાં કાઉન્સેલિંગ, સદ્‌ગુરૂ વંદના, પ્રેરક પ્રવચન, યોગ સાધના, મેડીટેશન શીખવાડવાથી વ્યકિત સાચા અર્થમાં માનવ બને છે. લાંબા લાંબા પ્રવચનો, કથાઓ, કલાસીસની જરૂર નથી. ત્યારે જ કહેવાનું મન થાય છે કે,

*ધર્મો કી સીમાઓંસે ઉપર માનવતા કા નામ,*
*પ્રેમ, શાંતિ, સદ્‌ભાવ હો વહીં ઘર કા ધામ.*

સરકાર તથા વિવિધ NGO કે ટ્રસ્ટો દ્વારા ચલાવવામાં આવતા સદાવ્રતો પેટ માટે છે. કન્યા છાત્રાલયો, ભોજનાલયો, ધાબળા વિતરણ કે નોટબુક કંપાસ કે પાંચ કિલો અનાજ, તેલ,

(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૪ ઉપર)

# ઘરની સ્ત્રી :
## ડિગ્રી વગરની 'સુપર સાયન્ટીસ્ટ' અને 'મેનેજર!'

આપણે ભણેલા-ગણેલા લોકોને જ બુદ્ધિશાળી માનીએ છીએ, પણ રોજ સવારે રસોડામાં જે જાદુ થાય છે ને, એના માટે કોઈ ડિગ્રીની જરૂર નથી પડતી! રસોડું, એ માત્ર રસોઈ બનાવવાની જગ્યા નથી, પણ એક આખી યુનિવર્સિટી છે. જુઓ કેવી રીતેઃ

### ૧. *ગણિત (Mathematics)*

કાગળ-પેન વગર જ ગણતરી પાકી!

કેટલા લોકો માટે કેટલો લોટ બાંધવો?

મસાલાનું માપ કેટલું રાખવું?

સાંજે વધેલા શાકમાંથી સવારે મસ્ત પરોઠા કેમ બનાવવા?

આ બધું જ કોઈ પણ કેલ્ક્યુલેટર વગર મોઢે જ થઈ જાય છે!

### ૨. *ભૌતિક અને રસાયણ વિજ્ઞાન (Physics & Chemistry)*

લેબોરેટરી વગરના અદ્ભુત પ્રયોગો!

ગેસની આંચ ક્યારે ધીમી કરવી અને ક્યારે ફાસ્ટ?

તેલ બરાબર ગરમ થયું છે કે નહીં?

કૂકરની સિટી ક્યારે વગાડવી?

દૂધ ન ફાટે અને લોટ એકદમ સોફ્ટ બંધાય તેનું ધ્યાન રાખવું.

આ બધું જ વિજ્ઞાનના નિયમો જેવું જ પરફેક્ટ હોય છે!

### ૩. *મેનેજમેન્ટ અને મલ્ટીટાસ્કિંગ (Management)*

એક સાથે દસ કામ કરવાનો સુપર પાવર!

એકબાજુ ચા ઉકળતી હોય, બીજી બાજુ કૂકરની સીટી વાગતી હોય ત્રીજી બાજુ બાળકનું ટિફિન પેક થતું હોય અને એવામાં જ ફોનની રીંગ વાગે! છતાંય કોઈપણ ગભરાટ વગર બધું જ કામ ટાઈમસર અને પરફેક્ટ પૂરું થઈ જાય. કોર્પોરેટ મેનેજર પણ ટૂંકા પડે!

### ૪. *અર્થશાસ્ત્ર (Economics)*

બજેટ કિંગ!

ગમે તેવું મર્યાદિત બજેટ હોય, તોય આખા પરિવારને પૌષ્ટિક અને ભાવતું ભોજન મળી જ રહે.

કોઈ વસ્તુનો બગાડ ન થવા દેવો અને ઋતુ પ્રમાણે સસ્તા-સારા શાકભાજીનો સ્માર્ટ ઉપયોગ કરવો.

### ૫. *મનોવિજ્ઞાન (Psychology)*

દિલની વાત પારખવાની કળા!

કોને કઈ વાનગી ભાવે છે?

આજે કોનો મૂડ ખરાબ છે?

કોની તબિયત નરમ છે અને કોને આજે હળવી ખીચડી આપવાની જરૂર છે?

રસોડું સંભાળતી સ્ત્રી માત્ર પેટ નથી ભરતી, પણ આખા ઘરની લાગણીઓ સાચવે છે.

### *છેલ્લી વાત...*

રોજ દિવસમાં ત્રણ વાર ગરમાગરમ અને સ્વાદિષ્ટ જમવાનું થાળીમાં આવી જાય છે ને, એ કોઈ ચમત્કારથી ઓછું નથી! તે માત્ર ખોરાક નથી, પણ પ્રેમ અને આશીર્વાદનો પ્રસાદ છે.

તેથી, જ્યારે પણ જમવા બેસો ત્યારે મનથી એ મા, પત્ની, બહેન કે દીકરીનો આભાર ચોક્કસ માનજો. કારણ કે રસોડાનું આ મેનેજમેન્ટ કોઈ ચોપડીમાં નથી શીખવાડાતું, એ તો માત્ર પ્રેમ, ધીરજ અને સમર્પણથી જ આવે છે. એમના કારણે જ એક મકાન 'સ્વર્ગ જેવું ઘર' બને છે! ■

## માનવતાના મંદિરો

(અનુસંધાન : પાના નં. – ૭૩ ઉપરથી ચાલુ)

મોરસ, ચા વગેરે તેની રીતે બરોબર છે પણ આ લેનારનું મન શેતાનનું ન બની જાય તે પણ જોવાની જવાબદારી સમાજની છે. જાણે અજાણે દાન આપનારની તકતીઓ તો લાગી જશે પણ સંસ્કારોનું સિંચન, જીવનનું ઘડતર - જેટલા અલંકારો લગાડીએ તે ઓછા પડે તેમ છે. માનવ માનવ ને કામ આવે તો વૃધ્ધાશ્રમ પણ માનવતાના મંદિરો જ છે, પણ આપણી માનસિકતાને સાચી દિશા આપનાર આવા મંદિરોની પ્રત્યેક તાલુકા સ્થળે જરૂર છે. પૂજા, પાઠ, આરતી, ભજન આપણા કલ્યાણ માટે આત્માના કલ્યાણ માટે કરીએ છીએ તેવું આપણે માનીએ છીએ, પણ આ ખોરડામાં રહેલું મન મલીન ન થાય તેનું ધ્યાન રાખવું પડશે. ■

# મિત્ર... દોસ્ત!

વસંત 'કચ્છ કેસરી'

સામાન્ય રીતે આપણે ઘણી વ્યક્તિઓ સાથે ઓળખાણ કેળવતા હોઈએ છીએ અને લગભગ એમાંના ઘણાને મિત્ર તરીકે માની લઈએ છીએ. સહાધ્યાયી, પાડોશી, સહકાર્યકર, કે સવાર - સાંજ બગીચામાં મળી જતી વ્યક્તિઓનો પરિચય કરાવતી વખતે એ સૌને આપણે આપણા મિત્ર તરીકે ઓળખાવીએ છીએ.

મિત્રભાવ રાખીએ એ ખૂબ સારી વાત છે. સર્વ ધર્મ સમભાવ એ ઉત્તમ મંત્ર છે.

ઘણા મિત્રો એટલે કોઈ શેરીમિત્ર, કોઈ તાળીમિત્ર, કોઈ થાલીમિત્ર તો કોઈ પ્રાસંગિકમિત્ર હોય પણ ખરેખર સાચા મિત્ર કદાચ એક, બે કે બહુબહુ તો ત્રણ હોઈ શકે! સાચા મિત્રની વ્યાખ્યા જુદી હોય. સાચા મિત્રને 'દોસ્ત' કહેવાય. દો અસ્તિત્વ એક થાય એ દોસ્ત. એકમેક પ્રત્યે સમર્પણની ભાવના સાથેનું બંધન. સુખ દુઃખના સાથી.

દરેક વ્યક્તિના જીવનમાં સુખ, દુઃખ અને વિટંબણાઓ આવે જ! એવા સમયે સગા સંબંધી અને કુટુંબીઓ પાસે સલાહ સૂચન સિવાય કાંઇ સધિયારો મળતો નથી એવો આ સંસારનો નિયમ છે. બસ આ સમયે, જે સાચો દોસ્ત હોય તેની પાસે હૃદય ખોલી પોતાના દુઃખ વિશે વાત કરી શકાય, એના ખભે માથું મૂકી રડી શકાય અને એ મિત્ર જ એ વિકટ સ્થિતિમાં સધિયારો આપી, કોઈપણ પ્રકારે આપણી દુખદ સ્થિતિના નિવારણ માટે માર્ગદર્શન અને જરૂરી સહાય પણ કરે. દોસ્તીમાં એકમેક પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ હોય. કોઈપણ સમયે દોસ્તીમાં 'કેમ?' 'શા માટે?' જેવા પ્રશ્નો હોય જ નહીં. હા, ભલે, ચાલ... એમ જ બોલાય. ભલે, એમ કહેવાતું હોય કે લગ્નો તો સ્વર્ગમાંથી લખાઈને આવતા હોય છે. હું તો એ પણ કહીશ કે દોસ્તીના સંબંધો પણ સ્વર્ગમાં જ લખાતા હોય છે. ગરીબ - તવંગર, જાત પાત ક્યાં દોસ્તીમાં જોવાય છે? એકમેકના વિચાર અને વ્યવહારમાં સામ્ય, પ્રેમભર્યો નિઃસ્વાર્થ અહોભાવ જોઈને દોસ્તી બંધાય છે. જેને લગ્નબંધન જેવું જ પવિત્ર બંધન ગણાય. પૂરેપૂરું સમર્પણ...

ઈસવીસન ૧૯૫૫નું વર્ષ. મારા ઘરથી થોડે દૂર મારા કાકા રહે. એમના દીકરા આનંદીલાલ સાથે મારી મિત્રતા. એમની બાજુમાં, એ જ ચાલીમાં, આનંદીલાલની સાથે ભણતો હસમુખ રહે, જેની આર્થિક પરીસ્થિતિ ખૂબ નબળી. શાળાના ગણવેશની એક જ જોડી કપડાં, પગમાં ચપ્પલ ફક્ત ઉનાળા પૂરતી પહેરે બાકીના મહિના એમજ. શાળાની નજીવી ફી અને પુસ્તકોનો ખર્ચ કાઢવા સવારે વહેલો ઉઠી, અમુક શેરીઓમાં ઘરેઘરે છાપાં નાંખવા જાય.

એ સમયે મારી અને આનંદીલાલની આર્થિક હાલત સારી હતી. મારા મોટાભાઈ પાસે બે કાર હતી જેમાંની એક હું વાપરતો. હું અને આનંદી, શાળામાંથી પરવારી, હસમુખને સાથે લઈ અમે ત્રણેય કારમાં ફરવા નીકળી પડીએ. ખુદ્દાર હસમુખે ક્યારેય અમારી પાસેથી આર્થિક, મદદ લીધી નહીં.

શાળાની મેટ્રિકની પરીક્ષા પછી આનંદીલાલને દુકાને બેસવાનો વારો આવ્યો. હવે હું અને હસમુખ એકલા ફરતા. હસમુખનો સ્વભાવ નામ પ્રમાણે ટીખળી, ચપળ અને મળતાવડો. મારી સાથે રહેતાં એણે પણ ધીરે ધીરે કાર ચલાવતાં શીખી લીધું. મેં કોલેજમાં દાખલો કરાવ્યો. સ્થિતિને લીધે હસમુખ આગળ ભણી ના શક્યો, એટલે એક અમારા વ્યવસાયિક વ્યક્તિ પાસે ડ્રાઈવરની નોકરી મળી ગઇ. છતાં રવિવારની રજા એટલે અચૂક અમે ત્રણેય મળવું એ નક્કી. સમય વિતતો ગયો, કોલેજ કરી હું નોકરીએ લાગ્યો. ત્રણેયના લગ્ન થઈ ગયા.

મારી નોકરીમાં પગાર વધારા સાથે બહારગામ નિમણૂક મળી. મુંબઈ છોડી સ્થળ બદલાવ્યું, છતાં પ્રસંગોપાત એકમેકનું મળવાનું રહ્યું જ.

આજે આનંદીલાલ અમારી વચ્ચે નથી રહ્યો. હસમુખ પણ પોતાના ધંધામાંથી નિવૃત થયો. હું પણ નોકરીમાંથી નિવૃત્ત થઈ મુંબઈ પાછો આવી ગયો. મારી અને હસમુખની દોસ્તી, ૭૧ વર્ષે આજે પણ એટલી જ પાકી રહી છે કે અઠવાડિયે બે વખત ફોન પર વાતચીત કરી જ લઈએ. દૂરના પરામાં રહેતા થયા તેથી રૂબરૂ મળવું ઓછું થાય છે.

### *અન્ય એક કિસ્સો મારા પાકા દોસ્તનો...*

બહારગામ હતો ત્યારે ત્યાં એક વ્યવસાયિક વ્યક્તિ સાથે મિત્રતા થઇ. સરળ સ્વભાવ અને સમવયસ્ક હોતાં ખૂબ સારી દોસ્તી બંધાઈ.

૧૯૮૦ની એક રાત્રે લગભગ બે - અઢી વાગે, મારા ઘરની ડોરબેલ રણકી. આ સમયે કોણ હશે? દ્વાર ઉગાડતા પહેલા પૂછ્યું, કોણ છો? દોસ્તે કહ્યું, હું રામભાઇ. અવાજ ઓળખી તરત દ્વાર ખોલ્યો. એ અંદર આવ્યા પહેલાં જ બોલ્યો, જલ્દી કપડાં બદલી તૈયાર થા, આપણે બહાર જવું છે.

આટલી વહેલી પરોઢે, દોસ્ત આવે અને કહે, 'ચાલ આપણે બહાર કામે જવું છે તો ચોક્કસ કઈ સબળ કારણ હશે, એવો એ દોસ્ત પર વિશ્વાસ. કાંઈ પણ ન પૂછતા હું તૈયાર થયો. નીચે એની કારમાં બેસતા જ એણે આશ્ચર્ય સાથે કહ્યું કે, 'કંઈ પણ પૂછ્યા વિના તું આમ મારી સાથે નીકળી પડ્યો?' મેં કહ્યું, 'તારા પર પૂરો વિશ્વાસ છે દોસ્ત.'

પછી એણે કહ્યું કે અંદાજે ૧૫૦ કિલોમીટર દૂર એક દોસ્તનો એક્સિડન્ટ થયો છે અને એ જખમી થયો છે. એની મદદ માટે જવું છે.

આપણે સૌ સામાજિક પ્રાણી છીએ.

અહીં એક દૃષ્ટાંત આપવાનું નથી રોકી શકતો. મિત્ર અને દોસ્ત વચ્ચે શું ફેર હોય એ સમજવા જેવું છે. થોડા વર્ષો અગાઉ આપણા સમાજના એક સમૃદ્ધ અને પ્રતિષ્ઠિત ભાઈ ધંધામાં નુકસાની થતા, આર્થિક વ્યવહાર જાળવવામાં નિષ્ફળ રહ્યા, જેથી તેમણે આત્મહત્યા કરી લીધી. બે દિવસ બાદ ખબર પત્રિકામાં, એમના મિત્ર વર્તુળમાંથી કેટલાય મિત્રોની શ્રદ્ધાંજલિઓ છપાઈ જેમાં એ દિવંગતને અલંકારિક શબ્દોમાં એના વિયોગમાં ઘણું લખાયું. એ વાંચીને ત્યારે એક વિચાર આવી ગયો કે શું આ મિત્ર વર્તુળમાં એક એવો 'દોસ્ત' ' નહોતો જે એ સ્વર્ગીય ભાઈની, ધંધામાં આવી પડેલ ભીડ જાણી, સધિયારો આપે? મિત્ર અને દોસ્તમાં આટલો જ ફેર. માણસને માણસની ભૂખ હોય, હોવી જ જોઈએ. દુઃખના સમયે, એના ખભે હાથ મૂકી, કોઈ દોસ્ત પ્રેમથી કહે કે, 'હું બેઠો છું ને? ચિંતા કરીશ નહીં, મારગ કાઢી લઈશું.' તો એ વ્યક્તિની અડધી પીડા ગાયબ થઈ જાય છે.

આજે આયુષ્યના સાડા આઠ દાયકા વટાવ્યા બાદ, મારી આ ધૂંધળી આંખો મારા હાલના નવા મિત્ર વર્તુળમાં દોસ્તને શોધતી રહે છે. જીવનની સંધ્યાએ, પ્રભુ કૃપાથી, સાંસારિક આળપંપાળમાંથી મુક્ત છું. સંતાનો સુખી રાખે છે. સારા અને ખમતીધર મિત્રોનો સંગાથ છે. હવે દુઃખનો ઓછાયો પણ ન હોવાથી, દોસ્તો પાસેથી બહુ અપેક્ષા પણ નથી. એ સૌ મિત્રો સાથે આનંદ માણતા, આ જીવનદીપ ઓલવાય એટલી જ પ્રભુ પાસે અભ્યર્થના...

બંધુઓ, પાકા દોસ્ત મળે એવી ઈચ્છા રાખતા હો તો તમે પણ પાકા દોસ્ત બની, દોસ્તી નિભાવવાનો સંકલ્પ જરૂરથી કરી લેજો.

નાતજાતની કે આર્થિક સ્થિતિની અસમાનતાના વિચારોથી ઉપર ઉઠી, એક સાચા દોસ્તનું સાંનિધ્ય મળે તો ખૂબ પ્રેમથી સ્વીકારી લેજો. દોસ્ત એ જીવનની સાંજ સુધીનો ટેકો હોય છે.

*દેવપુર / મુલુંડ (મુંબઇ)*
*મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮*

**આવો સરસ મજાનો લેખ**
**તમે ઓનલાઇન વાંચી શકો છો,**
**તેના પરથી આટલી બાબત સાબિત થાય છે...**

૧. તમે ગરીબ નથી. (સમગ્ર વિશ્વમાં આશરે ૧૧૨ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવે છે.)
૨. તમારી જાતને ઠંડી, ગરમી અને વરસાદ સામે રક્ષણ આપવા આશરો છે જે વિશ્વમાં લગભગ ૧૩૦ કરોડ લોકો પાસે નથી.
૩. તમે શાંતિથી બેસીને વાંચી શકો છો, મતલબ કે તમે અત્યંત માંદા નથી. (દુનિયામાં કોઈપણ સમયે આશરે ૧૨૦ કરોડ લોકો બીમાર હોય છે)
૪. તમારી પાસે આટલો સારો મોબાઈલ છે જે દુનિયાના ૧૯૮ કરોડ લોકો પાસે નથી.
૫. તમને પીવાનું પાણી ઘેર બેઠા મળી રહેતું હશે, જે વિશ્વમાં આશરે ૧૮૦ કરોડ લોકોને નથી મળતું.
૬. તમારા ઘેર વીજળી હશે, (મોબાઈલ ચાર્જિંગ તો જ થતુ હોય ને!) જે જગતના ૧૮ કરોડ ઘરમાં નથી.
૭. તમે મોજથી જીવવાવાળા વ્યક્તિ છો, એટલે જ તો મોજથી સુતા છો.. અને જો બેઠા હશો તો પગ ઉપર પગ ચડાવીને બેઠા હશો. આવી નિરાંત દુનિયાના અનેક કરોડોપતિ પાસે પણ નથી.
૮. આજ સવારે તમે ઉઠ્યા ત્યારે વિશ્વના ૮૮,૪૦૦ લોકો પોતાની ઊંઘમાં જ મૃત્યુ પામ્યા. આવું દરરોજ બને છે.
૯. તમે આ બધું વાંચી શક્યા. મતલબ કે તમને લખતા વાંચતા આવડે છે માટે તમે આ વિશ્વના ૧૪૦ કરોડ નિરક્ષર લોકો કરતા નસીબદાર છો જેઓને વાંચતા આવડતું નથી.

### ઔર જીને કો ક્યા ચાહિયે?

આટલો મસ્ત લેખ તમે અત્યારે વાંચી રહ્યા છો, તો પછી છોડો ફરિયાદો અને આભાર માનો ઈશ્વરનો, નસીબનો, પુરૂષાર્થનો કે, જીવન મસ્ત છે.

સવારે ઊઠીને આપણો પ્રથમ શબ્દ કયો હોવો જોઈએ ખબર છે?

*"Thank you, God."*

*પ્રેષક : નવનીત ટી. પટેલ - અમદાવાદ*

# ગુજરાતમાં રીંછના બે અભયારણ્ય છે – જાણો છો?

મનીષ જોષી 'મૌન'

***ચીનમાં માણસ કોસ્ચ્યુમ પહેરીને ઝૂ માં રીંછ બને છે? એનો પગાર રસપ્રદ છે... જાણો.***

"રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી... સામે મળ્યા રાણા સિંહ..." પ્રાથમિક શિક્ષણ સમયે રીંછની આ કવિતા ભણ્યા હતા, તે અચાનક યાદ આવી ગઈ.

સાથે ગુજરાતમાં બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં રીંછ અભયારણ્ય હોવાનું સ્મરણ થયું.

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના કંજેટાના રતનમહાલ રીંછ અભયારણ્યને જોવા અને પ્રકૃતિને માણવા પ્રવાસીઓ ઉમટતા હોય છે. આ અભયારણ્યમાં રતનમહાલનો આ ધોધ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. એ જ રીતે બનાસકાંઠા જિલ્લામાં ઈકબાલગઢ પાસે આવેલા જેસોર અભયારણ્યમાં રીંછની સંખ્યા ૭૦ જેટલી છે. જ્યાં અન્ય પ્રાણીઓ પણ વસવાટ કરે છે. કુલ ૧૮૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલા આ અભ્યારણનો ૨૦% વિસ્તાર રાજસ્થાનમાં અને ૮૦% વિસ્તાર ગુજરાતમાં છે. અભયારણ્ય વર્ષ ૧૯૭૮માં વન્ય જીવ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. રીંછને અહીં સીઝન પ્રમાણે ખોરાક પૂરો પાડવા અલગ અલગ પ્રકારના વૃક્ષો રોપાયા છે. પાણીના અનેક કુંડ તેમજ પવનચક્કીના ઉપયોગથી ગડર ડોલમાં પાણી ભરી વન્યજીવોને પૂરું પડાય છે. આમ શહેરમાં વસતો માનવી પ્રકૃતિદત્ત વાતાવરણમાં રીંછને જોવા જતો હોય છે.

પરંતુ વાત આવે ચીનની ત્યારે ત્યાં એક ઝુમાં રીંછ જરા અલગ પ્રકારના જોવા મળે છે. એ કેવા? ચાલો જાણીએ..

ચીનના હૈનાન પ્રાંતના લુઓહે શહેરમાં ઝૂ આવેલું છે. આ ઝૂમાં નોકરીની જગ્યા ૧૮ વર્ષથી ઉપરના મેલ અને ફીમેલ બંને માટે ખાલી પડી છે. તે ભરવા માટે જાહેરાત બહાર પાડવામાં આવી. ખાલી જગ્યા રસપ્રદ છે. આ નોકરી માટે બનાવટી પણ આબેહૂબ રીંછ જેવાં કપડાં પહેરીને ઝૂની મુલાકાતે આવેલા લોકોનું મનોરંજન કરવાનું. લોકોની સાથે હરવા ફરવાનું હોય છે. આ રીંછની નોકરીની શરતો પણ છે... મુલાકાતીઓની સાથે રીંછ બનેલાએ વાતચીત નહીં કરવાની, ઈશારાથી જ કામ ચલાવવાનું. હા રીંછની જેમ ઘૂરકી શકાય. રીંછની છ કલાકની નોકરી માટે ૧ લાખ યુઆન એટલે કે ૧૧ લાખ રૂપિયા પગાર નક્કી કરવામાં આવ્યો છે અને મહિનાની ચાર રજા તો ખરી જ. હવે આપે નક્કી કરવાનું કે સાચું રીંછ જોવા ગુજરાતના અભ્યારણ્યમાં જવું કે ચીનના ઝુમાં માનવના રૂપમાં બનાવટી રીંછ જોવા જવું? આપના જવાબની રાહ જોવાય છે.

- **સંવેદનાઃ**

સર્કસના પાંજરામાં રીંછ હતું. તેનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો. અકસ્માતે એક યુવક પાંજરામાં ઘૂસી ગયો. ગભરાયો... રીંછ બોલ્યો : 'ગભરા મા. હું ટીનો. તારી હાર્યે ભણતો હતો. તે ૩૦૦ રૂપિયા રોજે આવ્યો છું.'

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ* : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in

## નથી જિંદગીમાં કોઈ રસ મને

નથી જિંદગીમાં કોઈ રસ મને
નથી મોતનો કોઈ ભય મને
ઘેરાઈ ગયો છું જીવનની જંજાળોથી
મુંઝાઈ ગયો છું સ્વાર્થ સભર ઉચ્છવાસથી
કોને કહું કાઢો મને, કોઈ પર મને વિશ્વાસ નથી
અને નથી મળતો જીવનમાં કોઈનો સંગાથ મને
નથી જિંદગીમાં...

મળે કદીક જો.... તો પૂછું તને 'હે વિશ્વનાથ'
શાને સર્જી તેં આ વિશ્વની જંજાળ
સર્જી જ છે તો કાં ન લે તું એની સંભાળ?
સર્જન કર પ્રેમનું વિશ્વ, યા મોકલી દે એક કફન મને
નથી જિંદગીમાં...

*– અશ્વિન શાહ*

*સૌજન્ય : "કદાચ આ કવિતા હોય તો હોય"*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૧૦૬

### શ્રી ગોડીજી તીર્થ
### (શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન)



મહાનગર મુંબઈના પાયધુનીમાં આ ભવ્ય અને આકર્ષક જિનાલય આવેલું છે. મુંબઈના દેરાસરોમાં શિરોમણિ ગણાતા ૧૭૮ વર્ષ પ્રાચીન શ્રી ગોડીજી જૈન દેરાસરનો મહિમા અનોખો છે. અહીં પ્રગટ પ્રભાવક ભગવાન પાર્શ્વનાથની અત્યંત મનોહર અને ચમત્કારપૂર્ણ પ્રતિમા છે. એનો હજારો ઉપાસકોએ એમના જીવનમાં અનુભવ કર્યો છે. આજથી ૧૭૮ વર્ષ પહેલાં આ દેરાસરની ધજા જૈન શાસનના સરતાજ સમા શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીશા શેઠે ચડાવી હતી. એમણે આ મંદિરના નિર્માણમાં ઘણો મોટો ફાળો આપ્યો હતો. શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનનો ઈતિહાસ અત્યંત રસપ્રદ છે. આ પ્રતિમા વર્ષો પહેલાં સ્વપ્ન સંકેતથી શ્રી મેઘાશાહ દ્વારા લાવવામાં આવી હતી. અને આનેક ચમત્કારિક અનુભવો પછી થરપારકર રણ પ્રદેશમાં (હાલ પાકિસ્તાનમાં) ગોડી ગામમાં પધરાવવામાં આવી હતી. એ પ્રતિમાજી ગોડી પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ થયા એમ કહેવાય છે. જે આજે ગોડીજી મંદિરમાં બિરાજમાન છે. પહેલાં શ્રી ગોડીજી પાર્શ્વનાથનું મંદિર કોટ વિસ્તારમાં હતું. પરંતુ ત્યાં આગ લાગવાને કારણે વિ.સં. ૧૮૬૮માં પાયધુનીમાં આ ભગવંત બિરાજમાન કરાયા છે. એ પછી બીજા માળે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની અને ત્યારબાદ મુખ્ય મંદિરથી અલગ મંદિરમાં શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવી. આમ આજે ગોડીજીમાં મૂળનાયક શ્રી ગોડીજી પાર્શ્વનાથ અને બીજા બે પ્રભાવશાળી પાર્શ્વનાથ ભગવાનની – એમ કુલ ત્રણ વર્ષગાંઠ ઉજવાય છે. તાજેતરમાં મૂળનાયકની પ્રતિમા ત્યાં ને ત્યાં રાખીને સમગ્ર મંદિરનો જીર્ણોધ્ધાર મકરાણાના આરસપહાણથી કરવામાં આવ્યો છે. મોટા સ્તંભો, ભવ્ય શિખર તથા ઘુમ્મટથી શોભતું આ મંદિર દેવવિમાન જેવું બન્યું છે. શ્રી વિજયદેવસૂરિગચ્છ સંઘ આ જિનાલયની સુંદર વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૧૦૭

### શ્રી મોમ્બાસા (આફ્રિકા) તીર્થ
### (શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન)



ભારતની બહાર કેનિયા દેશના મોમ્બાસા શહેરમાં પહેલું શિખરબંધ ભવ્ય જિનાલયનું નિર્માણ થયું. ઈ.સ. ૧૯૫૧માં ભારતથી ત્રણ આરસની પ્રતિમાઓ અહીં આવી હતી. આમાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી આદિશ્વર ભગવાન અને શ્રી મહાવીર સ્વામિ ભગવાનની મૂર્તિઓ હતી. આ પ્રતિમાઓ કદંબગિરીથી આવી હતી. ભારતથી આવીને વસેલા જૈન ભાઈઓએ જિન મંદિરની રચના કરવા માટે અથાગ પ્રયત્ન કર્યો. ૧૯૫૯ની ૨૯મી ડિસેમ્બરે આની ખાતમુહૂર્તવિધિ થઈ અને ૧૯૬૦ની ૧૦મી ફેબ્રુઆરીએ એનું નિર્માણકાર્ય શરૂ થયું. જૈન ધર્મની પ્રણાલિકા મુજબ ક્યાંય લોખંડ વાપરવાનું નહોતું. આથી સ્થાયી મ્યુનિસિપલ કાઉન્સિલના અધિકારીઓએ આનો વિરોધ કર્યો. ભારતથી આવેલા શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના મિસ્રી અમૃતલાલ ત્રિવેદીએ કાઉન્સિલરોને ખાતરી આપી કે આવા સેંકડો દેરાસરો ભારતમાં છે જ્યાં લોખંડનો સહેજે વપરાશ થયો નથી. આમ છતાં કાઉન્સિલના એન્જિનિયર નિર્માણ સમયે આખો દિવસ હાજર રહેતા. આખું દેરાસર તૈયાર થયું ત્યારે તેમણે ખૂબ સંતોષ સાથે મંજૂરી આપી હતી. આ પછી ઈ.સ. ૧૯૬૩ની ૨૬મી જુલાઈએ આનંદ અને ઉત્સાહપૂર્વક આનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. શ્રીમતી કુંવરબેન દેવરાજ કરમશી શાહના શુભ હસ્તે આની દ્વાર ઉદ્‌ઘાટનની વિધિ થઈ. 'શ્રી પાર્શ્વવલ્લભ પ્રાસાદ'માં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. જ્યારે આજુબાજુ શ્રી આદિશ્વર ભગવાન અને શ્રી મહાવીર સ્વામિ ભગવાનની પ્રતિમાઓ બિરાજમાન છે. બહારના ગોખલામાં શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા છે. વળી અહીં આયંબીલ શાળા માટે મોટું મકાન છે જેમાં કાયમી આયંબીલનું મોટું રસોડું છે. આ પછી નાઈરોબીમાં પણ મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની ભવ્ય પ્રતિમા સાથે જિનાલયનું નિર્માણ થયું. જેની ઉદ્‌ઘાટન વિધિ તા. ૪-૨-૧૯૮૪થી તા. ૧૨-૨-૧૯૮૪ સુધી ધામધૂમપૂર્વક કરવામાં આવી.

# બોધકથા : ભક્ત અને ભગવાનનો સંબંધ

વિનોદભાઈ માછી નિરંકારી

એકવાર એક પૂર્ણ મહાત્મા ભગવાન સાથે વાતો કરવા માટે રોજ પહાડી ઉપર જતા હતા. એક દિવસ તેમને રસ્તામાં એક બહેન મળે છે અને કહે છે કે આપ દરરોજ ભગવાન સાથે વાતો કરો છો તો મારી એક તકલીફ વિશે ભગવાનને પૂછશો? કે મારે કોઇ સંતાન નથી તો મને સંતાન ક્યારે થશે? ત્યારે મહાત્મા કહે છે કે આજે જ્યારે ભગવાન સાથે મારો વાર્તાલાપ થશે ત્યારે હું પૂછી લઇશ. આટલું કહીને તેઓ પહાડ ઉપર જાય છે. પહાડ ઉપર જાય છે ત્યારે ભગવાનનો અવાજ સંભળાય છે ત્યારે મહાત્મા કહે છે કે, 'હે પ્રભુ, હું જ્યારે આપના દર્શન કરવા આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં એક બહેન મળે છે કે જેમને કોઇ સંતાન નથી. તેમણે મારા મારફતે પૂછાવ્યું છે કે તેમના ઘેર સંતાન ક્યારે થશે?' ત્યારે ભગવાન કહે છે કે એ સ્ત્રીને કહેજો કે તેમના ભાગ્યમાં આ જન્મમાં સંતાનનું સુખ નથી. સંત જ્યારે પહાડ ઉપરથી ઉતરીને જઇ રહ્યા હતા ત્યારે તે સ્ત્રી રસ્તામાં મળીને ભગવાનનો શું જવાબ છે તે પૂછે છે ત્યારે મહાત્મા કહે છે કે ભગવાને કહ્યું છે કે તમારા ભાગ્યમાં આ જન્મમાં સંતાનનું સુખ નથી. સંતનાં આવાં વચન સાંભળીને તે સ્ત્રી નિરાશ થઇને રડવા લાગે છે.

કેટલોક સમય પસાર થાય છે. તેમના નગરમાં એક ફક્કડ ગિરધારી સંત પધારે છે અને બૂમ મારે છે કે જો કોઇ મને એક રોટલો ખવડાવશે તેને એક સંતાનના આશિર્વાદ આપીશ. આ સાંભળીને પેલી સ્ત્રી સંતને પોતાને ઘેર લઇ જઇને બે રોટલા અને ભરપૂર ભોજન જમાડે છે. જમ્યા પછી સંત આશિર્વાદ આપે છે કે, 'બેટા, તેં મને બે રોટલા ખવડાવ્યા છે એટલે તારે ઘેર બે પુત્ર રત્ન પ્રાપ્ત થશે.' સંતનું વચન સત્ય થાય છે અને તેમના ઘેર બે જોડિયા પુત્રોનો જન્મ થાય છે. પરિવારે ઘણી જ ખુશી મનાવી અને સમગ્ર ગામમાં મીઠાઇ વહેંચે છે અને ગરીબો અને સંતોને ભોજન કરાવે છે.

જે મહાત્માનો પરમાત્મા સાથે સાક્ષાત્કાર હતો અને ભગવાન સાથે વાતો કરતા હતા તે આ સ્ત્રીના ઘર પાસેથી પસાર થાય છે અને ઘોડિયામાં બે બાળકોને જોઇને તેમને નવાઇ લાગે છે. તેઓ વિચાર કરે છે કે બિચારીના ભાગ્યમાં સંતાન સુખ નથી એટલે આડોશ-પાડોશમાંથી બાળકોને રમાડવા લાવી હશે. મહાત્મા આવીને પૂછે છે કે બેટા, આ બે દિકરા કોના છે? ત્યારે પેલી બહેન કહે છે કે મહાત્માજી આ બે બાળકો મારા છે.

સ્ત્રી પોતાના ઘેર પધારેલ સંતના વિશે અને તેમની કરેલ સેવા-પૂજા અને ભરપૂર ભોજન જમાડ્યા બાદ સંતે આપેલ આશિર્વાદથી બે બાળકો થયાની સમગ્ર વાત કહે છે. મહાત્માને ભગવાનના વચન ઉપર શંકા થાય છે અને વિચારે છે કે આજે તો મારે ભગવાનને પૂછવું જ છે કે જે સ્ત્રીના ભાગ્યમાં આ જન્મે સંતાન સુખ નહોતું તેના ઘેર બે બાળકો કેવી રીતે થયા? શું સંત સેવાથી ભોજન કરાવ્યા બાદ પ્રસન્ન થયેલ સંતે આપેલ આશિર્વાદમાં ભગવાન કરતાં વધુ શક્તિ હશે? તેઓ પહાડ ઉપર જઇને ભગવાન સાથે વાતચીત કરે છે કે, ભગવાન, તમે તો કહ્યું હતું કે આ સ્ત્રીના ભાગ્યમાં આ જન્મમાં સંતાન સુખ છે જ નહીં તો બે બાળકો કેવી રીતે થયા..? તે સમયે ભગવાનનો અવાજ આવે છે કે, 'હે ભક્તરાજ! તમારા પ્રશ્નનો જવાબ હું પછી આપીશ પરંતુ પહેલાં એક કામ કરો કે કોઇ મનુષ્યનું કાળજું લઇ આવો. આ મહાત્મા કાળજું લેવા માટે પૃથ્વી ઉપર અહીં-તહીં ફરે છે પરંતુ ભગવાન માટે કોઇ કાળજું આપવા તૈયાર થતું નથી. ફરતા ફરતા રસ્તામાં તેમને જટાજોગી ફક્કડ ગિરધારી સંત કે જેમના આશિર્વાદથી પેલા બહેનના ઘેર બે સંતાનો થયા હતા તે મળી જાય છે અને તેમને પૂછે છે કે ભગવાનના માટે મનુષ્યના કાળજાની જરૂર છે અને આ કાર્ય માટે ઠેરઠેર ફર્યો છતાં કોઇ પોતાનું કાળજું કાઢીને આપવા તૈયાર ના થયું.

ત્યારે પેલા સંત કહે છે કે શું વાત કરો છો? ભગવાનને મનુષ્યના કાળજાની જરૂર છે? આ શરીર તો ગંદકીનો ઘડો છે. જો આ શરીર ભગવાનના કામમાં આવતું હોય તો આનાથી મોટું સદ્ભાગ્ય બીજું શું હોઇ શકે? હાથમાં ચીપિયો હતો તે ઉગામી સંત કાળજું કાઢવા જાય છે તે સમયે જ ભગવાન પ્રગટ થઇને સંતનો હાથ પકડી લે છે અને મહાત્માને સમજાવે છે કે આ તમારા પ્રશ્નનો જવાબ છે. જે સંત મારા માટે પોતાનું કાળજું કાઢીને આપવા તૈયાર થયા છે તેમની અરદાસ પ્રાર્થના અને આશિર્વાદથી તે સ્ત્રીની કૂખે બે સંતાનો મેં આપ્યા છે. તમે પણ તે સ્ત્રીના માટે અરદાસ પ્રાર્થના અને આશિર્વાદ આપી શક્યા હોત પરંતુ આપ્યા ન હતા. કાળજું તો તમારી પાસે પણ હતું તેમ છતાં તમારું કાળજું કાઢીને ન આપતાં કાળજું શોધવા નીકળ્યા હતા..! જે મારા માટે પોતાનું કાળજું આપવા તૈયાર થાય તેવા સંતના વચનને સત્ય કરવા વિધાતાના લેખ ઉપર મેખ મારીને મારા સંતનું વચન હું સત્ય કરું છું.

*નવી વાડી, તા. શહેરા, જિ. પંચમહાલ*
*મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫*

# દેવદૂત

મહેશ યાજ્ઞિક

"મિસ્ટર દેવાંગ દવે, ટી.વાય.નું વર્ષ છે, એટલે કૉલેજથી આવ્યા પછી ક્યાંય રખડવા જવાનું નથી." પ્રેમથી આદેશ આપીને અર્ચનાએ મોટાભાઈ સામે હાથ લંબાવ્યો. "બકા, એક્ટિવાની ચાવી આપ. કૉલેજના સમયે મળી જશે." "અરે મારી બહેન, પપ્પાએ પૈસા મારા ભણવા માટે ખર્ચ્યા છે. તું બહેનપણીઓ જોડે ફરે એ માટે એક્ટિવા નથી અપાવ્યું, સમજી?"

"તમારે બીજું કંઈ કામ નથી?" સીમાબહેને બંનેને ધમકાવ્યાં. "રોજ-રોજ ઝઘડવાનું શોભે છે તમને?"

"મારાથી દોઢ વર્ષ નાની છે તોય દોઢી થાય છે." ફરિયાદ સાથે દેવાંગે મમ્મી સામે જોયું. "તેં ચડાવી મારી છે, એટલે મનમાની કરે છે. પપ્પા પણ એને છાવરે છે. મારી નાનકડી ભૂલ હોય તો પૂરું પોણા કલાકનું લેક્ચર સંભળાવે છે ને એને કંઈ કહેતા નથી."

સીમાબહેન હસી પડયાં. "હાઈસ્કૂલના પ્રિન્સિપાલ છે એટલે લેક્ચર આપવાની એમને ટેવ છે."

"એને ટેવ નહીં, કુટેવ કહેવાય. આપણે સ્કૂલનાં બચ્ચાંઓ નથી." દેવાંગની રીસ હજુ અકબંધ હતી. એણે ઉભરો ઠાલવ્યો. "એમના હાથ નીચે હતા એ બધા ટ્યુશન કરીને માલામાલ થઈ ગયા. ગણિત અને વિજ્ઞાનમાં માસ્ટરી હોવા છતાં પપ્પાએ સિદ્ધાંતની પૂંછડી પકડી રાખી છે."

સીમાબહેને એને અટકાવ્યો. "આપણને ઘરમાં શેની ખોટ છે? વચ્ચે તેં આવી ચર્ચા કરેલી ત્યારે એમને પારાવાર પીડા થયેલી. વિદ્યા અને જ્ઞાનની હાટડી ના મંડાય એવું એ માને છે. એમની માન્યતાને ઠેસ પહોંચે ત્યારે એ દુઃખી થઈ જાય છે."

બહાર સાઈકલની ઘંટડી વાગી અને એક યુવાન અંદર આવ્યો. સુખદ આશ્ચર્ય સાથે આવકાર આપીને દેવાંગ એને પોતાના રૂમમાં લઈ ગયો. જતા અગાઉ સીમાબહેનને ચા માટે ઈશારો કરતો ગયો. સીમાબહેન ચા લઈને ઓરડામાં ગયાં ત્યારે દેવાંગ કંઈક બોલતો હતો. પેલો યુવાન ગંભીરતાથી સાંભળતો હતો.

"આ સૌરભ છે, મમ્મી. સૌરભ શુકલ. કૉલેજના પહેલા દિવસથી અમે સાથે છીએ, પણ ત્રણ વર્ષમાં પહેલી વાર ઘેર આવવાની એને નવરાશ મળી." સીમાબહેને સૌરભ સામે જોયું. ખડતલ શરીર, પારદર્શક નિખાલસ આંખો અને આત્મવિશ્વાસથી છલકાતો ચહેરો. સાદા વસ્ત્રોમાં પણ એનું વ્યક્તિત્વ પ્રભાવશાળી લાગતું હતું. "એફ.વાય. અને એસ.વાય.માં યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવ્યો છે. આ વર્ષે પણ નંબર આવશે, સાથોસાથ સી.એ.ની પણ જોરદાર તૈયારી છે એટલે એ પણ પહેલી ટ્રાયલે થઈ જશે." મમ્મીની સામે જોઈને એ બોલતો હતો એટલે પપ્પા આવીને પાછળ ઊભા હતા એનો એને ખ્યાલ નહોતો.

"આવા હોંશિયાર ભાઈબંધ પાસેથી કંઈક શીખો, દીકરા!" જીતુભાઈએ પુત્રના ખભે હાથ મૂક્યો.

"એની નોટસ્ વાંચીને તો ફર્સ્ટ ક્લાસ લાવું છું." દેવાંગે હસીને જવાબ તો આપ્યો, પણ આંખના ઈશારાથી મમ્મીને કહ્યું કે હવે તું પપ્પાને લઈ જા. સીમાબહેને સૂચન માન્યું. થોડી વાર પછી એ ચા લઈને ત્યાં ગયાં ત્યારે દેવાંગ ચિડાઈને બોલતો હતો. "હવે પછી એક શબ્દ બોલીશ તો આપણો સંબંધ કટ." ચાના કપ તરફ આંગળી ચીંધીને એણે સૌરભને કહ્યું. "ચા પીને ભાગ."

સૌરભે કપ હાથમાં લીધો. ઝડપથી ચા પતાવીને એણે સાઈકલ મારી મૂકી. "ઘેર આવેલા ભાઈબંધને આમ ભગાડી મૂકાય? તારામાં અક્કલ નથી?" સીમાબહેને ઠપકો આપ્યો.

"એનામાં અક્કલ નથી, એટલે ધમકાવવો પડ્યો." દેવાંગે ખુલાસો કર્યો. "મને તો એના માટે માન છે. બહુ ખુદ્દાર છે. ત્રણ વર્ષથી સાથે છીએ, સ્વમાની એવો કે ભૂખ્યો રહે તોય કોઈની પાસે હાથ ના લંબાવે. એ છતાં, આજે પહેલી વાર આપણા ઘેર આવ્યો ને ચાર દિવસ માટે ત્રણ હજાર રૂપિયાની જરૂર છે એવું કહ્યું. મેં એને આપ્યા એટલે જાણે હું ભગવાન હોઉં એ રીતે એ મારાં વખાણ કરવા લાગ્યો. મને એ ના ગમ્યું એટલે ધમકાવ્યો."

"તારી વાતમાં વિરોધાભાસ છે. તેં જ કહ્યું કે ભૂખ્યો રહે તોય હાથ ના લંબાવે; તો અત્યારે એણે શું કર્યું?" જીતુભાઈએ પુત્રની સામે જોયું.

"આપણા ઘેર એ પહેલી વાર આવ્યો એટલે તમે એને ઓળખતા નથી. બાકી અમારી કૉલેજમાં પ્રિન્સિપાલથી માંડીને પટાવાળા સુધીના બધા એને ઓળખે. એ એકલો વટથી સાઈકલ લઈને આવે છે. મા બાપ ગામડે રહે છે. બાપા કર્મકાંડ કરીને ગુજરાન ચલાવે છે. બારમા સુધી ગામની હાઈસ્કૂલમાં ભણ્યો. જિલ્લામાં પહેલો નંબર હતો એટલે હાઈસ્કૂલ તરફથી

ઈનામમાં સાઈકલ મળી.

બાપાએ કહ્યું કે શહેરમાં મોકલવાની તારા બાપની શક્તિ નથી. તારામાં ત્રેવડ હોય તો જાતે ગોઠવણ કરીને ભણ. એણે આ પડકાર ઝીલી લીધો. માર્કસ્ સૌથી વધારે હતા એટલે ફી માફી મળી ગઈ. જ્ઞાતિની બોર્ડિંગ એવી જૂનવાણી અને ખખડધજ કે કોઈ સુખી ઘરનો છોકરો એમાં રહેવા માટે તૈયાર ના થાય. એને લીધે એમાં પાંચેક ગરીબ વિદ્યાર્થીઓ જ રહે. અગાઉ એમાં જમવાની સગવડ હતી પણ સંખ્યાના અભાવે રસોડું બંધ કરી દીધેલું. રહેવાનું મફત પણ જમવાની વ્યવસ્થા જાતે કરી લેવાની.'' દેવાંગ સૌરભની કથા સમજાવતો હતો. ''એના ગામના જે લોકો અહીં રહેતા હતા, એમની મદદથી સૌરભે ટ્યુશન શોધી કાઢ્યાં.

સાઈકલ લઈને દોડાદોડી કરીને સેટ થઈ ગયો. પાછો એવું કહે કે ફૂટપાથ ઉપરની હોટલવાળા પાસે ફ્રીઝ ના હોય એટલે ત્યાં ગરમાગરમ રોટલી-શાક ખાવાથી માંદા ના પડાય. કોઈનાય પ્રભાવમાં આવ્યા વગર પોતાની રીતે વટથી જીવે છે. આજ સુધીમાં ક્યારેય બૂટ નથી પહેર્યા. કહે કે ટ્યુશન માટે જવાનું હોય એમાં બૂટથી સમય બગડે. મોબાઈલ રાખતો નથી. સાઈકલની એને શરમ નથી. ટ્યુશન આપે તોય યુનિવર્સિટીમાં નંબર લાવે અને સાથોસાથ સી.એ.ની પણ તૈયારી કરે. સાવ ઊંધી ખોપરીનો પણ રીયલી જિનિયસ! મેં મોબાઈલની સલાહ આપી તો કહે કે સી.એ. થઈ ગયા પછી શાંતિથી જીવીશ.''

આટલો પરિચય આપીને એણે ખુલાસો કર્યો. ''એની બોર્ડિંગના વૃદ્ધ ગૃહપતિ એમની પત્ની અને દીકરી સાથે ત્યાં એક રૂમમાં જ રહે છે, સાવ ગરીબ છે. એ માજીનો પગ મચકોડાયો ને હાડવૈદ પાસે લઈ જવાના પૈસા નહોતા, એટલે આવેલો. ટ્યુશનના પૈસા ચાર દિવસ પછી આવશે ત્યારે મને પાછા આપી દેશે.''

''આટલી નૈતિક હિંમતવાળા મિત્રનો તને ગર્વ હોવો જોઈએ.'' જીતુભાઈએ કહ્યું. ''એને જમવાનું કેમ ના કહ્યું? એ બાપડાને ઘરનું ક્યારે ખાવા મળે?''

દેવાંગે હસીને સમજાવ્યું. ''અમારા પ્રોફેસર જૈનસાહેબની દીકરીનાં લગ્નની પાંચસો કંકોત્રી લખવાની હતી.

સૌરભના અક્ષર મોતીના દાણા જેવા એટલે રવિવારે સવારે આઠ વાગ્યે સાહેબે એને ઘેર બોલાવ્યો. દોઢ વાગ્યે કામ પત્યું એટલે સાહેબે પ્રેમથી જમવાનો આગ્રહ કર્યો. સૌરભે નિખાલસતાથી સ્પષ્ટતા કરી કે એક જ વાર જમું છું અને એ પણ શુદ્ધ બ્રાહ્મણની જેમ. છતાં સાહેબે પરાણે જમવા બેસાડ્યો. સાહેબનો પરિવાર ચાર માણસનો. દીકરો-દીકરી બહાર હતાં. સાહેબ અને એમનાં મિસિસ એ આવે એ પછી જમવાનાં હતાં. સર્કસનો ખેલ જોતા હોય એમ એ પતિ-પત્ની જોઈ રહ્યા. ચારેયનું ભોજન તળિયાઝાટક કરીને સૌરભ થેંક્યુ કહીને ઊભો થયો.'' લગીર અટકીને એણે ઉમેર્યું, ''બીજા દિવસે જરાયે શરમ કે સંકોચ વગર આ કથા કહીને અમને હસાવેલા.'' ''દંભ વગરના આવા માણસ ઉપર આંધળો વિશ્વાસ મૂકી શકાય.'' આટલું બોલીને જીતુભાઈ ઊંડા વિચારમાં ડૂબી ગયા.

એ પછી તો પંખીની પાંખે બેસીને સમય પસાર થવા લાગ્યો. બી.કોમ.થયા પછી દેવાંગને એના મામાએ મુંબઈ બોલાવીને પોતાના ધંધામાં બેસાડી દીધો. એ દિવસે પપ્પા કયા વિચારમાં ખોવાઈ ગયા હતા એનો તાળો દેવાંગને ત્રણ વર્ષ પછી મળ્યો. અર્ચના માટે મુરતિયાની શોધ ચાલતી હતી, પણ મેળ પડતો નહોતો. દેવાંગ મુંબઈથી આવ્યો ત્યારે પપ્પાએ મોં ખોલ્યું. ''બહુ મુરતિયા જોયા પણ મન માનતું નથી. તારો મિત્ર સૌરભ ક્યાં છે? મારી દૃષ્ટિએ અર્ચના માટે એનાથી ઉત્તમ કોઈ નથી.'' ''તારા પપ્પાની પરખ સો ટચના સોના જેવી છે.'' મમ્મીએ ઉમેર્યું, ''અર્ચનાને એ સુખી કરશે. આવો પાણીદાર અને નિખાલસ જમાઈ મળે તો આપણે કોઈ ઉપાધિ નહીં. તું એને ઘેર બોલાવ.''

દેવાંગને આનંદ થયો. આ ત્રણ વર્ષમાં સંપર્ક રહ્યો નહોતો. મિત્રો પાસેથી માહિતી મળી કે સારા રેન્ક સાથે સી.એ. થઈને સૌરભ એક મલ્ટીનેશનલ કંપનીમાં જોડાયો છે. દેવાંગ એની ઑફિસે પહોંચ્યો. આલિશાન ચેમ્બરમાં બ્રાન્ડેડ વસ્ત્રો અને બૂટ છતાં, સૌરભના ચહેરા પર હજુ એ જ નિખાલસતા ઝળહળતી જોઈને દેવાંગની આશાને ટેકો મળ્યો.

''મુંબઈમાં મામાના ધંધામાં જોતરાયા પછી અમદાવાદ નહોતું અવાતું. આ વખતે બે દિવસનો ચાન્સ મળ્યો એટલે તને શોધી કાઢ્યો. હાઉ ઈઝ લાઈફ?'' આટલું કહીને સૌરભનો જવાબ સાંભળવા એણે ખુરશી નજીક ખેંચી. ''સારો પગાર છે, કંપનીએ ફર્નિશ્ડ ફ્લેટ અને કાર માટે વગર વ્યાજે લોન આપી છે. સ્વપ્નામાં પણ નહોતું જોયું એવું સુખ સાચુકલું મળ્યું એટલે ભાગ્ય ઉપર ભરોસો નથી બેસતો.'' આટલું કહીને એણે દેવાંગ સામે જોયું. ''અલબત્ત, અંદરથી નથી બદલાયો. ફૂટપાથની હોટલમાં વીસ રૂપિયામાં જમીને આખો દિવસ સાઈકલ લઈને દોડતો હતો, એ જ સૌરભ છું.''

''હવે તો વ્યવસ્થિત જમે છે ને?'' પરોક્ષ રીતે જાણકારી મેળવવા દેવાંગે પૂછ્યું. ''હવે સમયસર ના જમું તો કલ્યાણી કકળાટ કરી મૂકે.'' સૌરભ બોલ્યો એટલે દેવાંગ આશ્ચર્યથી તાકી રહ્યો. ''અચાનક તદ્દન સાદાઈથી લગ્ન કર્યાં એટલે કોઈ મિત્રને નહોતા બોલાવ્યા.'' એનો અવાજ ગંભીર બન્યો. ''સી.એ.નું રીઝલ્ટ આવ્યું એ અગાઉ માતા-પિતાને ગુમાવી

ચૂક્યો હતો. નોકરી ના મળે ત્યાં સુધી બોર્ડિંગમાં રહેવા માટે સંમતિ મેળવી લીધેલી.

નોકરીનો ઑર્ડર આવ્યો એ જ અરસામાં એક કરૂણ ઘટના બની. ગૃહપતિ હરિકાકા સવારે દૂધ લેવા જતા હતા ત્યાં કોઈ વાહનની ટક્કરથી અવસાન પામ્યા. બચતના નામે મીંડુ અને આવક બંધ. ઉપર આભને નીચે ધરતી જેવી દશામાં માજી અને દીકરી કલ્પાંત કરતા હતા.'' એના અવાજની વેદના વધુ ઘેરી બની. ''બોર્ડિંગમાં રહ્યો એ વર્ષો દરમિયાન હરિકાકા, કાકી અને એમની દીકરી કલ્યાણીનું અનાયાસે નિરીક્ષણ કરેલું. બારમા પછી કલ્યાણીએ અભ્યાસ છોડી દીધો હતો. દેખાવે નમણી ને આખા ઘરનું કામ સંભાળતી હતી.

માજી માથું પટકીને રડતાં હતાં કે હવે ક્યાં જઈશું ને શું કરીશું? દેવા, સતત અભાવમાં ઉછર્યો છું અને ગરીબીનો પૂરો પરિચય છે. કાચી સેકન્ડમાં નિર્ણય લઈને મેં પૂછ્યું કે મારા ઉપર ભરોસો છે? તમારી દીકરી દુઃખી નહીં થાય ને તમે પણ સાથે રહેજો.'' ઊંડો શ્વાસ લઈને એણે ઉમેર્યું. ''આકાશમાંથી જાણે કોઈ દેવદૂત આવ્યો હોય એમ ભીની આંખે માજી મારી સામે તાકી રહ્યાં ને કલ્યાણીએ મારા પગ પકડી લીધા. એનાં આંસુનો અભિષેક મારા પગ ઉપર થતો હતો. આમ, ગરીબ મા-દીકરીને બેહાલ થતાં બચાવ્યાં અને ઘરસંસાર વસાવ્યો.''

સામે બેઠેલા સૌરભના વિરાટ વ્યક્તિત્વ સામે આદરભાવથી તાકી રહેવા સિવાય દેવાંગને હવે કંઈ બોલવાનું નહોતું.

***''બાજ ખેડાવાળ'' પત્રિકાના સૌજન્યથી***

## વિદેશી હૂંડિયામણ

જે દેશ પાસે વધારે વિદેશી હૂંડિયામણ હોય એ દેશ વધારે મજબૂત મનાય છે અને તેનો દબદબો દુનિયાભરમાં રહે છે.

જે દેશ વધુને વધુ નિકાસ કરતો હોય તેની પાસે વિદેશી હૂંડિયામણની આવક સારી રહે છે.

વિદેશી હૂંડિયામણમાં અગ્રતાક્રમે આવતા દેશોની યાદી નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| ૧. | ચીન | અંદાજે ૩.૪૧ ટ્રીલિયન ડોલર |
| ૨. | જાપાન | અંદાજે ૧.૨૬ ટ્રીલિયન ડોલર |
| ૩. | સ્વિટ્ઝરલેન્ડ | અંદાજે ૯૩૨ અબજ ડોલર |
| ૪. | તાઈવાન | અંદાજે ૬૦૨ અબજ ડોલર |
| ૫. | ભારત | અંદાજે ૫૪૧ અબજ ડોલર |

ભારતે મોબાઈલ, સેમિ કન્ડક્ટર તથા અન્ય આઈટમોની હજુ પણ વધુ પ્રમાણમાં મેન્યુફેક્ચરીંગ કરી તેની નિકાસ કરવી જોઈએ અને દુનિયાના દેશોમાં હજુ પણ વધુ અગ્રતાક્રમ જાળવવો જોઈએ. ■

***સિગારેટને રસ્તા ઉપર આ રીતથી ન ફેંક ભાઈ,***
***આ દેશમાં ચંપલ ઘણાં તળીયેથી કાણા હોય છે.***

***– ભાવિન ગોપાણી***

***અફસોસ કેટલાય મને આગવા મળ્યા,***
***ગાલીબને મારા શેર નથી વાંચવા મળ્યા.***

***– ભરત વિંઝુડા***

## ગુજરાત દેશમાં મોખરે

૧૫,૮૫૦ મેગાવોટ પવન ઉર્જાના ઉત્પાદન સાથે ગુજરાત દેશમાં મોખરે.

ગુજરાતમાં ૧૩.૪૫ લાખ રૂફ ટોપ સોલાર ઈન્સ્ટોલેશન કાર્યરત કે જેના દ્વારા ૭૪૦૮ મેગાવોટ વીજ ઉત્પન્ન કરાઈ રહ્યું છે.

કચ્છના ખાવડા રીન્યુએબલ એનર્જી પાર્ક વિશ્વનો સૌથી મોટો ગ્રીન એનર્જી પ્રોજેક્ટ ગણાય છે.

સૌર ઉર્જામાં (સોલાર રૂફ ટોપ તથા રીન્યુએબલ એનર્જી) ૩૨,૩૦૨ મેગાવોટ વીજ ઉત્પાદન સાથે ગુજરાત રાજ્ય દેશમાં બીજા ક્રમે આવે છે. ■

## ભારતમાં ભણવા આવતા વિદેશી વિદ્યાર્થીઓ

અખિલ ભારતીય સર્વેમાં જણાવાયા અનુસાર ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષમાં ભારતની ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૭૩ દેશોના ૫૮,૧૩૪ વિદેશી વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હતો.

૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષમાં સૌથી વધુ નેપાળમાંથી ૨૪.૧% વિદ્યાર્થીઓ આવ્યા. એ પછીના ક્રમે યુ.એ.ઈ.માંથી ૭%, અમેરિકાથી ૫.૯%, બાંગ્લાદેશથી ૫.૯%, નાઈજીરીયાથી ૫.૫% જ્યારે ઝીમ્બાબ્વેથી ૪% વિદ્યાર્થીઓ આવ્યા હતા. બાકીના વિદ્યાર્થીઓ અન્ય ૧૬૭ દેશોમાંથી આવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ભારતના કર્ણાટક અને પંજાબ રાજ્યો સૌથી વધુ પસંદગીપાત્ર રહ્યા છે. ■